કુમાર

ભાદરવો
૧૯૯૨

આવતી કાલનાં નાગરિકોનું માસિક



તંત્રી-રવિશંકર રાવળ · સંપાદક બચુભાઇ રાવત

સળંગ અંક ૧૫૩મો

કુમાર

ભાદરવો ૧૯૯૨

અંક ૧૫૩

મુદ્રક · ખચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; ૭ માસિક લવાજમ રૂ. ૩; છુટક નકલના ૧૦ આના; મુંબઇના એજન્ટો · આર.આર. શેઠની કંપની, અને સી જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ; જાહેર ખબરના સોલ એજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ



જન્મોત્સવ
ચિત્રલેખા • કુ. શકુન્તલા

કુમાર

ઉત્થાન

સ્રગ્ધરા

સંસ્કારોની સુધાનાં સુભગઝરણને શોધવાને મચેલા
વીરોએ વાયુ ખેડ્યા, અતલતલ હવાસિંધુના તાગ લીધા;
અદ્રિનાં શૃંગ ખૂંદ્યાં ગહન ગિરિવરો ગૌરવે જેર કીધા,
ભૂમિથી અર્ણવોને સમથલ સફરો કાજ સૂહેલા બનાવ્યા.

પૃથ્વીપેટાળ થાપી અલકનગરીઓ, ધાતુકોષો ધકેલ્યા,
સૃષ્ટિનાં સર્વ તત્ત્વો વશ કરી વરતી ગૂઢ લીધાં રહસ્યો;
વિજ્ઞાનોને વધાર્યાં, નિતનિત નવલા રિદ્ધિભંડાર ખોલ્યા,
સ્વપ્નાદર્શોની સિદ્ધિ પ્રકટ લહી મનોભાવને મૂર્ત કીધા.

ઉત્પાદેલાં બળો એ સરજન નવલાં ભવ્ય ઉત્થાન માગે,
નાના ગોળો વટાવી અપરિમિત વિષે ધીર વિસ્તાર સાધે;
પક્ષીનાં, વ્યક્તિઓનાં, જનપદહિતનાં, બંધનો રાષ્ટ્રનાં યે
તોડી-ફોડી-વછોડી પ્રમુદિત પગલે મુક્તસંસાર થાપે.

શસ્ત્રો ક્યાં? અસ્ત્ર છૂપ્યાં, વિપદવિષમનાં સૈન્યનાં સૈન્ય થંભ્યાં,
પોઢેલા પ્રાણ જાગ્યા, પરિમલ પ્રગટ્યા, માનવીભાવ મહેક્યા.

રામપ્રસાદ શુક્લ



મારી નજરે


● જાપાન વિષે યુરોપમાં માર્કોપોલોએ પહેલવહેલી માહિતી આપી હતી અને તેણે પોતાનાં પ્રવાસવર્ણનોમાં તેને ઝિપાંગુ દેશ તરીકે ઓળખાવ્યો હતો. તે પરથી તે જાપાન નામ પ્રચારમાં આવ્યું; પણ જાપાનવાસીઓ તો પોતાના દેશને 'નાપોન' કહે છે. બેત્રણ બેટના ટુકડા પર રચાએલો એ દેશ ઉત્તરથી દક્ષિણ સુધી ૩૦૦૦ માઇલ લંબાઇનો થાય છે અને તેના કિનારાનો ઘેરાવો લઇએ તો ૩૪ા હજાર માઇલ થાય. વચ્ચે તો બે બાજુના દરિયા વચ્ચે જમીનનો પટ માત્ર ૫૨ માઇલ જેટલો છે. જાપાનની ખરેખરી વસ્તી તો નીચેના પ્રદેશમાં છે. ઉત્તર તરફનો ઘણો ભાગ બારે માસ બરફમય રહે છે. આથી નીચેના ભાગમાં ઘીચ વસ્તી અને મોટાં શહેરો વસ્યાં છે. કુલ ૧૦૧ શહેરો છે તેમાંથી બાવીસની વસ્તી તો એક લાખ ઉપરની છે. પાટનગર ટોકિયોમાં સાઠ લાખ માણસ છે અને ઓસાકામાં ત્રીસ લાખની વસ્તી છે. કોબેમાં જ દસ લાખની ગણત્રી છે આથી જાપાનમાં વનવગડો કે પહાડ પણ સૂનો નથી રહેતો. બધે માનવીઓ તરવરતાં જ લાગે.

જાપાન પોતાના વતન માટે બહુ મમત્વ અને ગૌરવ રાખે છે એટલી જ તેની કીર્તિ પ્રચારવા અને પરદેશીઓને આકર્ષવા ઇંતેજાર રહે છે પણ એની પાછળ કશીય ઉકેલ નથી પરદેશીઓ તેમના દેશમાં દુઃખી ન થાય કે મુંઝવણ ન પામે તેની અતિશય ચીવટ રખાતી જોવામાં આવે છે. દરેકેદરેક શહેરની મુખ્ય જગ્યાએ જાપાન ટૂરિસ્ટ બ્યૂરો હોય છે; ત્યાં જાઓ તો તરત તમને જાપાન વિષે જે માહિતી માગો તે અંગ્રેજી ભાષામાં સમજાવનાર મળી જ રહે. નકશા, ચોપાનિયાં વગેરે કેટલું યે મફત આપે. તે ઉપરાંત તમે પ્રવાસની મુદ્દત જણાવી તમારો પ્રવાસક્રમ કરી આપવા કહો તો ટાઇપ કરેલા કાગળ પર તમને ટ્રેનોના ટાઇમ, વિવિધ સ્થળોએ પહોંચવાનો વખત, ત્યાં મળતી મુકામની સગવડ અને ખર્ચ વગેરેનો અંદાજ ઘડી આપે ત્રણ દિવસ કે તેર દિવસ, જેવી વખતની ત્રેવડ માગો તેવો પ્રોગ્રામ પાઇનો યે ખર્ચ લીધા વિના કરી આપે. અમે એ રીતે કોબેથી ટોકિયો જતાં પહેલાં હાકોને સરોવર, ફુજીયામા પર્વત વગેરે મુખ્ય સ્થળો બે દિવસમાં જોઇ લેવાનો ક્રમ ઘડાવી લીધો હતો.

પણ ટોકિયો તરફ પ્રયાણ કરતાં પહેલાં અમે સંસ્થાઓ જોવાને જે ભલામણો કે ગોઠવણો થયાના સંદેશાની મિ. સહાય તરફથી આશા રાખતા હતા તેને ઢીલ થઇ તે દરમિયાન કોબેમાં રહી આસપાસ જે કંઇ જોવાય તે જોવા માંડયું. તે પૈકી નારા એક મુખ્ય આકર્ષણ હતું અમને દોરનારા અનુભવી અને છૂટા હોત તો અમે ઘણું વધારે જોઇ શકત છતાં માત્ર બેપાંચ જે મુખ્ય સ્થળો જોયાં તેની ખુમારી ન જાય એવી ચડી રહી છે.

નારા જવાને તો ઘણા ગુજરાતી, કાઠિયાવાડી વેપારી મિત્રોએ સાથ આપ્યો. એક રીતે એ નવા મિત્રોની આખા દિવસની સોબતે વિશેષ પરિચય બાંધવાની સુંદર તક સાધી આપી પણ તે સાથે જે મનન અને એકાગ્રતાથી એ સ્થળ જોવું જોઇએ તે ન બન્યું બે અઢી કલાકની મુસાફરીમાં બેએક સ્થળે ગાડી બદલાવતા અમે નારાની ટ્રામટ્રેનમાં ચડ્યા ત્યારે લગભગ દરેક જણને ઊભા જ રહેવું પડયું હતું. જાપાનમાં ટ્રામ, ટ્રેન કે બસમાં ઊભા રહેવાય ત્યાંસુધી કોઇને અંદર પેસવાનું રોકાણ થતું નથી. ઊભા રહેનાર માટે ગાડીઓમાં પકડી રાખવાના પટા ઝુલતા જ હોય ખભેખભા ઘસાય કે હૈયેહૈયું દબાય ત્યાંસુધી માણસો ભરાય છતાં કોઇનો કચવાટ કે ઘોંઘાટનું નામ મળે નહિ રવિવાર હતો એટલે કેટલીયે શાળાઓના નાના મોટા વિદ્યાર્થીઓ અને છોકરીઓનાં ધાડાં ચાલી નીકળેલાં તેમની યે રાડારાડ કે રોકકળનું નામ નહિ નારા પહોંચતાં આ બધા સંઘો, તેમની મુદ્રાઓ, ઉત્સાહ, શાંતિભર્યું દર્શન અને જોવાની ઉલટ દરેક પળે તેમની કેળવણી અને તાલીમનો પરચો આપી રહ્યાં હતાં. એ બધાં તો ટ્રેનમાંથી ઊતર્યાં કે હારબંધ થઈ શિક્ષકો અને શિક્ષિકાઓ પાછળ ચાલતાં નારાના ઉપવન તરફ ચાલતાં જ થયાં. અમે બેત્રણ બસોમાં ઠસાઈ એ જ માર્ગે ગતિ કરી પણ તેમાં રસ્તા, દુકાનો અને લોક-જીવન કશું જ મનમાં ઝડપાયું નહિ. જ્યારે પગે ચાલવાનું શરૂ કર્યું ત્યારે જ અમને આ યાત્રાનો રોમાંચક અનુભવ થવા લાગ્યો.


● 'નારા' જાપાનનું એક મોટું ધર્મધામ છે, જાપાન સ્થાન બદલતી શોગુન રાજસત્તાએ ત્યાં જાહોજલાલી જમાવી હતી. શોગુનોએ જ સાતમા સૈકામાં બૌદ્ધ ધર્મને અપનાવેલો એટલે તેઓ જ્યાં જામ્યા ત્યાં એમના કુલધર્મની ખૂબ જ પ્રતિષ્ઠા કરી. નારામાં દસમા સૈકામાં તેમણે એક મોટી કાંસાની મૂર્તિની સ્થાપના કરી. તે આસન સાથે ૫૩ ફૂટ ઊંચી છે. તેમાં ૪૮૮ ટન ત્રાંબુ વપરાયું છે અને તેના ભામંડળની શોભામાં ૩૫૦ રતલ સોનું વપરાયું છે. આ મૂર્તિની ઉપર અને આસપાસ ચીનાઇ જાપાની ઢબનું દેવઘર કરી લીધું છે તેમાં પત્થર મુદ્દલે નથી. રતંભો પણ હજારો વર્ષનાં જૂનાં વૃક્ષોનાં થડોમાંથી થયા છે. આ વૃક્ષો સીધાં સુગોળ મોટા ઘેરાવાનાં જાપાનમાં જ ઊગે છે તેને પાણી કે સડાની અસર પહોંચતી નથી. એકાદ વાર આ કાષ્ઠમંદિર બળી ગયું હતું પણ ધાતુની મૂર્તિને આંચ પહોંચી નહોતી. પ્રાચીન કાળથી જ ધાતુનું રસાયણ સમજનાર જાપાની પ્રજાએ કેટલા લાંબા સમયથી હુન્નરપ્રવીણતા કેળવી હતી તેનો આ મૂર્તિ અજબ નમૂનો છે. મંદિરની આસપાસ માઇલોના વિસ્તારમાં ટેકરીઓ અને ઝરણાંવાળો સુંદર પ્રદેશ નવા જમાનાના ઉપદ્રવોથી અને ઓછાયાથી ખાસ બચાવી લીધો છે. એની હદમાં કોઇ શિકાર કે મત્સ્યવિંઝન કરે જ નહિ એવી પવિત્રતા સૌએ સેંકડો વર્ષોથી પાળી છે. ઉદ્યાનમાં હરણો નિર્ભય અને સ્વચ્છંદ ફરતાં જોઇ બહુ જ આનંદ થાય છે એટલું જ નહિ પણ આગંતુકોના હાથમાંથી તેમના માટે મળતી પૂરીઓ ખાતાં જોઇએ ત્યારે અહિંસા અને પ્રેમના



રાજ્યની સુંદર સમાધિ અનુભવાય.

નારાના ઉપવનમાં અમુક હદ સુધી જ મોટરબસ જઇ શકે છે. પછી તો ચઢાણ ઊતારવાળા લીલાછમ ઊંચા વૃક્ષકુંજે શોભતા વાંકવળાંકો, નાનકડા કમાનદાર પૂલો, લાલચટાક તોરણસ્તંભો વગેરે જોઇ ઉપવનનું સૌંદર્યે સાચવી માનવી કેવો ઉપભોગ કરી શકે તેનું આદર્શ સમજાયું ઊંચાનીચા પગથારો પરથી જાપાની રમણીઓ પોતાનાં બાળકોને પીઠ પર લઈ અથવા આંગળીએ રાખી જૂથના જૂથમાં જોઇએ ત્યારે લાગે કે સ્વર્ગનાં કબૂતર ઊતરી આવ્યાં. અવાજ વગર પણ ઉત્સાહી મુમુક્ષુ બાળવિદ્યાર્થીઓ ઘણીવાર અમને અને અમારા સાથમાંની હિંદી સન્નારીઓને જોવા ઊભા રહી જતા પણ કદી કોઇએ અડપલાં કે ટીખળ કે હોહાહીહી કરી જાણી નથી. નારાના લીલાછમ ઉદ્યાનમાં દેવમંદિરો લાલચટાક રંગેલાં જોઇએ ત્યારે એ મારવાડગેરા રંગની જુદી જ સાર્થકતા લાગતી. એક વૃક્ષ લગભગ પાંચેક જુદાંજુદાં ડાળાંપાંખડાં ઉગાડતું જોયું અને બીજાં ય હજાર ઉપર વર્ષનાં ૫૫૫ ઝાડો રક્ષાએલાં જોયાં.

આ બધાં દેવમંદિરોના પૂજારીઓ ઘણા સ્વચ્છ અને કેળવાએલા જણાયા. તે બધા આ પ્રદેશને ચોખ્ખો, સુંદર અને આકર્ષક રાખવાની કળામાં નિષ્ણાત જ હશે કારણકે કોઇએ પણ વિસંગત લાગતા પોશાક કે પદાર્થો ક્યાંય પણ રહેવા દીધા નહોતા. ઉપવનના કોઇ ખૂણે પણ પાંદડાં કે કચરાના ઉકરડા થવા દીધા નહોતા આવા કુદરત અને માનવીના સંપ વચ્ચે અમે કળાના કળશ સમી મંદિરની નર્તકીઓ જોઈ. એવી સુપ્રસન્ન તેજભરી કન્યામૂર્તિ સ્વચ્છ સફેદ ઝભ્ભા નીચે ઝળકી રહેલા કેશરી ચણીઆ સાથે હરિણી જેવી ચપળતાથી પગથિયાં કૂદાવતી માનવમેદનીમાંથી નીકળી જતી જુઓ ત્યારે જાણે પારિજાતકનાં ફૂલ ખર્યાં એવું લાગે. અમારી મંડળીએ તેમનાં નૃત્ય જોવા આગ્રહ રાખ્યો એટલે મંદિરના નૃત્યભવનમાં તેમની માતા સમી કોઇ વડીલ બાઇએ અમને માન આપી બેસાડ્યા. એક પૂજારીએ તંતુવાદ્ય લીધું અને પેલી પારિજાતકો વચ્ચોવચ વંદના કરતી ઊભી એક બે નાની ગોઠણે બેસી વંદના અને નૃત્યચેષ્ટા કરવા લાગી. ગાયનનો એક ઢાળ પૂરો થાય કે અચૂક છટાથી તેઓ પ્રણામ કરતી. અમે તેમના તાલછંદ સમજીએ નહિ પણ તેમના સુંદર મરોડ અને હળવી કુદડીઓથી તેમનું નૃત્ય ઊર્મિમય છે એટલું તો અનુભવ્યું. વધુ સમજાવે એવો કોઇ સાથીદાર નહોતો અને વખત પણ નહોતો. આ જ ઉદ્યાનમાં બીજું આકર્ષણ નારાનો પ્રચંડ ઘંટ છે. દરેક બુદ્ધ મંદિર આવા મોટા ઘંટ રાખવામાં ગહિમા માને છે. નારાનો ઘંટ બજાવવાને અદ્ધર એક મોટો વળો દોરડાથી તોળી રાખ્યો છે. તેને બીજે છેડે નાનકડો દોરડાનો છેડો લબડતો હોય છે તે પકડી વગાડનાર જરા આછો હિલાળો મારી ઘંટ પર ભટકાવે એટલે ઘંટ પર અથડાય અને તેનો સ્વર ઇતર લોકમાં પહોંચે એવી માન્યતા છે. અમારા મિત્રોએ કહ્યું, આ ઘંટ જેટલી વાર વગાડશો એટલી વાર જાપાન આવવું પડશે એ વાત નિશ્ચિત હોય તો મેં તો બીજી વારની ઇચ્છા કરી ઘંટ પર પેલું ડંગોરૂં ફંગોળ્યું છે. કર્મના દેવતાઓએ તેની નોંધ લીધી હોય તો હું તેમના આદેશ જરૂર પાળીશ. અને



અને તો તે દિવસની યાત્રા સ્વપ્નવત્ જ લાગી. કલાકો સુધી ક્યાંક પડ્યા રહેવાનું મળે, કલાકો સુધી પેલાં દેવનૃત્યો જોવાનું મળે, હરણો અને બાળકોને સ્નેહ કરતાં જોયાંનો ધરવ થાય ત્યારે જ યાત્રા પૂરી થઇ માનું. પણ ગણત્રીની દુનિયામાં તરંગીનું કોણ સાંભળે? ઘડિયાળ જોતા બન્ધા મિત્રોએ સ્ટેશન તરફ ઇશારા ચલાવ્યા પણ વચમાં વળી એક લીલીછમ ટેકરી આગળ નારાના કૅમેરાવાળાનું જૂથ આડું પડ્યું. જાપાનમાં વગર સ્ટુડિયે આમ રસ્તા પર ફોટોગ્રાફી કરી કમાઇ લેનારા હજારો મળે છે. બધો સાજ બગલમાં; કોઇવાર એકાદ સાથી રાખે અથવા પોતે જ ભાંગીતૂટી અંગ્રેજી જાપાની બોલી ઘરાકને નમૂનાનો તકતો બતાવી બે મિનિટ સ્થિર કરી કે કૅમેરા પર પ્લેટ ચડાવી મુકીને ચાંપનો દડો દબાવી લે, પણ દરેક જણ ધંધામાં એકમત. માત્ર નામનું ખર્ચ પહેલું લઇ તમે માગેલ નકલો માગેલ સ્થળે મામૂલી કીમતે પહોંચતી કરવાનો. આવી સગવડ જોઇ અમને આ પ્રસંગની સ્મૃતિ રાખવા સહેજ લોભ થયો અને અહીં આપેલી છબી પડાવી લીધી. ઘેલાં હરણો થોડી પુરીઓની લાલચે નારાની સાક્ષી આપતાં ખડાં રહ્યાં છે.

નારામાં બીજું ઘણું યે જોવાનું હતું, પણ આવા મોટા મોટા ધામના ઝાંપે એ શહેરની પ્રસિદ્ધ ચીજો, કારીગરીઓ મૂર્તિઓની દુકાનોની હાર લાગી હોય છે. તેમાં નારાની પાણીદાર ધારદાર છરીઓ, છરાઓ અને તલવાર પહેલું ધ્યાન ખેંચે છે. ઉપરાંત ધાર્મિક માળાઓ, ચિહ્નો, મૂર્તિઓનો પાર નથી. ઢાળાકામ પણ ઘણું જ. અમે પણ મોટી બુદ્ધ મૂર્તિના નાના નમૂના અને થોડો સામાન ખરીદ્યો. નારા ઉદ્યાનની બાજુમાં પ્રાચીન મૂર્તિઓનું આબેહૂબપણું અને અદ્દ્ભુત કોતરકામ જોઇ આશ્ચર્યમગ્ન થઇ ગયા. ધર્મચિહ્નો અને પ્રતીકો પ્રચારવાની એક નવી જ રીત નારામાં જોઇ. મંદિરની ભીંતો પર જૂના વખતના સાધુઓએ દેવચિત્રો મોટી પત્થરશિલાઓ પર કોતરી રાખેલાં છે તે પર તમારી મેળે શાહી ચોપડી કાગળ દબાવી લો એટલે તમને ચિત્ર મળી રહે. આમ હજારો લોકોને ધર્મસ્મૃતિ મફતમાં આપવાનું સદાવ્રત ચાલુ જ રહે છે. ઘણી મૂર્તિઓ તો સીધેસીધી ભારતવર્ષની કળાની જ પ્રતિછાયા હતી. જાપાનના કલાકારોએ કેટલી સમાધિથી એ કામ પાર ઉતાર્યું હશે?

નારા જેમ પવિત્ર ધર્મધામ છે તેમ આજના જાપાનની સ્ત્રીકેળવણીનું પણ એક મથક છે. ત્યાં આખા જાપાનની સ્ત્રી-શિક્ષિકાઓ કેળવનારૂં કન્યાવિદ્યાલય છે. એ જોવાને અમે એક રાત નારાની હૉટેલમાં રોકાયા. અમારી રહેલી મંડળીના નેતા દુર્લભજી ઍન્ડ કો. વાળા શ્રી મણીભાઇ બેનાણી હતા. આલીશાન શાહી ઢબની નદી પર આવેલી એ હૉટેલમાં અમને સ્ટીમરના વૈભવો અને ઠાઠ મામૂલી લાગ્યા. ત્યાંના શિષ્ટાચાર, વિવેક અને સગવડો હજુ અનેક બીજા નમૂનાઓને તોલે ઊણા લાગશે માની હમણાં નહિ વર્ણવું. પણ અમે જોયું કે હૉટેલના મુખી અને માલિકે અમને પરદેશી જાણી વધુમાં વધુ હાજરી અને ધ્યાન આપી અમારૂં સ્વાગત કર્યું. સવારે અમે કન્યાવિદ્યાલય જોવા ગયા ત્યારે પણ સાથે ને સાથે રહ્યા. તેમજ ત્યાં જવાનો વાહનખર્ચ પણ અમારા પર ન ચડાવ્યો. એ સંસ્થાએ જાપાનના બાળકોને અને કન્યાઓને સ્વર્ગનાં અધિકારી બનાવ્યાં છે એ કહેવાથી તેની કીમત સમજાય નહિ તો તેની વિગતો અને વર્ણનોથી પણ કશું વળે તેમ નથી. જે જીવનમાં છે તે શબ્દોમાં બતાવવું અશક્ય લાગવાથી છોડી દેવું પડે છે. છતાં વખતોવખત તેનો ઉલ્લેખ કરવો જ પડશે. નારામાં પછી બીજા પ્રસંગો પ્રાપ્ત થયા તેને હાલ બાજુ રાખી અમે જાપાનના બીજા પ્રદેશમાં થોડું ભમી આવ્યા તેની વાત કહી નાખું. (ચાલુ) ર.મ.રા.

મરતી વખતે યે હિંદ પ્રત્યે પ્રેમનો સંદેશ પ્રેષનાર, કોઇ પણ હમવતનીથી ન ઊતરે એટલી હિંદની દાઝ હૈયે ધરાવનાર ને જગતને કોઈપણ ખૂણે કચડાતી માનવતાથી સળગી ઊઠનાર પાકદિલ પરદેશી



ડૉ. જાબેઝ ટી. સંડરલૅંડ

હિંદના રાજકારણમાંથી અસ્ત થતા એક પછી એક સિતારાઓમાં તાજેતરમાં એક નવું જ નામ ઉમેરાયું છે. પોતાના વતન કરતાં પણ હિંદના વધુ ઉપાસક, ભારતીય સંસ્કૃતિ અને ધર્મના અઠંગ અભ્યાસક અને સ્વ. તિલક ગોખલે કે મહાત્મા ગાંધી જેટલો જ હિંદી સ્વાતંત્ર્યનો આતશ ધરાવનાર એ પરદેશી મહર્ષિ તે 'પરાધીન ભારત'(India in Bondage)ના લખનાર અમેરિકન પાદરી ડૉ. જાબેઝ ટી. સંડરલૅંડ. ભારતના લાલ જેવા લાલાજીના મૃત્યુ સમાચાર સાંભળી રડી ઊઠનાર, બીજે જન્મે હિંદમાં જન્મવાની સતત ઝંખના રાખનાર એ પાકદિલ પાદરી ગઈ ૧૮મી ઑગસ્ટે જ દેવશરણ થયા. હિંદુસ્તાનમાં એ ખબર બહુ મોડા આવ્યા. હિંદની સ્વતંત્રતા અર્થે જિગર વલોવી મથનાર એ મહાન અને વિરલ વ્યક્તિની ખોટ હિંદુસ્તાનથી જલદી નહિ ભૂલાય.

ઈંગ્લંડના યૉર્કશાયરમાં ઇ. ૧૮૪૨માં ડૉ. સંડરલંડનો જન્મ થએલો. તેમની બે વર્ષની વયે તેમનાં માબાપ અમેરિકાનાં વતની બનેલા. ૧૮૬૭માં શિકાગોની યુનિવર્સિટીના ગ્રૅજ્યુએટ થઇ એમણે '૬૯માં માસ્ટરની ડિગ્રી મેળવી. ૧૮૭૦માં ટફ્ટ્સ યુનિવર્સિટીના બૅપ્ટિસ્ટ મિનિસ્ટ્રીમાં જોડાયા. ત્યારથી અમેરિકા ને કૅનેડાનાં અનેક દેવળોમાં તેઓ પાદરી તરીકે કામ કરતા રહ્યા હતા. ૧૮૯૫ની બ્રિટિશ અને ફોરીન યુનીટેરિયન એસોસીએશન તરફથી પહેલવહેલું હિંદમાં આવવું થયું એ વખતે ભારતીય ધર્મ, સમાજ ને શિક્ષણનો તેમણે ખાસ અભ્યાસ કર્યો. બધા સુધારકોને મળ્યા અને ખાસ કરીને બ્રહ્મોસમાજનો બહુ નિકટનો પરિચય સાધ્યો. 'મૉડર્ન રિવ્યૂ'-વાળા સ્વનામધન્ય શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાયની ત્યારથી તેમને મૈત્રી બંધાઇ, જે મૈત્રી માટે એઓ જીવનભર મગરૂર રહેલા. તેમની એક માત્ર ઇચ્છા આ જીવનમાં બાકી રહેલી ને તે છેવટ સુધી ન પૂરાઇ—પૂ. મહાત્માજીને રૂબરૂ મળવાની.

પીડિત માનવતા માટે ડૉ. સંડરલૅંડનું હૃદય હંમેશાં કકળી ઊઠતું. હિંદ માટે તો જાણે એમણે જીવન સમર્પણ કર્યું હતું. અમેરિકામાં આંતરવિગ્રહ જાગેલો ત્યારે પણ તેઓ હબશીઓને સ્વાતંત્ર્ય અપાવવાની તરફેણમાં લડેલા. ને ઝારિસ્ટ રશિયામાં કચડાએલા યહૂદીઓથી કરી આરબોને થતા અન્યાયો દૂર કરવા સુધીની બાબત સારૂ તેમણે જહેમત ઉઠાવેલી.

પૂર્વ ને પશ્ચિમને ન્યાય્ય સમજૂતી પર લાવવામાંજ તેમણે જીવનની ધન્યતા માની હતી. પૂર્વના બધા ધર્મો, બધી સંસ્કૃતિઓનો અભ્યાસ એ એમનો શૉખ હતે

ને એ પરદેશી એના પરિપાક રૂપે પૂર્વના લોકોને અનેકગણી પ્રેરણા આપતા રહેતા..

હિંદુસ્તાનની સાચી વસ્તુથી જગતને અને ખાસ કરીને અમેરિકાને વાકેફ કરવા તેમણે કરેલા પ્રયાસો ઓછા નથી. હિંદનું રૂદન તો તેમનાં પુસ્તકોમાં આંસુ જેમ ટપકેલા કલમના એકએક બુંદથી નીતર્યું છે.

ઇ. ૧૯૧૩–૧૪માં તેઓ બીજીવાર ઑલ ઇંડિયા થીઈસ્ટિક કૉન્ફરન્સના પ્રમુખ તરીકે આવી ગયા. એ અરસામાં તેમણે અમેરિકન યુનીટેરિયન એસોસીએશનમાં હિંદ, ચીન ને જાપાન પર ભાષણો આપ્યાં હતાં. ૧૯૧૮થી '૨૨ સુધી ઇંડિયન ઇન્ફર્મેશન બ્યુરોના પ્રેસિડેન્ટ, ૧૯૧૮થી '૨૧ સુધી લાલાજી સ્થાપિત 'યંગ-ઇંડિયા'ના તંત્રી અને ૧૯૨૩ થી '૨૮ સુધી ઇંડિયન સોસાએટી ઑવ અમેરિકાના પ્રમુખ તરીકેનો ઓદ્દો તેમણે સાચવ્યો હતો.

જીવનના અંતિમ કાળે તેઓ 'અમેરિકન લીગ ઑવ ઇંડિયાઝ ફ્રીડમ' ના પ્રમુખ, અને 'ઑલ વર્લ્ડ ગાંધી ફેલોશીપ'ના ઉપપ્રમુખ તરીકેની જવાબદારી સાચવી રહ્યા હતા. એમણે કુલ પચીસ પુસ્તકો લખેલાં છે. એમાંનાં પાંચ હિંદમાં પ્રસિદ્ધ થયાં છે, જેમાંથી 'પરાધીન ભારત' તો અવિસ્મરણીય જ છે. હિંદ સ્વાતંત્ર્યની લડતનું એ બાઇબલ ગણી શકાય.

ડૉ. રવિન્દ્રનાથ ટાગોર એ ગ્રંથ વિષે લખે છે કે, 'કોઇ પણ કલમમાંથી નીતરેલા કોઇ પણ પુસ્તક કરતાં હું એને વધુ માહિતીપ્રચૂર, વધુ વિશ્વસનીય અને વધુ ન્યાયી ગણું છું.'

આવા એ મહર્ષિના સહવાસમાં ચોવીસ વર્ષ રહેવાનું સદ્‌ભાગ્ય આપણા એક ભારતવાસીને સાંપડેલું. એ સહવાસની નોંધરૂપે સ્વ. ડૉ. સંડરલૅંડની વધુ ઓળખ કરાવતો આ નીચેનો પરિચય લેખ એમણે મુંબાઇના 'સ્વરાજ' પત્રમાં પ્રસિદ્ધ કર્યો હતો જે અત્રે ઉતાર્યો છે.

'યુધિષ્ઠિરની ધર્મભૂમિ તરીકે આપણે જે આર્યભૂમિને પિછાણીએ છીએ તે જ ભૂમિને પોતાની કર્મભૂમિ તરીકે મોટા અભિમાનથી સંડરલૅંડ સ્મરતા. તેમનું જીવનધ્યેય તેમ જ જીવનસર્વસ્વ હિંદની સ્વતંત્રતા માટે જ હતું. સ્વપ્નમાં પણ જેને હિંદુસ્તાન હતું તે મહાન વીર ૯૪ વર્ષે કાળવશ બન્યા તે જાણી કોને ખેદ ન થાય?

મેં ૨૪ વર્ષ મિ. સંડરલૅંડની સાથે ગુજાર્યાં તે મુદતમાં હું પરદેશમાં પારકા ઘેર છું એવો ભાવ પણ મનમાં કદિ થવા પામ્યો નહોતો. અમેરિકામાં આવતા સર્વ હિંદી વિદ્યાર્થીઓનું તે સાર્વજનિક ઘર હતું. કોઇપણ ગમે તે વખતે તેમની પાસે જાય અને પોતાની અડચણ દૂર કરી શકે. કાયા વાચા મનથી હિંદ માટે ઝૂરનાર આવો વીર ક્વચિત હશે. મિ. સંડરલૅંડ આજસુધીમાં હિંદનો પક્ષ જગતમાં રજુ કરવાને નાનામોટાં અનુમાને એક હજાર વ્યાખ્યાનો આપ્યાં હશે. સિતારના તાર પર હૃદય પીગળાવતા સ્વરોની જેવાં તેમનાં વ્યાખ્યાનો હિંદુસ્તાન વિષે ધન્યોદ્‌ગાર ઉચ્ચાર્યા કરતાં. તેમની લેખણી સ્વતંત્રપણે વિહાર કરનાર ગરુડથી પણ વધુ તીવ્રપણે હિંદી સ્વતંત્રતાની ગર્જના કરતી. મધ્યરાત્રિ થાય, સર્વ જગે શાંતિ પથરાય, તે વખતે મિ. સંડરલૅંડ કાગળ ખડિયો લઇ બેસે. ક્ષણમાત્ર હિંદનું ચિંતન કરે. એકાગ્રતા જામે કે તેમની કળકળતી કલમમાંથી ઝપોઝપ શબ્દસમૂહ છૂટવા લાગે અને પાનાં ને પાનાં ભરાઇ જાય. હિંદુસ્તાન માટે કોઈ પ્રસંગ આવે કે તેમની ભ્હાંમ્રો ચડે, આંખમાં અજબ ચમક આવે અને ક્ષણભર હિંદુસ્તાન સિવાયનું જગત વીસરી જાય.

એમના લેખો એટલે ખેતરમાં પાડેલા સીધા ચાસ જોઈ લ્યો. એક પણ અક્ષર ખોટો પડવાનો નહિ. એક પણ વિધાન વસ્તુસ્થિતિ બહાર નહિ હોય. માત્ર દોષ બતાવતા વખતે તેમના અક્ષર લથડે છતાં હિંદુસ્તાન માટે તેમાં યે અગાધ પ્રેમ તો ભર્યો જ હોય. દરેક લેખ લખાઇ રહે એટલે ફરી વાંચી કાઢતા. સવારમાં અમારામાંનું કોઈ તેમની પાસે જાય ત્યારે તેમને કેટલો આનંદ થતો! અમારા માટે તેમણે કંઇ શિષ્ટાચારનું બંધન રાખ્યું જ નહોતું. તેમનું ઘર અમારૂં ઘર હતું. ત્યાં અમારાં માબાપ, વડીલ જે કહીએ તે તેઓ જ હતા. અમને તે કદી 'મિસ્ટર' કહીને બોલાવતા નહિ. 'સોની' (બેટા) એવા પ્રેમાળ શબ્દથી તેમની હાંક પડતી. ૬૦૦૦ માઇલ દૂર એ શબ્દો અમારૂં મોટું આશ્વાસન થતા. 'બેટા, જો આ લેખ; આટલું ટાઇપ કરી નાખ બાપુ!' તેઓ કહેતા. મારા દેશ માટે લખાએલું લખાણ ટાઇપ કરતાં મને કેટલો આનંદ થતો? પણ તે આનંદ ક્ષણવાર રહેતો કારણકે તેમના અક્ષર ઉકેલતાં મને વાર લાગતી. તે વખતે તેઓ પ્રેમથી હસીને કહેતાઃ 'આ લેખ હિંદી સ્વતંત્રતાનો છે

અક્ષરની અડચણ વટાવી નથી શકતો તો પછી બીજી અડચણો ઓળંગી સ્વતંત્રતા કેવી રીતે મેળવવાનો હતો?' તેમના એ શબ્દોનું જાદુ એવું લાગતું કે હું ઉત્સાહી બની ટાઇપ કરવું શરૂ કરતો પણ ફરી અટકતો. ત્યારે મારી ધાંધલ જોઇ તેઓ પોતે જ લેખ વાંચી સંભળાવતા. પોતાના વિચિત્ર અક્ષરો માટે તેમને ઘણીવાર ખોટું લાગતું પણ તેથી કંઇ તેમની લાગણી ઓછી ન ગણાય.

તે યુનીટેરિયન ચર્ચના પાદરી હતા. ધર્મગુરુ તરીકે પોતાના મતની સખતાઇ બીજા પર તેઓ ન લાદતા. તેમને પોતાના કામનો મુસારો તદ્દન થોડો મળતો પણ તેમાં યે કરકસર કરીને હિંદુસ્તાનનાં સાત દૈનિકો લવાજમ ભરીને મગાવતા. એ દૈનિકો હાથમાં આવતાં જ પહેલા પાનાથી આખર સુધી અક્ષરેઅક્ષર વાંચી કાઢતા, મહત્ત્વની બાબતો પર લાલ પેન્સિલથી લીટા મારી દેતા અને સાંજે તેની કાપલીઓ ઉતારી સંગ્રહની ફાઇલમાં ચોડી દેતા. તે દૈનિકો ઉપરાંત બીજાં આશરે વીસ માસિકો ખર્ચ કરીને મંગાવતા. તેમનો આવો પ્રેમ જોઇને અનેક હિંદી પત્રકારો તરફથી મફત કે સસ્તા દરે કેટલાંક પત્રો મોકલાતાં પણ સંડરલૅંડને તે પસંદ ન પડતું. 'હું હિંદુસ્તાનના પૈસા માટે કામ નથી કરતો. આત્મત્યાગ અર્થે કરૂં છું. ગરીબ હિંદુસ્તાનની પ્રેમભરી બક્ષિસ સ્વીકારવા જેટલો મારો એ દેશ માટે એવડો મોટો આત્મત્યાગ ક્યાં થયો છે?' સંડરલૅંડની વિચારસરણી હિમાલયની ઉચ્ચતાથી પણ વધી જાય એવી છે.

હિંદ પ્રત્યેનો તેમનો પ્રેમ એટલો અગાધ હતો કે ક્ષણવાર કોઇ તેને આંધળો પ્રેમ કહે. હિંદુસ્તાનની આદર્શ સંસ્કૃતિએ મને ખરો માર્ગ બતાવ્યો છે એમ તે કહેતા અને એ સંસ્કૃતિપ્રેમને લઇને જ એ આજન્મ શાકાહારી બન્યા હતા. હિંદુ પદ્ધતિનું જમણ તેમને બહુ ગમતું. અમેરિકાની હિંદી ક્લબમાં તે વારંવાર જમવા આવતા. તે વખતે એવો આનંદ જમાવતા કે પરદેશમાં પડેલા મારા જેવા ઘણાને આશ્વાસન મળતું. તેમને શું ભાવતું? હિંદી રીતે કરેલો ઘીભર્યો સત્યનારાયણી શીરો, ગુલાબજાંબુ, રસગુલ્લા એ પદાર્થો તેમને ખૂબ ગમતા. દાળ, શાક, પાપડ, વડી ખાતાં પણ તેમને બહુ મજા પડતી.

લાલા લજપતરાયની સોબતમાં તેમણે ખરો વખત વીતાવ્યો હતો. લાલાજીની હિંદુસ્તાનમાંથી હદપારી થઇ તે વખતે અમેરિકામાં તેમના પર તૂટી પડેલા વાદળાને સંડરલૅંડે જ થંભાવ્યું હતું. લાલાજીનાં 'તરુણ ભારત' વગેરે પુસ્તકો તેમણે તપાસી જઇ પછી જ છપાવા દીધાં હતાં. વખતોવખત તે લાલાજીને સલાહસૂચનો આપ્યા કરતા ને લાલાજી તે માન્ય રાખતા. એ બે જણ વચ્ચે એટલો ગાઢ સ્નેહ બંધાયો હતો કે તેમાં ભેદ જેવું રહ્યું જ નહોતું. અમેરિકામાં અનેક કર્તવ્યપરાયણ હિંદી નરો હતા. પણ તેમાંના કોઇને પોતાનું 'યંગ ઇન્ડિયા' માસિક ન સોંપતાં લાલાજીએ સંડરલૅંડને જ તે સોંપ્યું. હિંદના સૌથી 'વિશ્વસનીય મિત્ર' તરીકે લાલાજી તેમને ગણતા. સાત વર્ષમાં લજપતરાયે સંડરલૅંડની ઉજ્જ્વલ ભારતભક્તિ પૂર્ણપણે નિહાળી. ઘણીવાર તેઓ એમને કહેતા કે, 'હિંદી લોકોને આપની ભક્તિનો પાસ લાગશે ખરો?'

તે જ પ્રમાણે એમના માટે સંડરલૅંડને પણ એટલો જ ઉગ્ર પ્રેમ હતો. સડક પર પોલીસોએ લાલાજીને છાતીમાં લાઠીનો માર માર્યો એ જાણતાં તેમનો સાત્વિક સંતાપ ઊભરાઇ ઊઠ્યો. તે દિવસે કોઇ જોડે તે બોલ્યા નહિ કે કંઇ જમ્યા નહિ. આખરે આ દુઃખવાર્તાનું છેવટ આવ્યું. લાલાજી મૃત્યુ પામ્યા. પડેલા મારથી જ એ બન્યું એવી હકીકત જાણતાં સંડરલૅંડ ચક્કર ખાઇ બેસી ગયા. ક્ષણ પછી કપાળ કૂટયું અને તેમની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. તેમના પ્રત્યેક વિચારવમળમાં લાલાજી દેખાવા લાગ્યા. એટલા બધા શોકમગ્ન દેખાવમાં અમે સંડરલૅંડને કદી જોયા નહોતા. પોતાનો સગો ભાઇ મરી ગયો હોય એટલું એમને લાલાજી માટે દુ:ખ થયું.

અમેરિકામાં લાલાજીના અવસાન નિમિત્ત અમે સર્વ હિંદવાસીઓએ એક સભા ભરી હતી. ૫૦૦ જેટલાં માણસો હતાં. એ સભાના મુખ્ય હોતા સંડરલૅંડ હતા. સભાની શરૂઆત થઇ. લાલાજી માટે બે શબ્દ કહેવાનો સંડરલૅંડ પર પ્રસંગ આવ્યો. પણ એવડો મોટો ધીર વીર પુરુષ ઊભો થતાં જ તેનો કંઠ ભરાઇ ગયો. 'લાલાજી' એટલું બોલ્યા પછી આગળ જવાય જ નહિ. ફરી બળ કરી 'લાલાજી' એટલો જ ગદ્‌ગદ્ સ્વર બહાર પડ્યો. બસ, તેમનું ધૈર્ય ખૂટી પડ્યું. મોટી સભામાં યે તેમને ભાન રહ્યું નહિ. ફરી 'લાલાજી' બોલી નીચે

બેસી ગયા. આંખમાંથી અશ્રુગંગા ચાલી. સર્વને આશ્ચર્ય થયું કે હિંદી માણસો માટે અશ્રુપ્રવાહ વહેવડાવનારા એકાદ પણ પરદેશી માણસ છે ખરા.

તે વારંવાર ઉપદેશ કરતા કે, 'દેશ માટે જીવો અને દેશ માટે મરો. પરદેશમાં તમે તમારા પંથો કે સંપ્રદાયનું પ્રદર્શન કરવા આવ્યા નથી. હિંદુસ્તાન એક જ છે. એ ભાવના જગમાં પ્રસારવાને તમે અહીં આવ્યા છો.'

શ્રીમતી પ્રાણઉજ્જમ ઠાકોર અમેરિકામાં અભ્યાસ માટે આવ્યાં હતાં ત્યાંથી ભણીને તે લંડન ગયાં. તે અરસામાં તેમનો પરિચય શ્રીયુત મગન દવે સાથે થએલો અને તેમણે અમેરિકામાં જ વિવાહબદ્ધ થવાનો વિચાર કરેલો, પણ લગ્નના પુરોહિત કોણ? તેમણે મને પૂછ્યું. હું પણ વિચારમાં પડ્યો. તરત મને સંડરલૅંડ સ્મરણે ચડ્યા. મેં તેમને પત્ર લખ્યો. તેમણે તો તરતજ જવાબ આપ્યો કે આ કામ બદલ એમને પોતાને ધન્યતા મળે છે અને પોતે તે પાર પાડવા એકી પગે તૈયાર છે.

વરવહુ પોતાને ઘેર આવીને લગ્ન કરે એવો તેમનો ખાસ આગ્રહ હતો તે સૌએ કબૂલ રાખ્યો. લગ્ન વખતે બસો હિંદી માણસો હતા. આ બધાની વ્યવસ્થા બુઢ્ઢાજી કેમ કરી શકશે તેની મને શંકા થઇ. પણ અમે તેમને ઘેર ગયા ત્યારે તો આશ્ચર્ય પામી ગયા કે તેમણે સર્વત્ર મંગળ બનાવી દીધું હતું. પાંદડાં ફૂલોથી ઘર, દિવાનખાનું, બાગ બધું શણગાર્યું હતું. મુખ્ય ખંડમાં હિંદી રીતે બેસવાની સગવડ કરી દીધી હતી અને પોતે પાંચદસ ગ્રન્થ લઇ બેઠા હતા.

એ ગ્રન્થ વેદ હતા. લગ્નસૂત્રોનાં શબ્દશઃ અંગ્રેજી ભાષાંતર હતાં. પ્રથમ તેમણે વૈદિક પદ્ધતિએ બોલવાનો મંત્ર અંગ્રેજીમાં વાંચી બતાવ્યો અને બોલ્યા: 'હે વરવધૂ! મારો આ મંત્ર તમને કબૂલ છે કે?' સંમતિ મળતાં તેમણે આગળ ચલાવ્યું અને બ્રાહ્મણ ભટજીની પેઠે કામ સાંગોપાંગ પાર ઉતાર્યું

અમે તો મોંમાં આંગળી નાખી ગયા. હિંદી સંસ્કૃતિ માટે કેટલું અભિમાન? આ ગ્રન્થ ક્યાંથી મેળવ્યા હશે? અમને સમજ ન પડી એટલે પૂછ્યું ત્યારે બીજા રૂમમાંનાં કબાટો બતાવ્યાં. ત્યાં કમીમાં કમી ૫૦૦૦ ગ્રન્થો હશે. ગમે તે ગ્રન્થ જુઓ તો હિંદુસ્તાનને જ લગતો. હિંદી સમાજ, રાજકારણ, ધર્મસંપ્રદાય જે જે અંગ્રેજીમાં લખાયું તે દરેકનું પુસ્તક તેમની પાસે હતું. અમને હિંદુસ્તાનની જેટલી માહિતી નહોતી એટલી એમને હતી.

એમના જીવનનો બીજો આનંદનો પ્રસંગ અમે હિંદી લોકોએ તેમને માનપત્ર આપ્યું તે હતો. આઠેક વર્ષ પહેલાં અમેરિકાના હિંદીઓએ તેમને માનપત્ર આપવાનું ઠરાવ્યું તે સાથે કંઇ ચિરસ્મરણીય ભેટ પણ આપવાનું ઠરાવ્યું. એ દિવસ ખૂબ ઉજવ્યો. સંડરલૅંડના ગુણવર્ણન પર અનેક ભાષણો થયાં. માનપત્ર વાંચીને અર્પણ કર્યું અને થાળમાં મૂકેલું નજરાણું તેમણે જોયું ત્યારે ખૂબ ખુશી થઇ ગયા. તે હાથે કાંતીને તૈયાર કરેલું જરીનું શુદ્ધ ઉપરણું હતું. આજે ખરેખર હું સર્વસ્વી હિંદી બન્યો એવા ઉદ્‌ગાર તેમણે કાઢ્યા. કપાળમાં શુભ મંગળ તિલક કર્યું. ગળામાં ઉપરણું નાખી હાથમાં ટાગોરનો ભવ્ય ફોટો રાખી તે બોલ્યા, 'માનપત્રનો શું ઉત્તર આપું? હું હિંદુસ્તાનનો છું અને હિંદુસ્તાન મારો છે.' એ વખતે તેમનો કંઠ આનંદ અને દુઃખના સંમિશ્ર ભાવથી ભરપૂર બની ગયો. અશ્રુપૂર્ણ નયને તેમણે તે વખતે આપેલો ઉપદેશ અને સંદેશ આજે પણ યાદ આવે છે.

તેમને હિંદુસ્તાનની ગુલામગીરી બદલ દુઃખ થતું નહિ એટલું તેમને એક જ અભાવ માટે દુઃખ થતું. એ બાબત એ હતી કે 'મને હિંદમાં જન્મ કેમ નથી મળ્યો?' સંડરલૅંડનો પુનર્જન્મ ઉપર વિશ્વાસ હતો. મરતાં તેમની આખરી પ્રાર્થના એ જ હતી કે 'પરમેશ્વર! મારી નજર સામે હિંદુસ્તાન સ્વતંત્ર થયો નહિ પણ બીજા ભવે હિંદુસ્તાનમાં જ જન્મ આપજે.'


પોતાની અંતિમ ક્ષણો તક આમ હિંદુસ્તાનને ન ભૂલનાર આ ઇસાઇ પાદરી હિંદુસ્તાનના રહનૂમા તરીકે પોતાનું નામ અમર કરી ગયા છે. અંતિમ પળે એમનાં પુત્રીએ એમની આખરી આકાંક્ષા પૂછી ત્યારે યે તેમણે જવાબ આપેલો, 'As my last message to India I send my love.'

પોતાના પ્રોજ્જવલ આકાશમાંથી આવા એક પછી એક અસ્ત થતા સિતારાઓથી હિંદ વ્યાકુળ તો થાય જ, પણ સાથે એવાઓને ભૂલી જવાના નગુણાપણાથી તે અસ્પૃષ્ટ રહે એ પણ ખાસ જોવાનું છે



કાબુલી સરાણવાળો

ચિત્રકાર • બંસીલાલ (ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)



ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

(૧) ગેરસપ્પાનો ધોધ–નવીન ગાંધી (મ્હૈસુર) પહેલું ઈનામ; (૨) પ્રમુખ મહાશય–જશવંત ઠક્કર (ભાવનગર)બીજું ઈનામ: (૩) પ્રતિબિંબ–એમ.એસ. પથરાવાળા (અમદાવાદ) ત્રીજું ઇનામ (૪) 'એકાકી'–સી. કુમાર પટેલ (ખાનપુર) નોંધપાત્ર

જૂના ને નવાનું, કલા ને શાસ્ત્રનું, સંસ્કાર ને મોજશોખનું અજબ સંમિશ્રણ હોવા છતાં પૂર્વ ને પશ્ચિમમાં એક જ મનુષ્યત્વ ધબકી રહ્યું છે એની પ્રતીતિ તો થાય છે...

ઉત્તર યુરોપના દેશોમાં




જર્મનીમાં અંગ્રેજ યુવાનો સાથે ફર્યા પછી તો કેટલે કેટલે સ્થળે એકલો રખડ્યો. કેટલા કેટલા દેશો જોયા. જર્મનીની ટ્રૅમ્પિંગ ટૂર તો જાણે વર્ષોજૂની વાત લાગે છે. આજકાલમાં ઊભાં થએલાં નવાં શહેરોને નવા દેશોમાં એ પ્રાચીન શહેરોની કહાણી કેટલી જૂની લાગે છે! કંઈ કંઇ સુંદર અનુભવોનાં સ્મરણો નજર આગળ રમી રહ્યાં છે. પૂર્વમાં કે પશ્ચિમમાં, મોટા દેશોમાં કે નાનાં ગામોમાં, જુદી જુદી કાયાઓ અને જુદી જુદી ચામડી વચ્ચે એ જ મનુષ્ય હૃદય ધબકી રહ્યું છે, એ જ પ્રેમ અને એ જ માયા, એ જ સુખ અને એ જ દુઃખ બધે દેખાય છે એનો અનુભવ ઠેકઠેકાણે કરતો હું જર્મની અને ઉત્તર યુરોપના દેશોમાં ખૂબ રખડ્યો છું. અહીં હોસ્ટેલમાં બેઠોબેઠો હવે મનોભૂમિમાં જ ફિન્લૅન્ડમાંથી સ્ટૉકહોમ થઇ, આવ્યો તે રસ્તે કૉપનહેગન થઈ બર્લિન અને ડ્રેસ્ડનમાં વિહરી રહ્યો છું.

જાણે હિંદુસ્તાનમાં જ કોઇ હિંદી મિત્રોની વિદાય નહિ લેતો હોઉં તેમ મારા જર્મન અને ચાઇનીઝ સાથીની વિદાય લઇ હું પેલી રાત્રે ડ્રેસ્ડન જવા ઊપડ્યો ત્યારે ગાડીમાં પણ એવા જ અનુભવો થયા. સામે એક જર્મન છોકરો બેઠો હતો, એણે કોથળીમાંથી નાસ્તો કાઢ્યો અને મને પણ એમાંથી આગ્રહ કરી ખવરાવ્યું. પાસે બે હંગેરિયન સ્ત્રીઓ બેઠી હતી તેમને પણ કાંઇ આપ્યું. બેઠાં બેઠાં જ ઝોકાં ખાતાં અમે સવારે લાઇપઝીગ (Leipsieg)ને મોટે સ્ટેશને પહોંચ્યા ત્યારે ત્યાંથી બદલવાની બીજી ગાડીને થોડો વખત હોવાથી ગાડીમાં લખેલા થોડાક ઉતાવળના પત્રો ટપાલમાં નાખવા હું બહાર ગયો. પાછો આવ્યો ત્યારે મારો બધો સામાન નવી ગાડીમાં મૂકેલો જોયો. બધું કામ આ ત્રણનું જ હતું. હું તો આ જોઇ આભો જ બની ગયો. 'ડાન્કે શૅાઇન' (બહુ ઉપકાર) સિવાય બીજું કંઇ કહી શક્યો નહિ. પ્રાગ શહેરની આ સ્ત્રીઓ સાથે ટાગોર વિષે વાતો થઇ. એમણે રવિબાબુને પ્રાગમાં જોયા હતા અને એમનાં કાવ્યો વાંચ્યાં હતાં. મને એમને દેશ જવાનું નોતરૂં દઇ એમણે ડ્રેસ્ડન આગળ વિદાય લીધી.

ડ્રેસ્ડન ગયો, ત્યાં પણ રખડી રઝળી મારી D. P. H. Guideની મદદથી એક યુવકગૃહ શોધી કાઢ્યું. ઝાડોની ઘટામાં છૂપાએલું એ મોટું આધુનિક 'Hans der Tugend' જોઇ 'હાશ' કરી તેમાં પ્રવેશ કર્યો.

ડ્રેસ્ડનના સૌન્દર્યનો સાચો ખ્યાલ તો નદીકિનારે કિલ્લા અને જૂનાં દેવળો પાસે ફરતાં, ઑપેરા હાઉસ આગળના ચૅારામાં ભવ્ય પૂતળા નીચે કબૂતરોને દાણા ખવરાવતાં કે એની પ્રસિદ્ધ ગૅલેરીમાં રાફેલનું સિસ્ટાઇન મૅડોના અને બીજાં સુંદર ઇટાલિયન ચિત્રો જોતાં અગર ત્ઝિવગર (zwinger) બગીચાના ફુવારામાં જલબિંદુઓની અને સૂર્યકિરણોની ફૂદડી નિહાળતાં કંઇક અંશે આવી શકે. એની ભભકદાર મોટી દુકાનોમાં 'ડ્રેસ્ડન ચાઇના' તરીકે જાણીતી થએલી એની નિકટના જ માઇસન (Meissen) ગામની માટીનાં જૂનાં અને અર્વાચીન ઢબનાં પૂતળાંઓ જોતાં કલાકોના કલાકો વિતાડી શકાય. મને ડ્રેસ્ડનમાં વધારે વખત રોકાવાનું ન મળ્યું. રવિવારે, ચૂંટણીને દિવસે, પાંચ વાગે ચૂંટણી ખલાસ થાય તે પહેલાં બર્લિન પહોંચવાનું મને મન હતું. ડ્રેસ્ડનમાં પણ કૉલનમાં જોએલો તેવો woolworth store જોઇ આશ્ચર્ય થયું. વિલાયતમાં ઠેકઠેકાણે કર્યું છે તેમ જર્મનીમાં પણ આ અમેરિકન ફર્મે પગપેસારો કર્યો છે એ, નવજર્મનીની રાષ્ટ્રીયનીતિ જોઇ, સહેજ વિચિત્ર લાગે છે.



રવિવારે બપોરે બર્લિન પહોંચ્યો. મેં મુકામ મારા સ્ટેશન પાસેની એક સસ્તી હોટેલમાં જ રાખ્યો. ત્યાં ઑક્સફર્ડના એક અમેરિકન અને હૅમ્બુર્ગના એક જર્મન વિદ્યાર્થીનો મને ભેટો થયો. અમે બીજે દિવસે શહેરમાં સાથે ફર્યા. ઍડોલ્ફ હિટલરનું સાચું વ્યક્તિત્વ તો તમને અહીં જ સમજાય. લગભગ નેવુ ટકા જર્મન પ્રજા તેના પક્ષમાં છે. તેની સામે ઊભા થવાની કોઇ હિંમત કરે તો એનું શું થાય એ તો નાઝીઓ જ કહી શકે. પણ એમ બનવું બહુ શક્ય નથી લાગતું.

ઇટલિમાં સિનૉર મુસૉલિનીને જોવાની અને સાંભળવાની મને તક મળી હતી તેમ જર્મનીમાં ઍડોલ્ફ હિટલરને જોવાની તક મળી હોય એમ લાગ્યું. રાઇકસ પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાએલા એને જોવાને લોકોનાં ટોળે-ટોળાં એમની ઑફિસ આગળ ભેગાં થયાં હતાં. અમે ગયા તેની પાંચ મિનિટ પહેલાં જ રાષ્ટ્રના એ નેતાને જોઇ લોકો પાછા ફરતા હતા. પછી ભેગું થએલું ટોળું બે કલાક સુધી ત્યાં ઊભું. વરસાદ પડવા છતાં 'વીર વૉલેન ઉન્સેર ફ્યૂરર ઝેહન' ગાતું ઊભુંજ રહ્યું, પણ હિટલર બહાર નહિ આવ્યા એટલે નાસીપાસ થઇ બધાં પાછાં વળ્યાં. બીજે દિવસે સાંભળ્યું કે હિટલર મ્યુનીચમાં છે ત્યારે એક જર્મન પત્રમાં વાંચેલું વાક્ય મને યાદ આવ્યું: 'Hither is the most energetic man in Germany to-day; and he is just the man we need.'

દિવસે અને રાત્રે ફરીને બર્લિનનું સૌન્દર્ય નિહાળ્યું. શ્લોસ (Schloss) વિભાગમાં નદીને કિનારે દેવળ અને મ્યૂઝિયમોનાં સુંદર મકાનો આગળ તો કલાકો વીતાવ્યા. પર્ગૅમોન મ્યૂઝિયમમાં તો ગ્રીસ, ઇટલી, ઇજીપ્ત, બાબિલોન અને ઇસ્લામી દેશોનું શિલ્પકામ એટલું સરસ રીતે ગોઠવ્યું છે કે ઘડીકમાં ગ્રીસમાં હોઇએ એમ લાગે, ઘડીકમાં રોમમાં અને ઘડીકમાં ઇરાની ગાલીચાઓમાં મહાલતા, મોગલ-સ્કૂલના ચિત્રો નિહાળતા કોઇ શાહીમહેલમાં ફરતા હોઇએ એમ જ ભાસે.

રાત્રે Planetarium જોવા ગયા. અદ્ભુત યંત્રોની મદદથી એક નાના ઓરડામાં અસંખ્ય તારાઓથી ઝગઝગતું અનંતનીલ આકાશ ઊભું કરી, વર્ષો અને યુગોની મુસાફરી પાંચ દસ મિનિટમાં કરાવી, પાછા એ નાના ઓરડામાં લાવનાર જર્મન વિજ્ઞાનીના વર્ગે અમને આશ્ચર્યમાં ગરકાવ કર્યા અને સામાન્યલોકને પણ જ્યોતિ શાસ્ત્રમાં રસ લેતા કરવાની જર્મન વિજ્ઞાનીઓની ખંત માટે માન ઉત્પન્ન થયું. એજ સ્થળે પછી હિમાલય વિષેની એક સુંદર ફિલ્મ જોઇ. કાંચનજંઘાની ૧૯મી જર્મન ચડાઇનાં સુંદર દૃશ્યો અને હિમાચળનું અદ્ભુત ગૌરવ કૅમેરાની મદદથી મેં ને મારા જર્મન મિત્રોએ ભાળ્યું. જર્મનીની રાજધાનીમાં જર્મનો વચ્ચે બેસી હિમાલયના પહાડીઓનું ભાંગ્યું તૂટયું પણ ખરેખરૂં હિંદી સાંભળી શી લાગણીઓ થઇ હશે તે તમે કલ્પી શકો.

જૂના અને નવાનું, કલા અને શાસ્ત્રનું, સંસ્કાર અને મોજશોખનું સંમિશ્રણ કરતું આ સુંદર બંધુભાવી શહેર જોઇ, મિત્રોની વિદાય લઇ ડેન્માર્ક તરફ જવા હું ઊપડયો. ડેન્માર્કની ફેરી બોટમાં આધે અંતરમાં ધીરે ધીરે અદૃશ્ય થતો જર્મનીનો કિનારો જોતાં મારી નજર આગળ મારી જર્મન બેનોની મૂર્તિ તરી આવી. કલાકેકમાં તો ડેન્માર્ક પહોંચી ગયા.

ડેન્માર્કને કિનારેથી કૉપેનહેગન જતાં એક નોંધવા જેવી વસ્તુ દીઠી. ત્રીજા વર્ગમાં પણ મુસાફરો માટે પીવાનું પાણી સ્વચ્છ બાટલીમાં, ગ્લાસ સાથે મૂકેલું હતું. બહુ તાપમાં દરિયો ઓળંગ્યા પછી મને ખૂબ તરસ લાગી એટલે સહેજ અચકાતાં ગાર્ડને પૂછ્યું, 'આ અમારે માટે છે?' એણે હસીને જવાબ આપ્યો, 'હા. જોઇએ એટલું પીઓ.' મેં ગાર્ડને જ 'ડાન્કે શૅાઇન' કહ્યું, પણ મારૂં ચાલત તો આખી ડેનીશ રેલવે કંપનીને મારો આભાર એ વખતે દર્શાવત!

કૉપેનહેગનમાં ઉતારો વાય. એમ. સી. એ. તરફથી

ચલાવવામાં આવતા એક યુવકગૃહમાં રાખ્યો. ડેન્માર્કમાં સુંદર યુવકગૃહો ઘણાં છે અને જર્મન યુવકગૃહો જેમ ડેનીશ યુવકગૃહોની ખ્યાતિ પણ ઇંગ્લંડ સુધી પ્રસરી છે. આ સ્થળે મને ઘણા જ અંગ્રેજ અને જર્મન યુવકો મળ્યા. બધા પગરસ્તે, સાઇકલ પર કે ગાડીમાં ડેન્માર્કની સફર કરવા આવ્યા હતા. નાઝીરાજ્યમાં વ્યક્તિસ્વાતંત્ર્ય પર મુકાતા દાબથી કંટાળેલા ઘણા જર્મનો અહીં આવી વસ્યા છે. ઇંગ્લંડમાં પણ એવા જર્મનો—ખાસ કરી યુવાનો--ઘણા જોવામાં આવે છે.

કૉપનહેગનના 'ટિવોલી' વિષે ઘણું સાંભળ્યું હતું એટલે પહેલી જ સાંજે એક અંગ્રેજ સાથે તે જોવા ગયો. જોઇને થયું કે કૉપનહેગન ઉત્તર યુરોપનું પૅરિસ કહેવાય છે એમાં જરા યે ખોટું નથી. ઉત્તર યુરોપના સૌથી સુંદર શહેર તરીકે તેને ગણાવતાં કદાચ અચકાઇએ, પણ સૌથી શૉખીન (gay) તો એને નિઃશંકપણે કહી શકાય. ટિવોલીમાં ફરતાં તો જાણે કોઇ અદ્ભુત સ્વપ્નભૂમિમાં વિહરતાં હોઇએ એમ જ લાગે. આબેહૂબ આગ્રાદિલ્હીની મસ્જિદ જેવું, પણ રોશનીથી ઝગમગતું એનું કોઇ રેસ્ટૉરાં જુઓ કે કળા કરતા મોરના પડદાવાળી એની રંગભૂમિ જુઓ; નાના સરોવરમાં રંગબેરંગી દીપકોથી શણગારેલાં એનાં જૂનાં વહાણોમાં સફર કરો કે બગીચામાં ઠેકઠેકાણે પળે પળે બદલાતા રંગોવાળા ઝળહળતા ફુવારા જુઓ; આમતેમ એક બીજી સાથે અથડાતી ખૂબ ઝડપે જતી મોટરોમાં બેસી કૃત્રિમ thrill અનુભવો કે Automat -Roomમાં જઇ ઑટોમૅટિક મશીનો પર જાતજાતના પ્રયોગો અજમાવો . . . આ સ્વપ્નભૂમિમાં ફાવે ત્યાં ફરો અને ફાવે તેમ અનુભવ કરો. બધે શૉખીન ડેનીશ ને પરદેશી લોકો તમને મળશે.

કૉપનહેગન શૉખીન છે એટલું જ સુંદર છે. એના રસ્તાઓમાં જૂના અને નવા સરસ મકાનો જોઇ શકો. એની નહેરોમાં હૉલૅંડનું સ્મરણ કરાવતાં વહાણો અને કિનારે નૉર્ડિક સ્થાપત્યના નમૂના તમને દેખાશે. આખા બારાનું જાણે રક્ષણ કરતી હોય, અથવા દૂરદૂર કંઇ અવર્ણનીય ભાવથી જોઇ રહી હોય એવી નાની જલકુમારી (Little Havefru)નું પૂતળું તો ઘણું સુંદર છે. ને એનાં મ્યૂઝિયમો તો ખાસ જોવા જેવાં છે. ત્યાં જ ગોગાં (Gauguin)નાં જાણીતાં



એલ્સિનૉર

તાહિટી ટાપુનાં ચિત્રો તમને દેખાશે. અને ફ્રેંચ શિલ્પકાર રોદાં (Rodin)ના શિલ્પકામો ઉપરાંત 'સંગીત,' 'શરદ્' 'વિજળી' વગેરેના ભાવોને શિલ્પમાં ઉતારતાં સુંદર ડેનીશ સર્જનો પણ તમને દેખાશે.


સાંજે ડેન્માર્ક છોડી ઍલ્સિનોર ગયો ને ત્યાંના Students' Homeમાં ઉતારો રાખ્યો. રાત્રે નૃત્ય, ગીત, રમતગમતની મજલીસ થઇ. ડેનીશ લોકગીતો પણ ત્યાં સાંભળવા મળ્યાં. મને એના તાલ અને 'ટૅકનીક' આપણા ગરબા કે રાસ જેવા જ લાગ્યા. ચાઇનીઝ વિદ્યાર્થીઓએ બહુ જ રમુજી ચાઇનીઝ ગીતો ગાયાં ને મારે પણ એક ગુજરાતી ગીત ગાવું પડ્યું.

બીજે દિવસે ઍલ્સિનોરના નાના ગામમાં થઇ સમુદ્રકિનારે આવેલો કિલ્લો જોવા ગયો. ટૂરિસ્ટ ગાઇડમાં આને હૅમ્લેટનો કિલ્લો કહે છે અને શેકસપીઅરનો હૅમ્લેટ ડેન્માર્કના ઍલ્સિનોરનો હતો એ પણ ખરૂં. પરંતુ આ જ કિલ્લો હૅમ્લેટનો કિલ્લો કે નહિ તે તો શેકસપીઅર જાણે અને પેલા ટૂરિસ્ટ ગાઇડનો લેખક જાણે! એ ગમે તેમ હોયઃ પણ ટેકરી પર આવેલો અને સ્વીડનના કિનારા તરફ મીટ માંડી ઊભેલો આ કિલ્લો સુંદર તો ખરો જ. સ્વીડન અહીંથી એટલું પાસે છે કે સ્વીડીશ હેલ્સિંગફોરના શૉખીનો હવા ખાવા દરિયો ઓળંગી ડેન્માર્કના હેલ્સિંગફોરમાં આવી વસે છે. અગર તો બપોરે આવી સાંજે પાછા જાય છે.

હું તો કૉપનહેગન પાછો ફરી ત્યાંથી સ્વીડન ગયો. તડકામાં ઝળકતો સમુદ્ર ઓળંગી બપોરે સ્વીડનને કિનારે માલ્મો ઊતર્યો. ભૂખ લાગી હતી એટલે એક ગૃહસ્થને પૂછી Ujolk-Baren (Milk-Bar) નામના રેસ્ટૉરાંમાં ગયો. ઇંગ્લંડમાં તો Milk-Bar



સ્ટૉક હોમ



હેલ્સિન્કી સ્ટેશન

જેવી વસ્તુને હસી જ કાઢે, પણ સ્કૅન્ડિનેવિયન દેશોમાં તો દૂધનો વપરાશ ઘણો જ થાય છે. ગમે તેવા ફૅશને બલ્ રેસ્ટૉરાંમાં જઇ ગરમ કે ઠંડું દૂધ તમે માગી શકો. દારૂનો વપરાશ આ દેશોમાં બહુ જ થોડો થાય છે. સ્વીડનમાં તો દારૂ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સોલ્જરો ને નાવિકો દૂધ પીતા હોય એ દશ્ય ઇંગ્લંડમાં તમને ભાગ્યે જ દેખાય.

ખોરાક પણ આ દેશોમાં સરસ મળે છે. કૉપનહેગનમાં રસ્તા પર ફક્ત ૨૫ ઑર (Ore) એટલે લગભગ ત્રણ પેન્સમાં જુદી જુદી જાતનાં સૅન્ડવીચનું પડીકું વેચાય છે. માલ્મોમાં સરસ શાકાહારનું જમણ મને મળ્યું જેના ફક્ત સાત આઠ પેન્સ જ આપવા પડયા.

માલ્મોમાં થોડાક કલાક ગાળી મારી મિત્રને મળી હું રાત્રે સ્ટૉકહોમ જવા ઊપડયો. બીજે દિવસે શહેર સારી રીતે જોઇ શકાય એટલે રાતે ઊંઘ મેળવવી સારી એમ ધારી પાંચેક શિલીંગ આપી Sleeping Car લીધી હતી. સવાર પડતાં જ સ્ટૉકહોમ પહોંચ્યો. સૂર્યનાં કિરણોમાં ઝગહળતા જલના વિસ્તારો, સુંદર સરોવરો અને નહેરો તથા કિનારે વસેલાં જૂનાં અને નવાં મકાનોથી શહેરનું પ્રથમ દર્શન ગાડીમાંથી જ કર્યું.

સ્ટૉકહોમ એટલે ઉત્તર યુરોપનું સૌથી સુંદર શહેર. સારી દુનિયાના સુંદર શહેરોમાં એની ગણત્રી કરી શકાય. એના Skycraper ને Town Hall જેવાં સુંદર મકાનો તો મેં ઘણાં થોડાં જોયાં છે. ટાઉન હૉલના વિશાળ નીલખંડ (Blue-Room) કે સુવર્ણખંડ (Golden Chamber)માં ભીંતો પર દોરેલાં ચિત્રો તમે જોતાં ધરાઓ નહિ. સૌથી સુંદર ખંડની ભીંતમાં મધ્યમાં 'સ્ટૉકહોમની નગરદેવી'નું ચિત્ર છે. એના એક પડખે યુરોપના દેશો ઊભા છે અને બીજા પડખે એશિયાના. અહીંની ગૅલરીમાં અર્વાચીન શિલ્પકળાના યે કેટલાક સુંદર નમૂના જોયા

સ્ટૉકહોમના બારામાં નવી સ્ટીમરો અને જૂનાં વહાણો જોતાં હું થાક્યો નહિ. એના અનેક બગીચાઓમાં ફરતાં અને અનેક પૂતળાંઓ જોતાં હું ધરાતો નહિ. એક નહેરને કિનારે એક સુંદર પૂતળું આવેલું છે. શીઆળામાં પ્રાણહીન થએલું સ્કૅન્ડિનેવિયા ઊનાળામાં સૂર્યકિરણોના પ્રથમ ચુંબને જાગૃત થઇ સૂર્યદેવને ગીતોથી વધાવતું હોય એવો ભાવ દર્શાવતું, હાથ વિસ્તારી ગીતો ગાતું 'sunsinger'નું પૂતળું ઋગ્વેદની સૂર્યસ્તુતિની ઋચાઓનું સ્મરણ કરાવે છે.

હૉલૅંડમાં આર્તહાઇમમાં જોયું હતું તેવું Open-air Museum અહીં પણ દીઠું સ્વીડીશ ખેડૂતજીવનને પ્રત્યક્ષ કરતું સ્કાન્સેનના બગીચામાં આવેલું આ મ્યૂઝિયમ યુરોપનું પહેલું Open air Museum છે એમ મને કહેવામાં આવ્યું. મેં આખું શહેર એક જર્મન ગૃહસ્થ અને એમની સ્ત્રી સાથે ફરીને જોયું. આ ગૃહસ્થ ત્રણ માસથી અહીં આવી રહ્યા હતા ને ત્યાંની જાહેર લાયબ્રેરી (Bibliothek)નો ઉપયોગ કરી કંઇક રીચર્સ કામ કરી રહ્યા હતા. ગણિતશાસ્ત્રના ડિગ્રીધારી, આફ્રિકાની કાળી પ્રજાની ભાષાઓનો અભ્યાસ કરતા અને હિંદુ ફિલસૂફીમાં રસ લેતા આ પંડિતની વાતોમાં મને ખૂબ રસ પડયો. એક દિવસ અમે બહુ આનંદમાં ગાળ્યો અને એ દિવસને આખરે મારી પાસેથી થોડુંક ગુજરાતી અને હિંદી પણ એ

શીખ્યા. બીજે દિવસે સાંજે જ ટાપુઓ પર વસાએલું આ શહેર છોડી મેં હેલ્સિન્કી જવા માટે સ્ટીમર પકડી.

હેલ્સિન્કી એ ફિન્લૅંડનું પ્રખ્યાત સ્ટેશન છે. ત્યાંની વાય. એમ. સી. એ. ની હોસ્ટેલમાં જ મેં ઉતારો રાખ્યો છે ને આ પત્ર ત્યાંથી જ લખી રહ્યો છું. સ્ટેશન તદ્દન અર્વાચીન ઢબે ગુલાબી પથ્થરોથી બંધાએલું છે. છેલ્લા પાંચ છ દસકામાં જ બંધાએલા આ શહેરમાં ફરનારને કંઇક વિચિત્ર લાગણી થાય છે. એના મ્યૂઝિયમમાં ચરખો કાંતતી સ્ત્રીના ચિત્ર સાથે તદ્દન અર્વાચીન પદ્ધતિનું શિલ્પકામ તમે જોઇ શકો. એની દુકાનોમાં ભોજપત્રમાંથી બનાવેલી સુંદર વસ્તુઓ કે રંગબેરંગી ગૂંથણકામ સાથે તદ્દન આધુનિક ઇલેક્ટ્રિક ઓજારો તમને દેખાય. બધે જ તદ્દન પ્રાચીન અને તદ્દન અર્વાચીનનું અજબ મિશ્રણ જણાય છે.

આ નાનકડો દેશ ફિન્લૅંડ અથવા 'સુઓમી' હિંદી હૃદયને કંઇકંઇ પાઠો શીખવે છે. સાતસાત સૈકાઓ સુધી પરતંત્રતા સેવતાં, આખરે સ્વતંત્રતાની લડતો લડીલડી તે સ્વીડન ને રશિયાની ધૂંસરીમાંથી છૂટો થયો. સૈકાઓ સુધી સ્વીડીશ સંસ્કૃતિની અસર મેળવી, સ્વીડીશ ભાષાને બીજી માતૃભાષા બનાવી અને છતાં યે પોતાની સંસ્કૃતિ તેણે નથી વિલાવા દીધી. હજુ યે પોતાનાં પ્રાચીન ઉપાસ્ય તત્ત્વોને કાયમ રાખી એ અર્વાચીનતાને અપનાવતું જાય છે.

ટાપુઓથી ઘેરાએલા આ દેશની ભૂમિ પર પગ મૂકતાં એક પ્રસંગ બની ગયો. ઊતર્યા એ વખતે 'વીઝા ક્યાં છે?' કહી મને અટકાવવામાં આવ્યો મેં પાસપોર્ટ બતાવ્યો પણ મારી પાસે ફિન્લૅંડનો પાસપોર્ટ ન હતો. ઇગ્લંડમાં મને પાસપોર્ટ ઑફિસ તરફથી કે મારી ટૂરિસ્ટ એજન્સી તરફથી કહેવામાં આવ્યું હતું કે ફિન્લૅંડ માટે વીઝાની જરૂર પડતી નથી. અહીં સાંભળ્યું છે કે જર્મની, સ્વીડન વગેરે દેશોના માણસોને વીઝા નહિ જોઇએ પણ બ્રિટિશ, અમેરિકન અને ફ્રેન્ચ પ્રજાને વીઝાની જરૂર પડે છે. દુનિયાના બડેખાંઓ (strong powers) ગણાતા આ રાજ્યો તરફ જ્યાંત્યાં પક્ષપાત થતો જોઇ હું ધરાઇ ગયો હતો, એટલે અહીં એ લોકો સામે આ પ્રતિબંધ જોઇ આનંદ થયો. સારે નસીબે એના ઑફિસરે પાસપોર્ટ લઈ બીજે દિવસે ફરીને ઑફિસમાં જઇ વીઝા મેળવી લેવાનું કહ્યું ને હું ફિન્લૅંડમાં પ્રવેશ કરવા પામ્યો.

હેલ્સિન્કી શહેર ઘણું નાનું છે—જોકે આ નાનકડા દેશના લોકોનો ત્રીજો કે અરધો ભાગ આ શહેરમાં વસે છે—છતાં એ નાનું નાનું શહેર પણ મને ઘણું ગમે છે. ૧૯મી સદીમાં બંધાવા માંડેલું આ શહેર છેલ્લા થોડા દસકામાં જ ઊભું થયું કહીએ તો ચાલે. અને આધુનિક સ્થાપત્યના ઢગલેઢગલા તેમાં મળી આવે છે. એના સ્ટેશનની ખ્યાતિ તો અમેરિકા સુધી પહોંચી છે. એ ત્રણ વર્ષ પર જ બાંધેલું ભવ્ય મકાન Diet House (પાર્લામેન્ટનું મકાન) પણ ઘણું સુંદર લાગે છે. એનાં પગથિયાં પર ઊભાઊભા આખા શહેરનું દશ્ય નિહાળીએ ત્યારે એક પાસે સ્ટેશનનો મિનારો અને બીજી પાસ નવા બંધાતા ભવ્ય દેવળનો મિનારો ધ્યાન ખેંચે છે.

અર્વાચીન શિલ્પકામના નમૂનાઓ, સુંદર રંગબેરંગી લાકડકામ અને નાની કટારીઓ, એનું સસ્તું જીવન ને લોકોની મીઠી પરોણાગત એ સિવાય આ દેશમાં પ્રવાસીઓને આકર્ષનાર બીજી શી ચીજો હશે તે હું નથી જાણી શકતો. એનું સૌન્દર્ય જોવા કોઇ સૌન્દર્યપ્રેમી જાય એ બનવાજોગ છે; પણ ઘણોખરો દેશ વસતી વિનાનો હોય એમ લાગે છે.

મારી ફિનિશ મિત્રને ત્યાં પહેલી જ સાંજે હું ગયો. જર્મનીના પ્રવાસ પછી ત્રણ મહિને એ પાછી ફરેલી એટલે આનંદ આનંદ થઇ રહ્યો હતો. એ જોઈ મને પણ ઘર યાદ આવ્યું. પછી તો એની બહેનપણીઓ સાથે બેસી કાફી પીધી ને ગીતો ગાયાં.

છેલ્લે દિવસે યે હું આ મિત્રોને મળવા ગયો. ત્યારે પણ અમે સાથે બેસીને ગીતો ગાયાં. માબાપ વિનાની એક યુવતી પણ આ ઘરમાં ઊછરી હતી. એના શરમાળ વદન પર હમેશાં રમતું મીઠું હાસ્ય તો હજી મારી દૃષ્ટિ સમક્ષ રમી રહ્યું છે. મજલીસમાં મેં મીરાંબાઇનું 'મને ચાકર રાખોજી' ઊપાડ્યું એટલે તરત એનો તાલ ઉપાડી લઇ એક યુવતીએ નૃત્ય શરૂ કર્યું અને હિંદી ગીત ને ફિનિશ નૃત્યનો અજબ મેળ મળેલો મેં ત્યાં દીઠો. પૂર્વપશ્ચિમનાં હૃદયો એમાં મળ્યાં કહીએ તો ચાલે.

આખરે અમે છૂટાં પડ્યાં. મારાં મિત્રની માએ મને એમના દેશના સ્મરણરૂપ એ દેશમાં બનાવેલી એક લાકડી આપી અને મેં એમની વિદાય લીધી.

હીરાલાલ ગોદીવાળા



એક કદમ

પૃથ્વીને પેદા થયે અબજ ઉપરાંત વર્ષો વીત્યાં ને માણસના હરતીયે લાખો વર્ષો એટલી જમાનાજૂની થઇ. પોતાના ઉગમકાળથી આજ સુધીમાં માણસે પોતાની માનવતાને પરાકાષ્ટાએ પહોંચાડવા અનેકગણો વિકાસ સાધ્યો છે. સંસ્કૃતિની સ્થાપના પછી એનો એ વિકાસ કંઇક ઝડપી બન્યો ને વિજ્ઞાન તેની મદદે આવતાં છેલ્લા સૈકાથી તો એ ચીલઝડપી બન્યો લેખી શકાય.

ત્યારે આટલી કક્ષાએ વિકસિત બનેલા માણસનો વિજ્ઞાનનાં એક પછી એક સાધનો હસ્તગત કર્યે જતાં ને પ્રકૃતિને વશ કરતા રહેતાં હવે પછીનો વિકાસ કેવોક હશે એ સવાલ સહેજે ઊઠે.

એ વાતનો તો કોઇ ઇન્કાર નહિ કરી શકે કે આજનું આપણું માનસ ને જ્ઞાનની પરિસીમા એ સવાલનો ઉકેલ સ્વયં મેળવવા જેટલી કક્ષાએ પહોંચ્યાં છે. આપણે એક સદી પછીના જ માણસનો વિચાર કરીએ. બેશક, માનવવિકાસની આજસુધીની મજલમાં એટલો ગાળો એક કદમ જ ગણી શકાય, પણ એ એક કદમ જ પૂર્વજ્ઞાન માટે આપણને પૂરતું થશે.

સૌ પહેલું તો આપણે વિજ્ઞાનને નજરમાં લેવું પડશે. કારણ આવતી સદીના વિકાસનો સૌથી મોટો મદાર તેના પર જ છે. પચાસ વર્ષ પહેલાંની દુનિયા પણ આજે આપણને યુગજૂની લાગે છે તેનું કારણ એ વિજ્ઞાન જ. ત્યારે આજની ઝડપે એક આખી સદીમાં એ શું પરિવર્તન નહિ કરે?

જગતનો ખંડેખંડનો વ્યવહાર માર્ગ તો ત્યારે હથેળી જેવો બની જશે એની નકાર ભણવાની મૂર્ખાઇ કોઇ નહિ જ કરે. મુંબાઇથી એડન કે સિંગાપોર તો આપણે અઠવાડિયાની સહેલ સફરે ઊપડતા હોઇશું. નજીક ને દૂરનો આપણો ખ્યાલ તો એ કાળે આથમી જ જશે.

જીવનનું આખું ધોરણ પલટાઇ જશે. ઘરની પણ આજે આપણી છે એવી વ્યાખ્યા નહિ રહે. મિલકત કે ચાકર નોકરનીયે જરૂરિયાત નહિ રહે. ને આજે કદાચ ઘણાંને નવાઇ લાગશે, પણ સૈકા પછી યાંત્રિક જગતમાં રહેતો માણસ કોઇ ચીજને 'આ મારી છે' એમ નહિ ગણાવે. ખાનગી ઉદ્યોગો પણ નિર્મૂળ જશે.

ને માણસ આંતરરાષ્ટ્રીય બનશે. ચોપડીઓ ને છાપાં વાંચીને નહિ, પણ જુદાજુદા દેશોની મુલાકાત લઇ, એમના સુખદુઃખ પ્રત્યે હમદર્દી દેખાડીને. એક જ વ્યક્તિ હોય તેમ અમુક વસ્તીવાળા અમુક દેશ તરીકેનાં સંબોધનો ત્યારે કયાંયે નહિ સંભળાય. વિગ્રહનો એક પ્રકાર કદાચ સંભવશે ને તે ફાશીઝમ, કૉમ્યુનિઝમ વગેરે રાજસિદ્ધાંતો વચ્ચે. આપણી ગુજરેલી પેઢીઓ કરતાં આપણી જીવનસરણીમાં જે તફાવત છે તેથી અનેક ગણો તફાવત ત્યારે હશે. પણ તેથી કંઇ જાતિગત લાગણીઓમાં ફેર નહિ પડી જાય. ત્યારના માણસની આંખો યે વિયોગે આંસુભીની થશે જ. એવી રીતે પ્રેમ અને ઇર્ષા પણ રહેશે જ. વ્યક્તિગત લાગણીઓ આજ કરતાં વધુ અંકુશમાં રહે એ સંભવિત છે.

આવો એ માણસ અત્યારે આપણે છીએ તે કરતાં વધુ સુખી હશે? બેશક. યંત્રો એનો પુષ્કળ સમય બચાવી આપશે ને આપણા કરતાં તેના જીવનમાં પુરસદને વધુ સ્થાન હશે. યંત્રોના સરળતા થતાં કામ કરવાના કલાકો યે ઘટાડી દેવાયાં હશે. ખરૂં કહીએ તો આગલી સદીમાં ન જન્મતાં એ સદીમાં પોતે જન્મ્યો એ માટે ૨૦૩૬નો માણસ મગરૂર બનતો હશે.

('નૅશ' મૅગૅઝિનમાં આવેલા ઍલેક વાડ્ના એક લેખ ઉપરથી)

એ દિવસ



ધુમ્મસમાંથી દેખાતા જલાશય જેવું આકાશ જોતો વિનોદ ઊઠયો. ને એ સાથે જ મિ. મહેતાએ 'ડેઝર્ટેડ વિલેજ'ની મોઢે કરવા કહેલી ત્રણસો લીટી તેને યાદ આવી. આજ સાડા અગ્યારે તો એમને એ તૈયાર જ જોઇએ, એ કેમ બને? ને **હજુ તો** કેટલાં યે કામ પતાવવાનાં બાકી હતાં? વિનોદને એ બધાંનો વિચાર આવતાં જ ટૂંટિયું વાળી ગોદડું પાછું ઓઢી લીધું.

પણ ત્યાં તો બોર્ડીંગના પટાવાળાએ જોરથી ઘંટ વગાડયો ને બીજી ઓરડીઓમાંથી યે અવાજો વધવા લાગ્યા. વિનોદને લાગ્યું કે હવે ઊંઘી શકાશે નહિ, એટલે તે ઊઠયો ને તેની સાથે જ ચમકી ઊઠેલા ઘુવડ જેમ આંખો ચોળતા કાન્તિ ને રમેશ પણ ઊઠયા.

પાંચ મિનિટમાં તો ત્રણે યે પરવારી લીધું. અરધા જાગતા, અરધા ઊંઘતા, કૈંક ગાતા તેઓ વર્ગના ઘંટની રાહ જોવા લાગ્યા. ઘંટ થયો કે ત્રિપુટી વર્ગમાં જઇ પોતાને નિયત બાંકડે ગોઠવાઇ ગઇ.

પહેલો જ પીરિયડ મિ. મહેતાનો હતો. ઘંટ પછી પાંચ જ મિનિટમાં એ પાધરા થયા. હજુ વર્ગના બારણામાં પૂરા પેઠા યે ન હતા ત્યાં તો વિનોદ ઊભો થયો: 'સાહેબ, તમે સાચ્ચેજ ત્રણસો લીટી મોઢે કરવાની કહી હતી?'

'હા. તેને તો ત્રણ દિવસ થઇ ગયા!' કહેતા મિ. મહેતા ખુરશી પર ગોઠવાયા. 'ચાલ તું જ શરૂ કર.' તેમણે વિનોદને ઝડપ્યો.

જાણે પોતાને કહ્યું જ ન હોય, એમ વિનોદ તો મિ. મહેતાના ચહેરા પરના ખાડાટેકરા નજરાવતો ઊભો જ રહ્યો. કાન્તિ ને રમેશને પણ તેની આ સ્થિતપ્રજ્ઞ વૃત્તિએ અચંબામાં નાખી દીધા. મિ. મહેતાનો પિત્તો યે ખસવા લાગ્યો. ઢોલ જેવું તેમનું શરીર તપી જતાં ખૂબ તીણા અવાજે તે બરાડી ઊઠયા; 'કેમ, કવિતા બોલવી છે કે નહિ?'

જાણે નવી જ દુનિયામાંથી આવી લાગ્યો હોય તેમ એ તાણો ઘાંટો સ્વસ્થ ચિત્તે સાંભળી લઇ, વિનોદે પૂર્ણ શાંતિપૂર્વક પૂછ્યું, 'સાહેબ, મને કહો છો?'

'હા, હા તને!' ગરમી લાગતાં ઊડવાની તૈયારી કરતા શીશીના બૂચ પેઠે કેટલાક શબ્દો મિ. મહેતાની જીભમાંથી સરી પડવાની અણી પર આવ્યા હતા, પણ તેમણે પ્રયત્નપૂર્વક તે દબાવી રાખ્યા.

'તો મને તો એક લીટી પણ યાદ નથી!' વિનોદે સ્પષ્ટ ખુલાસો કરી દીધો.

પોતાના પોણા કલાક પર આ રીતે પાણી ફેરવી દેનાર એ છોકરા પર પછી મિ. મહેતાનો ગુસ્સો કેટલો ઊતર્યો એ તો શબ્દોમાં જણાવી પણ ન શકાય. બાકીનો આખો પા કલાક તેમણે વિનોદને, તે ગધેડો હતો અને તેની જિંદગીનો કંઇ અર્થ ન હતો એવું ભાન કરાવવામાં જ વીતાવ્યો. એમ તો મિ. મહેતા અવારનવાર પોતાનું એ કર્તવ્ય બજાવતા. પણ વિનોદે આજ સુધી એમની એકે વાતને મગજમાં ઊતરવા દીધી ન હતી.

સાડાબારે વર્ગ છૂટયો. વિનોદ એ જ રાહ જોઇ રહ્યો હતો. ને તેનું કારણ હતું. આલફ્રેડ ટીમ સાથે આજે થનારી આ વખતની ફૂટબૉલની મૅચમાં રમેશે તેનું નામ પણ રખાવ્યું હતું. વહેલા પરવારી મેદાનમાં પહોંચી જવાની બંનેને ઉતાવળ હતી એટલે પહેલી સીટી થતાં વેંત તો પરવારી લઇ બંને ગ્રાઉન્ડ ઉપર હાજર થઇ ગયા હતા.

આજ પહેલી જ વાર વિનોદ, ને તે યે રમેશની લાગવગથી મૅચમાં ઊતર્યો હતો. ઉશ્કેરાટ, ભય, આનંદ બધાંનું સંમિશ્રણ તેના ચહેરા પર અત્યારે તરી આવતું હતું. તે સહેજ ધ્રૂજતો પણ હતો. આલફ્રેડ ટીમનાં પડછંદ શરીરો જોઇને જ તેને થઇ આવ્યું હતું કે તેનાથી બરાબર નહિ રમાય. તેને ગળું સુકાતું લાગ્યું. માથું દુખતું લાગ્યું. હરીફ ટોળીના કદાવર શરીરો ને નાળવાળા બૂટ તેની નજરમાં રમવા લાગ્યા.

ત્યાં તો એને જોઇ, પાછળથી કોઇકે હેડમાસ્તરને સવાલ કર્યો, 'મિ. પટેલ આવડા મોટા છોકરા વચ્ચે આને તમે કયાં મૂકયો છે?'

'પણ એને લાગે તો યે એ દરકાર કરે તેમ નથી.' મ. પટેલે જવાબ આપ્યો. વિનોદની રહીસહી આત્મશ્રદ્ધા યે પેલા હિતેચ્છુના સવાલથી તો જવા બેઠી હતી, પણ હેડમાસ્તરની પ્રશંસાએ તે કૈંક ટકાવી રાખી.

તુરત વ્હીસલ થઇ ને રમત પણ શરૂ થઇ. પહેલી જ મિનિટે વિનોદે જોયું કે સામી ટીમનો હલ્લો ખાળવો અશક્ય નહિ તો મુશ્કેલ તો હતો જ. એ વિચારમાંથી મોકળો નહોતો થયો ત્યાં તો દડો તેની પાસે આવી પટ કાયો. પણ કમબખ્તી એ થઇ કે તે લાત મારવા જાય તે પહેલાં જ એ સરી ગયો ને તે સાથે જ સામી પાર્ટીના ફૉર્વર્ડ્ઝ તે ગોલ તરફ ધસડી ગયા.

સારે નસીબે દડો ખૂંચવી જનાર જ લાત ચૂક્યો ને લાઇનઆઉટ જાહેર થયો. છતાં વિનોદે મિ. મહેતાનો બડબડાટ તો સાંભળ્યો જ. 'હું ધારતો જ હતો કે એ કંઇ શુક્કરવાર નહિ કરે!' એમણે મિ. અધિકારીને પોતાની ભવિષ્યવેત્તા તરીકેની પ્રતીતિ કરાવી.

ફરીવાર વિનોદના પગ પાસે જ રમેશે દડો ફેંક્યો. આ વખતે વિનોદે પણ કૈંક સફળતાની આશા રાખેલી. પણ સામી ટીમનો એક ફૉર્વર્ડ વચ્ચે જ કૂદી પડ્યો ને તેના વાંકા ઘૂંટણની અડફેટમાં આવતાં વિનોદ દૂર ઉછળી પડ્યો. દડો ફરી આગળ નીકળી ગયો.

વિનોદ હવે સાવ લાચારી અનુભવવા લાગ્યો—જાણે પોતે રમી જ નહોતો જાણતો. તેને લાગ્યું કે મૅચની પોતાની કારકીર્દિ આટલેથી જ સમેટાઇ જાશે. તે ખૂબ ગુસ્સે થયો પણ નિરુપાય દડો જ તેનાથી દગો કરતો લાગ્યો. તે પોતાના સ્થાનથી ઘણીવાર આગળ નીકળી જતો, પણ ત્યાં ગયા પછી લાગતું કે પોતે મૂર્ખાઇ કરી હતી; દડો એ ઊભો હતો ત્યાં જ આવત!

દુનિયાની મહત્ત્વભરી બાર તિથિઓ

જે વડે દુનિયાના ઇતિહાસ–પરિવર્તનો થયાં

ઇ.સ.	પહેલાં	૪૨૪૧	મિસરી પચાંગની શરૂઆત
,,	,,	૫૪૩	બુદ્ધનિર્વાણ
,,	,,	૪૭૮	કન્ફ્યુશિયસનું અવસાન
,,	,,	૩૯૯	સૉક્રેટિસનું અવસાન
,,	,,	૪૪	સીઝરનું મૃત્યુ
			ઇસુની જન્મતિથિ
ઇ.સ.	પછી	૬૩૨	મહમદ પયગંબરનું અવસાન
,,	,,	૧૨૯૪	રોજરબેકનનું મૃત્યુ
,,	,,	૧૪૫૪	છાપખાનાની શોધ
,,	,,	૧૪૯૨	અમેરિકાની પ્રાપ્તિ
,,	,,	૧૭૫૯	વરાળયંત્રની શોધ
,,	,,	૧૭૮૯	ફ્રેંચ વિપ્લવ

ડૉ. વીલડયુરાંટ

એમ ને એમ ઇન્ટર્વલની વ્હીસલ વાગી ત્યાં સુધી ચાલ્યા કર્યું. ઇન્ટર્વલમાં વિનોદ બહાર જ ન નીકળ્યો. એક ખૂણે એ વિચારમાં ને વિચારમાં બેસી રહ્યો. સ્કૂલ ક્રિકેટીનમાંથી રજા મળશે? માંડ માંડ મેળવેલું સ્થાન ગુમાવાશે? આટલા રમનારાઓમાંથી માત્ર પોતે જ બેઢંગું રમતો હતો એમ તેને લાગ્યું. જો કે રમત એટલી કસાકસીવાળી રમાઇ હતી કે હજુ કોઇ સ્કોર કરી શક્યું ન હતું.


'રમતનો સાચો જુસ્સો તો એના ઉત્તરાર્ધમાં જ પ્રગટે છે.' દૂરને ખૂણેથી મિ. પટેલના મોંમાંથી સરતા શબ્દો ઓચિંતા વિનોદના કાને અથડાયા.

પોતામાં એ જુસ્સો કેમ નહોતો આવતો એના વિચારોમાં હવે વિનોદ ગરક થયો. રમતની વ્હીસલ વાગી ને તે ઊઠ્યો ત્યારે તેના ચહેરા પર સ્પષ્ટ ફેરફાર જણાઇ આવતો હતો. ખરૂં હતું, કે તેણે આંધિળિયાં કરવાનો નિશ્ચય કરી લીધો હતો.

ને નિશ્ચયાત્મક વૃત્તિવાળાને બધું આવી મળે છે તેની વિનોદને તરત પ્રતીતિ થઇ. 'હું તારો જ છું' એવી કબૂલાત જાણે ન આપી દીધી હોય તેમ દડો તેનાથી દૂર ખસતો જ નહિ. આખી રમતમાં પહેલી જ વાર તેણે ફ્રોક્વાર્ટર્સને દડો પહોંચાડ્યો. એને જરાબ પણ જોઇએ તેવો સરસ ગળ્યો. વિનોદે હવે દડા સાથે સામા ગોલ પર જ દોટ મૂકી દીધી.

એ સાથે તો પ્રતિકાર કરવા આલફ્રેડ ફૉર્વર્ડ્ઝ પણ તીડો જેમ તેના પર ધસી આવ્યા. પરંતુ હવે બધો પ્રયાસ બેકાર હતો. દડો જાણે વિનોદના બૂટનો જ એક ભાગ બની ગયો હતો. એકસામટી બધી લાતો અત્યારે વિનોદ પાછળ ઉછળતી રહી.

(અનુસંધાન પાન ૪૮૫મે)



ધડાક દઇને બારણાં દેવાઈ ગયાં

કરામતી કાનાનો અંત

તિહરીથી ૭ માઇલ દૂર તિહરી-મસૂરીની સડકની બંને બાજુ કેટલા યે ગાઉ સુધી કાનાનું સામ્રાજ્ય હતું. દિવસ હોય કે રાત, સવાર હોય કે સાંજ, ગમે તે સમયે કોઇ પણ એ જંગલમાં (જંગલ તો શું પણ ઝાડીઓ અને પત્થરોના ઢગલા અને નાની નાની ગુફાઓ જે ચિત્તાને સંતાવા માટે આદર્શ સ્થાન હતાં ત્યાં)જવાનું સાહસ કરી શકતું નહોતું. પરંતુ જીવન-ની સામગ્રી એકઠી કરવા અને પેટને સંતોષવા મનુષ્ય મુશ્કેલમાં મુશ્કેલ કામ કરવા તત્પર થાય છે. મોત સાથે પણ બાથ ભીડવા તૈયાર થઇ જાય છે. વિકટ સાહસ અને નીચતમ કાયરતા બંને કરે છે. અને એ જ રીતે આ સંસારચક્ર અનાદિ કાળથી ચાલતું આવે છે.

લોકો જંગલમાં પણ જતા. ઘાસ વાઢનારીઓ પણ ત્યાં જતી. અને કાનો ચિત્તો તક જોઇને ગમે તે એક ઘાસ વાઢનારીને પકડી જઇને રેંસી ખાતો. આ કાના ચિત્તાને કોણ જાણે કેમ પણ સ્ત્રીઓનું જ ખૂન પીવાની ચડ પડી હતી. કારણો અનેક બનાવાતાં, પણ એ સર્વ અનુમાનો હતાં. કદાચિત્ કાના ચિત્તાને સ્ત્રી-ઓની કમજોરીનો આભાસ મળી ગયો હશે. પણ એમાં સંદેહ નહોતો કે એ સ્ત્રીઓને જ મારતો હતો.

ત્રીજેચોથે દિવસે પહાડના એક શિખરથી બીજા શિખર સુધી આ શબ્દો સંભળાતા: 'લઇ ગયો! લઈ ગયો!! અમુકની સ્ત્રી, અમુકની બહેન અથવા અમુકની દીકરીને લઇ ગયો!' લોકો હેરાન હતા. એમને સમ-જાતું જ નહોતું કે આ રાક્ષસ કાના ચિત્તાથી શી રીતે મુક્ત થઈ શકાય. શું મંત્રજંત્ર કરવા? કયા દેવદેવીની

માનતા માનવી કે આનાથી પિંડ છૂટે? બેચાર વાર કાના ઉપર ફાયર પણ કરવામાં આવ્યા હતા. એને ગોળીઓ પણ વાગેલી; પણ એનાથી એને કશી આંચ ન આવી. ભોળા ભલા ગામડિયાઓ કલ્પના કરવા લાગ્યા કે ચિત્તાના રૂપમાં એ તો પ્રેત છે અને એને મારવો અસંભવિત છે! ગોળી એને વાગીને પાણી થઈ જાય છે, એ ક્યારેક માણસનું રૂપ પણ ધરે છે, આવી વાતો સડકની ચારે બાજુ ફેલાઈ ગઇ હતી. સ્ત્રીઓ પોતાના મોતની ઘડીઓ ગણતી હતી. કોઇને ખબર નહોતી કે ક્યારે કઇ સ્ત્રી કાનાનો શિકાર બનશે!

જ્યારે કોઇ સ્ત્રી મારી જતી ત્યારે બેચાર દિવસ સુધી બીજી સ્ત્રીઓ જંગલમાં ઘાસ વાઢવા અને લાકડાં કાપવા ન જતી. પણ પહાડમાં તો જંગલમાંથી ઘાસ અને લાકડાં લાવવાનું કામ લગભગ સ્ત્રીઓ જ કરે છે. સ્ત્રીઓ જ ખેતીમાં મદદ કરે છે. સ્ત્રીઓ વિના તો ખેતી વેરાન થઇ જાય. પછી એમને ખેતરે કે જંગલમાં ગયા વિના કોઇ છુટકો જ નહિ. મહામુસીબત હતી. મરણજીવનનો પ્રશ્ન હતો. કહે છે કે ગાંધારીએ પણ ઘોર વિપત્તિમાં, ઉદરપૂર્તિને ખાતર પોતાના પ્રિય પુત્રોની લાશ પર ચઢીને બોર તોડવાના પ્રયત્નો કર્યા હતા. તો પછી બિચારી ગામડાંની સ્ત્રીઓ પોતાનાં પશુઓને માટે ઘાસ કેમ ન લાવે? હારીને ચારપાંચનું ટોળું બનીને જતી.પણ કાનો અવસર મેળવીનેઅચૂકછાપોમારતોજ.

નોકરીના ખબર સાંભળીને જેમ ભણેલા બેકારો ધસે છે અને પોતાની યોગ્યતાનાં સર્ટિફિકેટ દેખાડતા ફરે છે એ જ રીતે કાનાને મારવા માટે ચારે તરફના શિકારીઓ પહાડમાં ઊતરી પડ્યા. કોઇ કહેતું કે મેં અમુક સ્થળે બળદ જેટલો મોટો વાઘ માર્યો છે; આ કાના ચિત્તાનો તો કંઇ હિસાબ નથી. પરંતુ એમાંનું કોઇ જંગલમાં ઘૂસતું નહોતું અને રાત્રે એના શિકારને માટે બેસતું પણ નહોતું.

શાંત જળાશયમાં ફેંકાએલા પત્થરથી જેમ ગોળ તરંગો ધીમેધીમે વિસ્તરતા જાય છે તેમ ચિત્તાનું ઉત્પાતક્ષેત્ર વધવા માંડ્યું. કાનાએ એક દિવસ સવારના અગિયાર વાગ્યે તિહરીની પાસે જ એક સ્ત્રીને ઝડપી. શું વાઘ જ પાસે ને પાસે આવતો જતો હતો કે પ્રેતરૂપે કાનો ભાગીરથીની ગોદમાં વસેલા તિહરી પર આક્રમણ કરવા માગતો હતો?

અમને પણ કહેવામાં આવ્યું કે કાનાને મારવાનો પ્રયત્ન કરો. પ્રયત્ન તો કરત, પણ ચિત્તાના સ્વભાવથી અમે પરિચિત હતા અને જાણતા હતા કે આદમખોર ચિત્તાને મારવા માટે શિકારીએ એકાગ્ર બનીને એના શિકારક્ષેત્રમાં જઇને ડેરાતંબુ નાખવા જોઇએ. અમને એટલો સમય નહોતો. દસમી શ્રેણીના વિદ્યાર્થીઓની પરીક્ષા પાસે હતી. જવાથી એમનાં ભણતરને નુકસાન થાય એમ હતું એટલે અમે ન ગયા.

એમ કરતાંકરતાં બે દિવસની રજા આવી. બંદૂક લઇને અમે નીકળી પડ્યા. મારી સાથે પંડિત લક્ષ્મીદત્ત, ભૂપાલસિંહ ડ્રિલમાસ્તર અને બાબુ યમુનાસ્વરૂપ મિર્ઝાંજી હતા. ભૂપાલસિંહ જૂના પાપી હતા. એમણે તો વાઘવરૂઓમાં જ જીવન વીતાવ્યું હતું. અમે ત્રણે શિકારે ચાલ્યા. પણ મિર્ઝાં સાહેબ તમાશબીન હતા. મિર્ઝાં હાસ્યરસનો અવતાર છે અને અચ્છા ગવૈયા છે. હાજરજવાબી તો એમની કમાલ છે. અને તંદુરસ્તી? ખુદાખુદા! જાણે હાલતું ચાલતું હાડપિંજર! જંગલમાં જો ચિત્તો એમને કદાચ જોઇ લે તો એમ જ માને કે મુડદું કબ્રસ્તાનમાંથી ઊઠીને આવ્યું છે. મિર્ઝાં મજાના ભાવુક માણસ છે. કોઈપણ વાત પર કુરબાન થઇ જનાર આદમી છે. તમે એમ કહી દો કે વાઘના કાન પકડવામાં દોસ્તીની ભલાઇ છે, તો પછી મિર્ઝાં સાહેબ ચૂકે નહિ; પછી ભલેને વાઘ એમનું હાડકું યે ન રહેવા દે. મારામાં એમને ખૂબ શ્રદ્ધા છે. મને ખરા દિલથી ચાહે છે અને મારા પ્રત્યે આદર રાખે છે. મને પોતાનો રહનુમા માને છે. પછી હું એમની ઇચ્છાની અવગણના કરું એ કેમ બને? મેં ધારેલું કે એમને જંગલમાં તો સાથે નહિ લઇએ; પણ માર્ગમાં મજા આવશે. લક્ષ્મીદત્તની શેખી બંધ થઇ જશે.

તિહરીથી છ સાત માઇલ દૂર પહોંચવું હતું. પાંચ માઇલનું ચઢાણ હતું. અમારી પાસે બંદૂકો હતી અને મિર્ઝાંજી પાસે લાઠી. મેં પૂછ્યું, 'હજરત, શિકારમાં લાઠીનું શું કામ છે?' ઉત્તર મળ્યો, 'પેટમાં કબજિયાત રહે છે. રેચક ઔષધિ હવે કામ નથી કરતી. ચિત્તાનાં દર્શન કબજિયાતનો નાશ કરનાર હોય છે, એટલે દર્શન કરીને આને આધારે બેસી જઈશું!'

થોડે દૂર ચાલીને લક્ષ્મીદત્તે કહ્યું, 'મિર્ઝાંજી, આપને

તો કશી વાતની ચિંતા નથી. પછી શા માટે સૂકાતા જાઓ છો?' મિર્ઝાં બોલ્યા:

'કબાબે સીખ હૈં હમ કરવટેં હરસૂ બદલતે હૈં
જો જલ ઉઠતા હૈ યહ પહલૂ તો વહ પહલૂ બદલતે હૈં.'

આવી રીતે આમોદપ્રમોદમાં ડાવરી નામના ગામમાં પહોંચ્યા. થાકથી મિર્ઝાંના બુરા હાલ થયા હતા. તરત જ ખાટલાનું શરણ લીધું. અમે લોકોએ ગામની આસપાસ જગ્યા જોઇ. છ સાત દિવસ પહેલાં કાનાએ આ ગામ પર છાપો માર્યો હતો. ફરી પાછો એની માનવીચોથ વસૂલ કરવા ક્યાંક હુમલો ન કરે એથી લોકો સાવધાન હતા. એ લોકો અમારા આવવાથી એટલા બધા પ્રસન્ન થઇ ગયા કે જાણે ડૂબતાને મદદ મળી ગઇ. કાકલૂદીભરેલી એમની વાણીમાંથી અને દયા યાચતી મુખાકૃતિમાંથી, પ્રત્યેક અંગમાંથી ધન્યવાદનો ભાવ ટપકતો હતો.

અંધારું થવા માંડયું એટલે અમે રાતવાસો રહેવાને સ્થળે પાછા આવ્યા. જમ્યા અને મિર્ઝાંને સૂતા મૂકી અમે ત્રણે જણા ગામની ત્રણે બાજુએ સંતાઇને બેઠા. ગામલોકોને લાગ્યું કે આજની રાત તો સુખની ઊંઘ લઇએ. સ્ત્રીઓનો ખ્યાલ હતો કે આજે તો એઓ બેધડક ઊંઘ લઇ શકશે. એક રીતે અંતરથી ઇચ્છતી પણ હતી કે કાનો આજે આવે તો સારું. ત્રણ શિકારી આજે એમના ગામનું રખોપું કરે છે. એ મોરચામાંથી તે કાનો ક્યાંથી આવવાનો છે? ચક્રવ્યૂહમાં પડીને પછી નીકળવાનું કેવું? અભિમન્યુને પણ પોતાના પ્રાણથી હાથ ધોવા પડયા હતા. આશા—બલવતી આશા—અને ભયનો અભાવ માણસને કોણ જાણે કેવાં કેવાં સુખસપનાં લાવે છે.

ડાવરીના ગામલોકો પણ આવા જ વિશ્વાસે ઊંઘતા હતા. ત્રણ શિકારી અને ત્રણ બંદૂકો, જેની છ તો નળીઓ. આ છ નળી—છ કારતુસો વટાવીને કાનો શી રીતે બચવાનો છે? આજે બચ્ચો આવે તો એને ખબર પડે કે માણસનો શિકાર કેમ થાય છે.

અમે લોકો ઉઘાડી આંખે અમારી જગ્યાએથી શિકારની રાહ જોઈ રહ્યા. ગાયબળદના વાગોળવાનો અવાજ અને એમનાં ગળાંમાં બાંધેલી ઘંટડીઓના રણકાર સંભળાતા હતા. જંગલમાં ફીડા અને કીટકોનો સાધારણ ધ્વનિ હતો. ક્યારેક ચીબરીનો અવાજ આવતો. બાકી બધે શાંતિ હતી. ઘોર રાત્રિ હતી. ઉપર આકાશમાં ઝબકતા તારાઓ જાણે માનવીની નિર્બળતા પર મૂક હાસ્ય હસતા હતા. એ ઘોર નીરવતામાં હું સંકોચાઇને કાનાની પ્રતીક્ષામાં બેઠો હતો. પ્રતીક્ષા કરતાં કરતાં આંખો થાકી ગઇ. મળસ્કું થવા આવ્યું. વિરહી ચન્દ્રમાએ પણ રસ્તો માપ્યો. ઉષા ઊગી. કૂકડાએ બાંગ પોકારી. લોકોએ પોતાનાં પશુઓને ઘરમાંથી બહાર લાવીને બાંધવા માંડ્યાં. ઘંટીનો ઘરઘરાટ અને વલોણાંના ધ્વનિથી કાન ભરાઇ ગયા. અત્યારે ઉતારે હોત તો મિર્ઝાં પાસેથી ભૈરવીની મીઠી તાનો સાંભળત. પરંતુ વલોણાંના ઘમ્મર અવાજ ભૈરવીથી ઓછા સુખદ નહોતા.

નિત્યકર્મથી પરવારીને અમે ચહા પીતા હતા અને વાઘની વાતો કરતા હતા. એક બુઢ્ઢો બોલ્યો, 'આ કાનો ભારે તસ્કર છે. એ તો ભૂત છે. એ ઓછો મરવાનો છે?'

બીજો આદમી: અરે એનો બાપ પણ મરી જાય. પણ આવે ત્યારે ને? આવે નહિ તેનું શું થાય?

ત્રીજો: (ગાળ દઇને) આવશે કેમ નહિ? ચારપાંચ દિવસ રોકાશો તો જરૂર હાથ આવશે.

મેં કહ્યું: હા, દસબાર દિવસ જો એની પાછળ પડીએ તો એને મારવાની સંભાવના ખરી. જંગલના એક ઊંચા ભાગમાં લાકડાના માળામાં સ્ત્રીનાં કપડાં પહેરીને કોઇ શિકારીએ બેસવું જોઇએ. એ માળો બે ભાગમાં વહેંચાએલો હોય. એકમાં માણસો સુરક્ષિત હોય અને બીજો ભાગ ખુલ્લો હોય, એટલે ચિત્તો અંદર આવે કે તરત જ દરવાજો બંધ થઇ જાય.

મિર્ઝાં: અને શિકારી સાથેસાથ પોતાના શરીર સાથે એક કમોડ પણ બાંધી જાય કે વખતે ચિત્તાને જોઇને જો .... થાય તો કપડાં ખરાબ ન થાય.'

મિર્ઝાંની વાત સાંભળીને સૌ ખડખડાટ હસી પડયા.

છેવટે સર્વાનુમતે એવો નિશ્ચય થયો કે જમ્યા પછી બપોરે જંગલમાં કાનાને છેતરવાની કંઇક ગોઠવણ કરીશું. તાપણીની પાસેથી અમે ઊઠવાનો વિચાર કરતા હતા. બેચાર જણા તો ઊભા યે થઈ ગયા હતા ત્યાં ગામના એક ખૂણામાંથી શોરબકોર સંભળાયો. શોરબકોર વિપત્તિસૂચક હતો. સૌ એ બાજુ દોડી ગયા. જઇને જોયું તો ત્રણ અને ચાર વર્ષની ઉમરનાં નાનાં નાનાં બાળકો દયામણી આંખે વિલાપ કરી રહ્યાં હતાં:

'મા તું કયાં ગઇ? મા, સાંભળતી કેમ નથી? મા, ભૂખ લાગી છે. મા, દૂધ આપને? મા, આવતી કેમ નથી, મા?'

જોઇને મગજ થંભી ગયું! કરુણ રસે–બચ્ચાંઓની નિર્દોષ કકળતી બોલીએ–હૃદય ભીંજવી દીધું. આગળ જઇને જોયું તો હોશ ઊડી ગયા! લોહીની ધાર અને ઢસરડો સ્પષ્ટ દેખાયાં. ઉફ! કાનો રાત્રે આવીને એ બે બાળકોની માતા જે બિચારી રાત્રે લઘુશંકા કરવા નીકળી હશે તેને પકડી ગયો. ગામની જે બાજુથી અમને જરા યે ભય નહોતો તે જ બાજુથી એ આવ્યો હતો.

તે દિવસથી ગામના લોકોને સંપૂર્ણ વિશ્વાસ થઇ ગયો કે કાનો પશુ યોનિમાં કોઈ ભયંકર પ્રેત છે. મેં એમને ઘણી યે ધીરજ આપી; પણ એ તો જેને વીતે તેને ખબર પડે. આ ગામમાંથી એક જ મહિનામાં ચાર સ્ત્રીઓને કાનો લઇ ગયો હતો. હિંદુસ્તાની કિસાનો મોત અને વિપત્તિને ચતુર સાહસથી સહન કરે છે. મોત, રોગ અને અત્યાચાર એમને માટે સાધારણ બનાવો થઇ રહ્યા છે. એ તો રોજનો ક્રમ છે, જે આવે જ છે.

અમે ઘણો પ્રયત્ન કર્યો કે લોકો અમારી સાથે જંગલમાં આવે અને કાનાની શોધ કરે; પરંતુ એકકે ય માણસ આવવા તૈયાર ન થયો. 'શું થશે મહારાજ? એ ચિત્તાને કોઇ નહિ મારી શકે. અમારા ભાગ્યમાં હશે તે થશે.'

આ મૂઢતાની પણ કંઇક સીમા હતી. મનુષ્ય અને પશુમાં અંતર કરાવનાર બુદ્ધિ છે. આ જડતાના લાભ અનેક છે; પરંતુ એનો દંડ પણ વિકટ છે.

અમે ગામલોકોને મૂર્ખ માનતા હતા; ગામવાળા અમને પાગલ સમજતા હતા. અને અમે કોઇની પણ સહાય વિના તિહરીમસૂરીની સડક ભણી ચાલી નીકળ્યા. મિર્ઝાજી પણ પૂછડીની જેમ સાથે હતા. જો ગામવાળા સાથ દેત તો એ જંગલની આસપાસ થોડી શોધ કરી શકાત; અને કદાચિત કાનો મળત.

અમે લોકો ચિત્તાની શોધમાં ચાલ્યા. એક માઇલ દૂર પેલી સ્ત્રીની ખાધેલી લાશ મળી. ચિત્તો આસપાસ એક માઇલના વિસ્તારમાં જ હશે પણ સંખ્યાબંધ માણસો વિના એનો પત્તો લાગવો મુશ્કેલ હતો. લાશ પર રાત્રે બેસવું પણ નકામું હતું કારણકે મનુષ્યભક્ષી ચિત્તા લાશ પર બીજી વાર નથી આવતા.

ખાડાટેકરાવાળો રસ્તો કાપીને અમે ઐલંગી ગામમાં પહોંચ્યા. ત્યાંથી સડક તરફ ઉતાર શરૂ થાય છે. રસ્તામાં ચકોર અને તેતર મળવાની સંભાવના હતી. ચિત્તાનો તો કોઇ મોકો નહોતો એટલે લક્ષ્મીદત્ત અને ભૂપાલસિંહ જુદા પડી ગયા, કે વખત છે ને થોડા ચકોર–તેતર હાથ લાગી જાય. મિર્ઝાએ અને મેં રસ્તે રસ્તે ચાલવા માંડયું. મેં ચકલીઓને મારવું છોડી દીધું હતું. પણ રસ્તામાં મારી બંદૂક અનાયાસે ચાલી ગઇ. બંદૂક ઘોડા વિનાની હતી; એનો સેફ્ટીકૅચ ઢીલો થઇ ગયો હતો. આંગળી પરથી એ હટી ગયો અને નીચેનો ઘોડો દબાઇ ગયો. 'ધાંય' શબ્દ થયો અને મારો પગ એક ઇંચથી બચી ગયો. બચવાનું કારણ એ હતું કે હું બંદૂક પકડવાના નિયમને ચીવટથી પાળું છું. બંદૂક ભરેલી હોય કે ખાલી, એની નળી ચાલતી વખતે હમેશ ઉપર આકાશ તરફ અથવા નીચે જમીન તરફ રાખવી જોઇએ.

સડક પર આવીને અમે એક પીપળા આગળ બેઠા અને લક્ષ્મીદત્તે ચકોરની પાંખો જુદી કરીને સાફ કરી ઝોળીમાં મૂકયું. ખાવાની ચીજ મળી જાય એટલે ઉદરંભરિ શિકારીઓની શિકારયાત્રા સફળ થઇ મનાય છે.

સમીસાંજે પડેલું મોઢું લઇને અમે પાછા ફર્યા. શિકારીને સર્વદા સફળતા નથી મળતી. વાઘ અને વરૂ રસ્તામાં નથી પડયા. એ અનાયાસે હાથ નથી લાગતા અને કયારેક શિકારીના મનોરથ ફળી જાય તો તો પછી વાત જ શી?

કાનાની શોધના પાંચ છ દિવસ પછી એક દહાડો ઘેરથી નિશાળે જતી વખતે તિહરીની એકમાત્ર સુંદરતા એના ટાવર પાસે સડકોની બીજી બાજુ દીવાલને અડકીને ચીંથરાંથી ઢંકાએલી કંઇક વસ્તુ માલૂમ પડી. આગળ જઇ જોયું તો એક બુઢ્ઢી ભિખારણ નીકળી! આખી રાત ટાઢમાં ઠરી જઇને અત્યારે દિવસ ચઢયે સૂર્યનાં સુખદ કિરણોની ગરમીમાંથી આરામ મેળવીને નીરાતે ઊંઘતી હતી. એની પાસે એકતારો પડયો હતો. બીજી પણ કોઇ વસ્તુ હશે, પણ મેં જોવા રોકાવાનો પ્રયત્ન ન કર્યો. પ્રયત્ન શા માટે કરું? ભારતવર્ષમાં તો જયાં જુઓ ત્યાં સેંકડો ભિખારી દેખાય છે. હવે ચીંથરાંના ઢગલામાં કંઇ ખાસ વસ્તુ નહોતી કે આકર્ષણ કરે. ભૂખ્યા લોકો અનાથ બાળકો અને પીડિત કિસાનોનાં દશ્યો જોઇ જોઇને હૃદયમાં એક પ્રકારની કઠોરતા આવી ગઇ હતી;

એટલે એ ઢગલાની નીચે ઢંકાએલી વ્યક્તિને સાધારણ વસ્તુ માનીને હું ઝડપથી નિશાળે પહોંચ્યો. સ્કૂલમાં રાબેતા મુજબ કોલાહલ હતો. હાઇસ્કૂલના ભણતરની કસોટી એ યુનિવર્સિટીની પરીક્ષાના પરિણામ પર આધાર રાખે છે. છોકરાનું ચારિત્ર્ય અને સંસારસાગર પાર કરવાની એની શક્તિ ભલે માટીમાં મળી જાય; વિદ્યાર્થીનું શરીર ભલે કથળી જાય, આંખો અંદર ચાલી જાય, ગાલ સુકાઇને નેત્રો તેજહીન બનીને ભલે એનું ખૂન સફેદ બનાવી દે પરંતુ પરીક્ષામાં એણે પહેલા અથવા બીજા નંબરે જરૂર રહેવું જોઇએ.

નિશાળથી વળતી વખતે ફરી પાછા એ જ વિચારો ઊઠવા લાગ્યા કે આ વિદ્યાર્થીઓ પોતાની રોજી શી રીતે કમાશે? એમ ને એમ ટાવર આવી ગયું. અને ત્યાં જે દૃશ્ય જોયું તેનું શું કહેવું? માણસોની ઠઠ જામી હતી. એમાં વધારે તો વિદ્યાર્થીઓ જ હતા. મને જોઇને એ લોકો તરત જ દૂર હટી ગયા અને રસ્તો કરી આપ્યો. હું ત્યાં ઊભો રહીને જોવા તથા સાંભળવા લાગ્યો. સવારવાળાં ચીંથરાંઓમાંથી ઊઠીને પેલી બુઢ્ઢી એકતારા પર તલ્લીન થઇને હાથ ચલાવતી ગાતી હતી. એને પોતાની ચારે બાજુ જામેલી ભીડનું ભાન નહોતું.

આ બુઢ્ઢી આખા ગામમાં પોતાની ઇચ્છાનુસાર ભજનો ગાતી હતી પણ કોઈની સાથે બોલતી નહોતી. કોઇએ એને જમતાં જોઇ નહોતી અને એના આ પ્રકારના વર્તનથી લોકોને સંદેહ થવા લાગ્યો હતો. મનની શંકાભરી અવસ્થામાં રાઇનો પહાડ બનાવવામાં આવે છે અને માણસ પોતાની રૂચિ પ્રમાણે વિચિત્ર ચિત્રો ખેંચે છે. લોકોને આ બુઢ્ઢીમાં કોઇ પ્રલયકારી પ્રેત દેખાવા માંડ્યું. 'ગમે તેમ હોય પણ આ કાળકા ડાકણ અથવા ચુડેલ છે. એ જ ચિત્તાનું રૂપ ધારણ કરીને સ્ત્રીઓ ખાઇ જાય છે. રાત્રે બરાબર બાર વાગતાં મેં એને ચિત્તો બનતાં જોઇ છે. અને જો હું બારણાં બંધ ન કરી દેત તો મને જ ખાઇ જાત.' આવી વાતો લોકોમાં ગુપચુપ થવા માંડી. પણ એ બુઢ્ઢી તો પોતાની ધૂનમાં મસ્ત હતી. જનતાનો મત ઝંઝાવાત જેવો હોય છે અને એનો તિરસ્કાર નરકથી પણ વધારે ભયાનક હોય છે. હજી પાંચ છ દિવસ પહેલાં તો લોકો એને સાંભળવા તૂટી પડતા. હવે લોકો ઇચ્છતા કે આ બલા શી રીતે ટળે. પણ એને કાઢી શી રીતે મૂકવી? બીજો કોઇ ઇલાજ નહોતો એટલે એના પર શાપ વરસાવીને પોતાનું હૃદય હલકું કરી લેતા.


આઠદસ દિવસ પછી ગામમાં સમાચાર ફેલાયા કે પેલી કાળી ડોશી ક્યાંક ચાલી ગઇ. પણ અમે તો આગલી રાત્રે જ સાંભળ્યું હતું કે બુઢ્ઢી તિહરી–મસૂરીવાળી સડક પર ચાલી જતી હતી ત્યાં કાનાનો શિકાર બની ગઇ. બુઢ્ઢીના મોતથી લોકોને હવે ખાત્રી થઇ ગઇ કે એ ચુડેલ અથવા ડાકણ નહોતી, પણ ખરી વિરક્તા હતી અને એનું તો સન્માન કરવું જોઇતું હતું!

પરંતુ, મોત–જીવનની એક આવશ્યક અવસ્થા –ક્યારેક કોઇ વ્યક્તિવિશેષને ખાસ કાર્યનું કારણ બનાવે છે. બુઢ્ઢીના મૃત્યુથી એક ગામડિયા યુવક પર વજ્રપાત થયો. એ આ ડોશીનો ભક્ત હતો. એણે તો એ કાળકામાં કૃષ્ણ ભગવાન નીરખ્યા હતા અને સર્વ ધર્મો ત્યજીને એને શરણે ગયો હતો. એ તો એ બુઢ્ઢીના મૃત્યુનો બદલો લેવા તૈયાર થઇ ગયો. એનાં લોહિયાળ નેત્રો, દીર્ઘકાય શરીર અને ક્રોધિત આકૃતિથી લાગતું હતું કે એ કોઇનો પ્રાણ લેવા અથવા પોતાનો પ્રાણ આપવા તૈયાર છે. સવારથી રાતના આઠનવ વાગતાં સુધી એ જુવાન ચિત્તાના સામ્રાજ્યમાં ગાંડાની જેમ રખડતો. એની પાસે બંદૂક અથવા તલવાર નહોતી. માત્ર એક ખુખરી હતી. એ પોતાની લોહતરસી ખુખરીને ચિત્તાના તાજા ખૂનથી તૃપ્ત કરવા માગતો હતો. એ ખૂબ રઝળ્યો પણ એને કાનાનો સામનો ન થયો. અને કદાચ થયો હોત તો પણ એ ખુખરીથી કાનો મરત? ટીટોડી સમુદ્રને શી રીતે ઉલેચી શકત? અંતે હારીને ખુલ્લા મેદાનમાં ચિત્તાનો મુકાબલો અસંભવિત લાગ્યો એટલે એને છળકપટથી કામ લેવું પડ્યું. એ જુવાનને સમજાયું કે કપટમાં શ્રદ્ધા રાખનાર કપટથી જ જિતાય છે. મોગલોનો મુકાબલો રાજપૂતો પોતાની શુદ્ધ ક્ષત્રિયનીતિથી ન કરી શકયા. પણ મોગલોનું માનમર્દન તો મરાઠાઓએ કર્યું. શિવાજીએ અફજલખાંનું ખૂન કર્યું—કોઈ રાજપૂત એવું ન કરી શકત. એ જુવાનને વિશ્વાસ બેસી ગયો કે સત્યની રક્ષાને માટે, સિદ્ધાંતની પુષ્ટિને માટે, અહિંસાને ખાતર અને આત્મબળની સ્થાપનાને માટે ક્યારેક હિંસા કરવી પડે છે, છળકપટનો સહારો લેવો પડે છે. એટલે એણે કાના ઉપર છળથી વાર કરવાનો નિશ્ચય કર્યો.

હવે એ ખુલ્લા જંગલમાં ચિત્તાની પાછળ રખડતો ન હતો, પણ ગાઢ ઝાડીઓમાં છુપાઇ રહેતો અને બકરો બાંધતો. પરંતુ તોયે કાનો ન આવ્યો. એક દિવસ એ એક કૂતરાને બાંધીને બેઠો. કાનો આવ્યો અને વીજળીની જેમ લપકીને કૂતરો લઇ ગયો. જુવાન જોઇ જ રહ્યો. એ તો ખસિયાણો પડી ગયો. આખરે એને બંદૂકની શોધ કરવી પડી. કારતુસી બંદૂક મેળવવી એને માટે મુશ્કેલ હતું, એટલે ટોપીદાર બંદૂકથી એણે સંતોષ માન્યો. એણે માન્યું કે એની મનોકામના પૂરી થઇ. પણ બંદૂક બાંધવાથી જ માત્ર શિકારી થઇ જવાતું નથી, જેમ પુસ્તકો સંઘરવાથી કંઇ પંડિત થઇ જવાતું નથી. એ જુવાનને અનુભવી શિકારીઓની સલાહ લેવી પડી. ઘણા વિચારને અંતે એમ નક્કી થયું કે કાનાને ઠગવો જોઇએ. હવે પ્રપંચ કર્યા વિના કામ નહિ ચાલે. એટલે ઉદકોટ પટ્ટીના નૈલ ગામથી લગભગ એક માઇલ દૂર નાળાને પેલે પાર એક જંગલ-વાળા મકાનની તજવીજ કરવામાં આવી. કાના ચિત્તાના ડરથી આ મકાન ખાલી કરવામાં આવ્યું હતું. મકાન માલિક એ મકાનનાં કમાડ સુદ્ધાં ઉતારી લઇ ગયો હતો. ફરીથી એમાં કમાડ લગાડ્યાં. એક બારણું બંધ કરીને એની પાછળ, કમાડને અડકીને જમીનમાં એક મોટી મેખ એવી ઠોકી કે ધક્કો મારવાથી પણ કમાડ હાલે નહિ. બીજા સાંકળવાળા કમાડમાં એક મજબૂત અને લાંબી સાંકળ લગાવવામાં આવી—એટલી લાંબી કે દસ ગજ દૂરની લંબાઇથી પણ એ ખેંચી શકાય, અને એને લોખંડની એક ભારે સાખ સાથે જડવાની ગોઠવણ કરી. એક નાની સાંકળ પહેલાંથી જ કમાડમાં હતી. આ ડબલ તાળાની વ્યવસ્થા હતી. મોટી સાંકળનો છેડો ઘાસ અને ઝાંખરાંથી આચ્છાદિત કરીને દેખાળાના ઢગલામાં મૂકવામાં આવ્યો અને એ ઢગલામાં બે માણસોને બેસવાની ગોઠવણ કરવામાં આવી. મકાનની અંદર સ્ત્રીની એક પ્રતિમા બેસાડવામાં આવી. એને પહાડી ઢંગનો એક લેંઘો અને સ્વચ્છ ચાદર પહેરાવ્યાં. પ્રતિમાનો એક હાથ ઘંટી પર મૂકવામાં આવ્યો અને બીજો હાથ અનાજથી ભરેલી ટોપલીમાં. બહારથી જોનારને એમ લાગે કે કોઇ રૂપગર્વિતા પોતાના પતિને માટે પ્રેમથી લોટ દળવા બેઠી છે! મકાનમાં બેચાર બકરીઓ પણ બાંધી દીધી, એટલે વાઘ ધોખો ન સમજે. એને લાગે કે મકાનમાં માણસો અને એમનાં જનાવરો પણ રહે છે.

કેટલાયે દિવસની આવી તૈયારીઓ પછી એક રાત્રે પેલો ખૂનતરસ્યો જુવાન અનુભવી શિકારીની સાથે નક્કી કરેલી જગ્યાએ બેઠો. ચાંદની રાત હતી એટલે દરેક વસ્તુ સ્પષ્ટ દેખાતી. બકરીઓએ તો સમીસાંજથી બેં બેં કરવાનું શરૂ કરી દીધું હતું. ગમે તે હિંસક પશુને માટે આ લોભાવનારૂં નિમંત્રણ હતું. પરંતુ આદમખોર ચિત્તો માણસના ગીદા માંસનો પારખુ હોય છે. યુવક અને એનો સાથી સાવધાન થઇને બેઠા હતા અને ઈશ્વરને યાચી રહ્યા હતા કે હે ભગવન્! ઘણી તપશ્ચર્યા કરી; હવે તો કૃપા કરીને શત્રુથી બદલો લેવાનો અવસર આપો. એ લોકોની પ્રાર્થના જાણે બહેરા ભગવાને તે દિવસે સાંભળી. પોતાની કરામત અજમાવવા કાના સાહેબ પેલા મકાન પાસેથી થઇ મધરાતે નીકળ્યા. આવીને વાંકા વળી, મકાનની અંદર દૃષ્ટિપાત કર્યો. જોતાં જ મોઢામાં પાણી આવી ગયું. આમતેમ જોઇને માત્ર પંજા પર ચાલતો કાનો ગુપચુપ દરવાજા સુધી પહોંચ્યો અને લપકીને અંદર ઘુસ્યો. ત્યાં તો ધડાક દઇને બારણાં બંધ થઇ ગયાં! મોટી સાંકળ ત્યાં જ વસાઇ ગઇ અને તરત જ પેલા બંધ સ્થાનમાંથી યુવક ખુખરી લઇને બહાર નીકળ્યો અને બીજી નાની સાંકળ પણ વાસી દીધી. સાથેસાથે એમાં તાળું યે દઇ દીધું. કાનો અંદર ઘુરકી રહ્યો હતો અને બહાર બે માણસો એને ગાળો દેતા હતા. તાળું વાસીને બંને જણ આખી રાત જાગતા બેસી રહ્યા. ખુખરી અને ટોપીદાર બંદૂક તૈયાર હતી. પણ થોડી વાર પછી કાનો જાણે ગુપચુપ થઇ ગયો. સવાર પડતાં જ ગામમાં કાનો કેદ પકડાયાની વાત ફેલાઈ ગઇ. આખું ગામ ઉલટ્યું. મોટાં અને વૃદ્ધો, જુવાનો ને બાળકો, બુઢ્ઢીઓ, યુવતીઓ ને બાળાઓ સૌ આવ્યાં. પેલી નાની છોકરીઓ પણ આવી, જેમની જનેતાને કાનો ખાઇ ગયો હતો. મકાનમાં એક કાણું પાડવામાં આવ્યું અને તેમાંથી લોકોએ કાનાનાં દર્શન કર્યાં. ખૂણામાં સંકોચાઇને પડેલો એ કેટલો નાનો લાગતો ! ચાર દિવસ સુધી કાનો પ્રદર્શનની ચીજ બની ગયો અને પાંચમે દિવસે એ જ કાણામાંથી એ જ જુવાને પેલી ટોપીદાર બંદૂકથી એને વીંધી નાખ્યો. આમ એ કરામતી કાનો અંતે કૂતરાને મોતે મર્યો.

શ્રીરામ શર્માના હિંદી પરથી અનુવાદક **કિસનસિંહ ચાવડા**



શરીરની જૂ (મોટું કરેલું)

ગત મહાયુદ્ધમાં પોતાનો પરચો બતાવનાર, કેટલા યે તાવોની જ નહિ, પણ જેનાં મોટાં નામ આપણે વાંચીને પણ ભડકી જઇએ એવા અનેક રોગોની જનેતા

. . . . . જૂ

બીજા કોઇ પણ જંતુ કરતાં માણસનો વધુ નિકટનો પરિચય સેવતી જૂથી તો કોઇ અજાણ નહિ જ હોય. જંતુશાસ્ત્રમાં તે Anoplura વર્ગમાં મુકાય છે, જેના પાછા બે ભાગો છે. Siphunculata અથવા લોહીસૂસણીઃ ને Mallophaga અથવા કરડકણી. આમાંથી પહેલા વિભાગની બધી મળી દોઢસો જાતો છે ને બીજાની સત્તરસો. આપણે જે જૂથી પરિચિત છીએ તે પહેલા વિભાગમાં આવે છે અને તે Pediculus Humanus કહેવાય છે. એની પાછી બે જાતો છે. એક વાળમાં થાય છે તે (P. Capitis) અને બીજી શરીર પર થનારી (P. Corporis). સાધારણ નજરે આપણને એ બંને પ્રકારોમાં ફરક ન જણાય, છતાં બારીકાઇથી જોતાં એ ફરક નજરે ચડ્યા સિવાય નથી રહેતો. માથામાં થતી જૂ નાની હોય છે, તેનું માથું ટૂંકું ને બુઠ્ઠું હોય છે ને પગ ટૂંકા છતાં મજબૂત હોય છે. ઉપરાંત મોટામાં મોટો ફરક તો એ હોય છે કે શરીર પરની જૂ કરતાં માથાની જૂનો રંગ વધુ કાળો હોય છે. આ રંગના ફરકનું ખાસ કારણ હજી જાણવામાં નથી આવ્યું.


ત્યારે પહેલાં આપણે માથાની જૂની જ આલોચના આદરીએ. જો કે માથું જ તેની પિતૃભૂમિ ગણાય, છતાં ઘણી વખત દાઢી કે ભવાંમાં પણ તે પોતાનું સંસ્થાન જમાવે છે. પોષણ માટે જુવાનો કરતાં તે બાળકો ને ઘરડાંઓનાં માથાં વધુ પસંદ કરે છે ને સ્ત્રીઓ તરફ તો તેને ખાસ પક્ષપાત હોય છે. માથાનો કાન ઉપરનો ભાગ એ તેનું પ્રિય રહેઠાણ છે.

વળી વતનપ્રેમ જેવું એને કશું છે જ નહિ. 'સબ ભૂમિ ગોપાલકી વામેં અટક કહાં' એ સાધૂક્તિનો જાણે પ્રત્યક્ષ નમૂનો. અને તેની ખાતરી કરવી હોય તો જૂથી ભરેલા માથાવાળા એકાદ જણની બાજુમાં એક રાત સૂઇ જોજો. એક વખત તમારા માથા પર તેનું સંસ્થાન જામ્યું કે પછી બચ્ચાંકચ્ચાંથી તે સમૃદ્ધ થતું જ જશે. એક મહિનાની વય થતાં જ તે ઇંડાં મૂકવા માંડે છે. ઘણાં યે માથાંમાં તે મોતી જેમ પરોવાઇ રહેલાં આપણે જોઇએ છીએ જેને લીખ કહીએ છીએ. ફારેગ થતાં સુધીમાં એક જૂ પોણાત્રણસોથી ત્રણસો ઇંડાં મૂકે છે.

ઇંડાં જણીને જૂ તરત જ એક ચીકણી રસીથી તે વાળ સાથે ચોંટાડી દે છે. એ રસી પછી સૂકાઇ જતાં ઈંડાં વાળ સાથે બરાબર ગઠાઇ જાય છે. લગભગ એક અઠવાડિયામાં એ સેવાઇ રહે છે ને સત્તર દિવસે તો અંદરથી નીકળેલી જૂ પ્રૌઢ પણ બની જાય છે.

આ જૂ કેટલા યે તાવોની જનની ગણાય છે. જેમનાં મોટાં નામ આપણે વાંચીને પણ ભડકી જઇએ એવા બીજા પણ રોગો તે ઉપજાવે છે. ચામડીનાં દર્દો ને મેનિન્જાઇટિસનું તે આદ્યકારણ મનાય છે. કુટુંબ-પરિવાર સાથે જેના માથામાં તે રહેતી હોય તેને ઉપર લખ્યા રોગો ન હોય તો અનિદ્રાનું દુઃખ તો હોય જ; સાથેસાથ ક્યાંય ખુલ્લે માથે બેસતાં તેને લાગતી શરમ જરૂર કોઇને દિલસોજી પેદા કરે.

માથામાં જામી ગએલી લીખોને તો તમે દરરોજ સાબુથી માથું ધૂઓ ને તેલથી ચોળો તો પણ દૂર ન કરી શકો. તેના માટે સારામાં સારો ઉપાય સરકાનો છે. જો બહુ જ લીખો પડેલી હોય ને માથું ખાતું હોય તો સરકા ને ઘાસતેલના સરખા મિશ્રણથી માથું ધોઇ નાખવું ને પછી અમુક કલાક ટુવાલમાં વીંટી રાખવું.



ઘાસતેલ બધી જૂ ને લીખો મારી નાખશે અને સરકો તેમને વાળથી છૂટી પાડી નાખશે. ત્યારબાદ ફક્ત સારી દાંતાદાર કાંસકીથી તેમનાં મડદાંના ઉકરડાને માથા પરથી સાફ કરવાનું જ રહેશે. તેમ કર્યા બાદ ફરીવાર સાબુથી માથું ધોઇને જ તમે છૂટકારાનો દમ ખેંચી શકો.

અને હવે શરીર પર થતી જૂ વિષે. આ જૂએ તો ઇતિહાસમાં જબરો ભાગ ભજવ્યો છે. ગત મહાયુદ્ધમાં ૧૯૧૪ને '૧૫ના શીઆળામાં સર્વિયાના રણક્ષેત્રમાં તેમણે ભયંકર રોગ (typhus) ફેલાવી મૂક્યો હતો; પરિણામે દોઢસો ઉપરાંત માણસો મૃત્યુ પામેલા ને આસ્ટ્રિયનોને આઠ મહિના સુધી હલ્લા માટે રાહ જોવી પડેલી.

આ જૂ હમણાં તો પાંખ વગરની છે, પણ વિજ્ઞાનશાસ્ત્રીઓના કહેવા મુજબ તેનાં દૂરનાં પૂર્વજો પાંખાળાં હતાં. એમાં માદા કદે ૩.૩ મિલિમીટરની હોય છે જ્યારે નર તેના કરતાં નાનો ને નબળો માત્ર ૩ મિલિમીટર (૧/૧૦ ઇંચ) જ. જુદાજુદા દેશોમાં તે જુદાજુદા રંગે હોય છે. પશ્ચિમ આફ્રિકા ને આસ્ટ્રેલિયાવાસીઓના શરીર પર થતી જૂ કાળી હોય છે, પીળા દેશોની પીળી ને સફેદ દેશોની કંઇક ભુખરા રંગની.

માદા મરતાં સુધીમાં પોતાના પરિવારની સંખ્યા લગભગ ચાર હજાર સુધી પહોંચાડી દે છે. તેનું ઇંડું સાતથી દસ દિવસમાં સેવાઇ જાય છે ને બહાર નીકળતાં જ લોહી ચૂસવું શરૂ કરી દે છે. પંદર દિવસમાં તો તેનું જિન્સી જીવન શરૂ થઇ જાય છે. તેના માથામાં એક પોલી ને અણીદાર સૂંઢ (proboscis) હોય છે જે વડે લોહી ચૂસવા તે ચામડીમાં છેદ પાડી લે છે. તેને છ પગ હોય છે ને દરેક પગને છેડે એકેક નહોર હોય છે. આને લઇને શરીર પરનાં કપડાંના અંદરના ભાગમાં તે સહેલાઇથી વળગી રહે છે.

સુતરાઉ કપડાં કરતાં યે ખરબચડાં, ઊન કે ફલાનલનાં કપડાં તેને વધુ પસંદ આવે છે. તાંતણાઓના ખરબચડાપણાના અભાવને લઇ તે રેશમમાં જલદી નથી ભરાઇ શકતી. જ્યારે ઇંડાં મૂકવાં હોય ત્યારે શરીર પરનાં રૂંવાં કે કપડાંના તાંતણાને તે વળગી પડે છે. પ્રવાહી સીમેન્ટ જેવું એક ટીપું પહેલાં એ મૂકે છે ને પછી તે પર ઇંડું મૂકે છે જે બધું માત્ર સત્તર સેકન્ડમાં જ બની જાય છે. પાછળથી એ પ્રવાહી સૂકાતાં ઇંડું કપડાં કે રૂંવાં પર સજ્જડ ચોંટી જાય છે.

લોહી પીવાનું મન થાય ત્યારે આ જૂ પોતાનું માથું ચામડી પર દબાવી આખું શરીર અદ્ધર કરી લે છે ને પછી સૂંઢ અંદર ભોંકી લોહી પીવાનું ચાલુ કરે છે. એક જણે તો વળગેલી જૂનું માથું કાપી નાખ્યું છતાં એ છૂટા થએલા માથામાંથી પણ સૂંઢ શરીરમાં ભોંકાઈ રહી હતી! જૂ ખાસ કરીને પ્રસ્વેદગ્રન્થિ (sweat gland) પસંદ કરે છે કે કેમ તે હજી નથી જણાયું, છતાં જ્યાં સુધી મનપસંદ ઠેકાણું ન મળે ત્યાં સુધી તે શરીર પર આમથી તેમ ફરતી જ રહે છે.

તેના અકરાંતિયાપણાને તો કોઇ ન પહોંચી શકે. હમણાં જ લોહી પાધેલું હોય છતાં મન થાય તો ફરી પીવા મંડી પડે છે ને ન પચેલા લોહીને ઉત્સર્ગદ્વારે બહાર કાઢતી આવે છે. આ તેની ખાસ રીત છે. મચ્છર જેવાં બીજાં જંતુઓ જ્યારે રોગના જંતુઓ મોં દ્વારા દાખલ કરે છે ત્યારે જૂ ઉત્સર્ગદ્વારથી તેમ કરે છે. તેના ડંખેલા ભાગ પર ચળ કરતાં તેનો મળોત્સર્ગ આપોઆપ ડંખમાં દાખલ થઇ જાય છે.

મધ્ય એશિયામાં તો જૂ પડેલાં કપડાંને કીડીઓના રાફડા પર મૂકી આવે છે. થોડી જ વારમાં કીડીઓ બધી જૂ સફાચટ કરી મૂકે છે. પણ બધે સ્થળે કીડીઓનાં દર ન મળે ને બધાંને પોતાનાં કપડાં ત્યાં મૂકવાંયે ન પોષાય. જૂ વાળાં કપડાં ઉલટાવી તડકામાં મૂકવાં ને પછી ગૅસોલીન, પૅરૅફિન કે ટર્પેન્ટાઇનથી તે ધોઇ નાખવાં એ ઇલાજ અસરકારક છે, છતાં તે માટે સારામાં સારો ઉપાય એ જ છે કે દિવસ ને રાતનાં કપડાં જુદાંજુદાં રાખવાં ને તે યે લાંબો વખત સુધી પહેરી રાખવાં નહિ, કારણ કે જંતુનાશક કોઇ દવા તો આપણી આ ચિર સહવાસિની પર કશી અસર જ નથી કરી શકતી. (સંકલિત)

વ ન વ ગ ડા નાં વા સી

અભ્યાસ અને અનુભવ ઉપરથી લખાતી જંગલવાસી જીવસૃષ્ટિની પરિચયમાળાનો આગળ હપતો

ફૂદાં અને પતંગિયાં

બાપા, આનું નામ શું? યુપ્લીઆ કોરે.

અને આનું?

ડેનેઇસ ક્રીસીપ્પસ.

અને પેલાનું? . . . . . .

અમારા ઘર આગળ નાનો બાગ છે વગર વરસાદે કરમાતા ઝેંઝવાથી ભરેલા સૂકા અવેડ ખેતરથી દાઝતી આંખોને ઠારનારો. મરુભૂમિમાં શીતળ વાવડી જેવો. સ્વચ્છંદ ઊગતી ઊંચી વિશાળકાય મેંદીની વાડ, બેચાર ગુલાબ મોગરાના છોડ, એક પીળી કરેણ, બંગલા ફરતી વાડને ઢાંકી દેતી મધમધતાં ફૂલથી છવાએલી કંથેરની ગીચ ઝાડી. આ અમારા બાગની વૃક્ષસંપત્તિ. એની આછી પુષ્પસમૃદ્ધિથી ખેંચાઇને વિવિધરંગી અનેક ભાતનાં પતંગિયાં ત્યાં આવતાં. સવારે કે સાંજે, રજા હોય ત્યારે તો આખો દિવસ હું આ વાડીમાં ભમતો, પતંગિયાં જોતો મારા વિહ્વળ ચિત્તને શાંત કરવાનો પ્રયત્ન કરતો. મારી પડખે મારી નાની પુત્રી હોય જ. જાતજાતનાં પતંગિયાં જોઇ, એમનાં નામ એ મને પૂછતી. હું કહેતો. એ જરાય સમજતી ન હતીઃ સમજવાની એને પડી પણ ન હતી. એને તો પતંગિયાંનાં નામ પૂછવા જોઇએ. તમે પણ એ નામ નહિ સમજો. હરકત નહિ. હું પોતે હજુ ય એવાં નામથી કંટાળું છું. છતાં એથી, પ્રાણિસૃષ્ટિમાં સૌથી સુન્દર, અદ્ભુત શોભાવાળાં સદૈવ સ્વૈરચારી આ પતંગિયાંને ઊડતાં જોઇ આનંદ પામવામાં અડચણ નથી આવતી. એનો પ્રત્યક્ષ પરિચય હોય તો તો એ આનંદ શતગુણ વધી જાય. આપણા દુર્ભાગ્યે આવો આનંદ મેળવવામાં આપણું પ્રાચીન (કે અર્વાચીન) સાહિત્ય આપણને મદદ નથી કરતું. કોણ જાણે શાથી પણ આપણા કાવ્યકારો, શિલ્પીઓ, રૂપ અને રેખાઅંકનથી એની શોભા હુબહુ રજુ કરી શકે એવા ચિત્રકારો યે રૂપરાશિ પતંગિયાંને ભૂલી જ ગયા છે. ભારતવર્ષ પતંગિયાંની વિવિધતામાં સૃષ્ટિમાં અજોડ દેશ છે, છતાં આપણાં સાહિત્ય અને કળામાં એને સ્થાન નથી મળ્યું એ આપણા પર લાંછન છે. એ લાંછન, પતંગિયાંને દીપશિખામાં દેહ બાળતાં ચીતરવાના ક્ષુલ્લક ઉલ્લેખથી નથી ભુસાવાનું. જ્યારે ઇતર દેશોમાં? શીઆળો જાય. વનસ્પતિમાં નવચેતન આવે ત્યારે ફૂલ પર ફેરફૂદડી ફરતાં પતંગિયાં જોવાં એ ધન્યપળ ગણાય છે. ઋતુના આરંભે પ્રથમ આવનાર પતંગિયાનું દર્શન ઉત્સવતુલ્ય મનાય છે. જાપાનમાં તો ભાગ્યે જ એવી ચિત્રસામગ્રી હશે કે જેમાં એકાદ પણ પતંગિયાને સ્થાન નહિ હોય. એની શોભાથી અંજાઇને, આદિ કાળથી વણકરોએ એનાં રૂપરંગ વિવિધ દશામાં વસ્ત્રમાં ઉતારવાના અધૂરા અફળ પ્રયત્ન કર્યા છે. એ સુન્દરતમ ચપળ કોમળ જંતુવિશેષનો આજે હું તમને અલ્પ પરિચય કરાવું છું. નવાઇની વાત એ છે કે પ્રાણિજીવનનો અભ્યાસ કરવા હું પતંગિયાંના પરિચયથી જ પ્રેરાયો હતો.


આપણે જેને પતંગિયાં કહીએ છીએ એનું અંગ્રેજી નામ Butterfly. દીવામાં દેહ બાળતાં આપણાં ફૂદાં આ પતંગિયાંનાં સાવકાં ભાઇબ્હેન. એમનું નામ Moths. એમની પાંખો પર મેંદા જેવાં બારીક રજકણ ચોંટેલાં હોય છે, જે બીજા કોઇ પણ જંતુમાં નથી દેખાતાં. આ વિશેષતાના આધારે વૈજ્ઞાનિકોએ પતંગિયાં અને ફૂદાંને સ્વતંત્ર વર્ગ[1]માં મૂક્યાં છે.

પતંગિયાં જંતુ[2]સૃષ્ટિનો એક વિભાગ. આજે પૃથ્વીપર અરધો લાખ જેટલી પતંગિયાં–ફૂદાંની જાતો વસતી જાણવામાં આવી છે. એમાં પણ પતંગિયાં તો કેવળ બાર હજાર જાતનાં જઃ બાકીનાં બધાં ફૂદાં જ. હિંદુસ્તાનમાં ૧૪૦૦ જાતનાં પતંગિયાં થાય છે. આપણા ગુજરાતમાં હજુ આ વિષય અણખેડ્યો છે. છતાં મારા એક અંગ્રેજ મિત્રે થોડાંક વર્ષ પર આવો પ્રયત્ન કરેલો ત્યારે સાદરાથી ભાવનગર વચલા પ્રદેશમાં, ૭૮ જાતનાં પતંગિયાં જોવામાં આવ્યાં હતાં. ફૂદાંને તો કોઇ જાણતું જ નથી. મેં પણ પતંગિયાં ફૂદાં સંગ્રહવા

---

૧ Lepidoptera :પાંખો પર રજકણ વાળાં.

૨ Insects. 'ષટ્પદ' છ પગ વાળાં હોય તે 'જંતુ'. કરોળિયો, વીંછી, કાનખજુરો, ઈન્દ્રગોપ–આ બધા 'જંતુ' ન કહેવાય.



આરંભ — અરધે રસ્તે — યોગનિદ્રા

કોશેટાની રચના

યત્ન કર્યો છે. પતંગિયાં અલ્પશ્રમે પકડાય. ફૂદાં માટે તો ઉજાગરા જ કરવા પડે. ગામ બહાર જવું પડે. એથી જ આ લેખમાં ફૂદાંનો વધુ પરિચય આપ્યો નથી.

વિવિધરંગી, બારીક રજકણથી છવાએલી ચાર પાંખો; મોંમાંથી લટકતી, મોટી, હાથીની સૂંઢ પેઠે વાળી શકાય એવી, લાંબી જીભ;[3] આંખ આગળ ઊગતી બે મૂછો;[4] છ પગ; તેર સાંધાવાળું, ખારેકના ઠળિયા જેવા આકારનું શરીર—પતંગિયાં અને ફૂદાંના દેહની આ રચના. આવી સમાનતા છતાં પતંગિયાં અને ફૂદાંનો ભેદ પારખવાનું અઘરું નથી.

૧ પતંગિયાં દિવસે જ ફરનારાં; રાતે ઊડનારાં હશે તો તે કોઈ જાણતું નથી. ફૂદાં બધાં રાતનાં રાજા; દિવસે કોઈક જ ઊડે છે.

૨ પતંગિયાં ફૂલ પર બેસે ત્યારે પાંખો, પીઠ પર ઊભી કરી, ભેગી સંકેલી લે છે. એ સ્થિતિમાં પાંખોની નીચેની સપાટી જ આપણી નજરે પડે છે. એથી ઊલટું, ફૂદાં બેઠાં હોય ત્યારે પાંખો પસારીને, શરીરની બંને તરફ પહોળી કરીને. એ રીતેથી પાંખોની ઉપરની સપાટી જ દેખાય.

૩ પતંગિયાંની મૂછો માથાની આગળ સીધી ટટાર રહેતી, પાતળી અક્કડ સળી જેવી, છેડેથી સહેજ જાડી. ફૂદાંની વિવિધ જાતની, અત્યંત મુલાયમ.

૪ પતંગિયાં બેઠાં હોય ત્યારે પણ મૂછો તો સીધી ટટાર રાખે છે. ફૂદાં બેસે ત્યારે મૂછો વાળી દઈ પાંખો નીચે સંતાડી દે છે.


૫ પતંગિયાંની આંખો મોટી, માથામાંથી બહાર પડતી હોય છે. ફૂદાંની આંખો ઝીણી.

૬ માથું અને ધડ—પતંગિયાંમાં જુદાં જુદાં, વચ્ચેથી સંધાએલાં લાગે. ફૂદાંમાં સળંગ, વચ્ચેથી અખંડ જેવાં: રાયણના ઠળિયાને હુબહુ મળતાં.

શરીરમાં આવો ભેદ છતાં બંને જંતુઓની જીવનચર્યા એક જ જાતની છે. માણસનાં સંતાન માતાના ગર્ભાશયમાં જ ઘડાઈને, સંપૂર્ણ અંગવાળાં જન્મે છે. પંખી, મગર, ઘણાખરા સાપ, ઘો, વગેરે મોટા ભાગનાં પ્રથમ ઈંડાં મૂકે: પછી એમાંથી બચ્ચાં જન્મે. માણસનો એક જન્મ, આ બધાંના બે જન્મ; જ્યારે (જંતુ-સૃષ્ટિની વિચિત્રતા!) પતંગિયાં અને ફૂદાંના તો ચાર અવતાર થાય છે! પહેલાં ઈંડું. પછી કીડો. ત્રીજો કોશેટો. ચોથો સંપૂર્ણ પતંગિયું કે ફૂદું. આ અવતાર-લીલા[5] પણ જોવા જેવી છે.

---

૩ Proboscis ૪ Antennae ૫ metamorphosis



કોશેટો ફાડી નીકળતું પતંગિયું — સંપૂર્ણ બહાર આવેલું પણ શિથિલ અંગોવાળું અસહાય પતંગિયું — સર્વાંગસુંદર દૃઢકાય રૂપેરંગે ઉજ્જ્વલ પતંગ હવે ઊડશે: જીવનસાથીની શોધમાં

૧ પતંગિયાંનાં ઈંડાં સ્વાભાવિક રીતે જ એમના આહારોપાદાનને અનુકૂળ વૃક્ષ વેલા કે છોડ પર મૂકેલા હોય છે. કોઈનાં પાદડાંની હેઠળ કે ઉપર; કોઇનાં ડાળી કે થડની છાલ પર ખુલ્લાં; કોઇ કોઇ તો ઝાડનાં થડ-ડાળાંને કોરી અંદર કાણામાં મૂકે છે. ઘણી વખત ઝાડનાં મૂળમાં, જમીનમાં દર કરીને પણ ઈંડાં મૂકતાં પતંગિયાં જોવામાં આવે છે. ઈંડાં હોય છે છૂટાંછવાયાં અગર ઝૂમખાંમાં. એમના સંરક્ષણ અર્થે ઘણીવાર માદા ઈંડાં ફરતી જાળ બિછાવી આવરણ કરી રાખે છે. ઘણાં ઈંડાં ખસખસથી યે નાનાં હોય છે. રૂપમાં એ બહુરંગી અને સપાટ કોટલાવાળાં હોય છે.

૨ ઈંડાના રસમાંથી ઇયળ[૬] નિષ્પન્ન થઇ કે તરત ઈંડાને ભેદીને બહાર નીકળે છે. નીકળતાંવેંત કોટલું ખાઇ જાય છે. પછી માંડે ચરવા. એનો એક જ ધંધો: આખો દિવસ ખાખા કરવાનું અને શરીર વધારવાનું. એમના દેહનો આકાર ગોળ, લાંબી નળી જેવો. કોઇ નાના, ધનેરા જેવડા. કેટલાક જહોન ફેબરની લાલ ઑફિસ પેન્સિલને યે આંટે એવા સ્થૂલકાય, ત્રણ ચાર આંગળ લાંબા. રંગે લાલ, લીલા, પીળા, કોઇ કાળા. એમનાં ૧૩ સાંધાવાળાં શરીર સુંવાળાં, કવચિત ખરબચડાં, કોઇકોઇના ડીલે જાડા બરછટ વાળનાં ઝૂમખાં.[૭] કેટલાક, પંખીની અઘાર જેવા લાગે.[૮] સુંવાળાં શરીર-વાળાંને જીવનનો ભારે ભય: પંખી, વગેરે ચટ કરી જાય; એટલે એ લપાઇ છૂપાઇને ચરતા હોય છે: ઘણે ભાગે તો પાંદડાંની તળે ચોંટેલા હોય છે. વાળ-વાળા પૂરા નિર્ભય: કોઇ એમના સામું યે ન જૂએ. માત્ર થોડા અપવાદ સિવાય. બપૈયો તે એવા જ વીણી વીણીને ખાનારો. કોઇ સીધા ચાલે. કેટલાક શરીર વચ્ચેથી અદ્ધર ઊંચકી ઊંટના ઢેકા જેવી કમાન કરીને ચાલનારા.[૯] એમને પગ હોય છે. મોંનાં જડબાં પાદડાં, છાલ વગેરે કાતરી શકાય તથા ખોરાક ચાવી શકાય એવા[૧૦] હોય છે પણ કેટલાક શૉખીન (ખાસ કરીને ફૂદાંના) કીડાને તો બધુંય ખપે: માખણ, ચામડાં, શીંગડાં, સૂકાં ફળ, અનાજ, વાળ, કપડાં, વગેરે. કોઇ અનેક ઝાડનાં ફળ, ફૂલ, પાન, રસથી શરીર

૬ કીડો: caterpillar કે larva

૭ 'કાતરા'. એ પણ એક જાતનાં ફૂદાંના જ સંતાન છે.

૮ ચોમાસામાં વડગુંદાના થડે કાળા ચીકણા લપકા દેખાય છે, તે આવા કીડા જ.

૯ એરંડાનાં પાંદડાં નીચે દેખાય છે તેવા એમાંથી ફૂદાનો અવતાર થાય છે.

૧૦ પતંગિયું સ્વભાવે જ ફૂલનો રસ પીનારૂં haustelate છે, છતાં એના કીડા ખોરાક કાતરી ચાવી ખાનારા mandibulate છે.

પોષે છે, જ્યારે બીજા કેટલાક માત્ર એક બે ઝાડને અવલંબીને જ જીવે છે. ખાતાં ખાતાં જેમ દિવસ જાય એમ શરીર વધતું જાય. એથી શરીરની ચામડી ટાટ થઇને તણાતી જાય. આખરે ફાટે એટલે કીડો નવી ચામડી ધારણ કરી જૂનીને શરીર પરથી અળગી કરેઃ સાપની કાંચળી પેઠે. ચામડીની આવી ફેરબદલી પાંચથી સાત વખત કરે છે. જેમ જેમ એ વધતો જાય તેમ ચામડીના પારદર્શક પડ હેઠે ભવિષ્યના પતંગિયાના અવયવો—પાંખ વગેરે સ્પષ્ટ દેખાય છે. આખરે એના દેહની વૃદ્ધિનો અંત આવે કે એનો સુન્દર વરણ બદલાઇને ફિક્કો પડે એટલે જાણવું કે હવે કોશેટો થવાનો વખત આવ્યો છે.

૩ કોશેટાનો વિધિ એ આખી પ્રાણિસૃષ્ટિમાં અદ્ભુત વસ્તુ છે. ઈંડાંની વાત સમજાય. કીડાની જીવનપ્રણાલિકાનું સ્પષ્ટીકરણ પણ થઇ શકે. પરંતુ કોશેટાનો વ્યવસાય તથા તેના ગર્ભમાં લેવાતી યોગ-નિદ્રાની સમસ્યા મૂંઝવનારી છે. વૈજ્ઞાનિકોએ એના ઉકેલ અર્થે અનેક પ્રયત્ન કર્યાં છે પણ હજુ એ કોયડો અગમ્ય જ રહ્યો છે.

આહારની વિપુલતાથી હૃષ્ટપુષ્ટ થએલો કીડો વધી રહે કે તરત અગર થોડા દિવસ પછી કોશેટો બનાવી સમગ્ર વ્યવસાય છોડી ગાત્ર સંકેલી લઈ અંદર ભરાઇ બેસે છે. એના મોં પરની વિશિષ્ટ ગ્રન્થિઓમાંથી એક પ્રકારના રસનો સ્રાવ થાય છે. આ રસને હવા લાગતાં સૂકાઇને રેશમનો તાર બને છે. એ તારને શરીર-ફરતા આડાઅવળા વીંટાળી એ ઘર[૧૧] બનાવે છે.[૧૨] કેટલાક કીડા આવા તાર ન વણતાં માત્ર રસને શરીર પર ચોપડીને જ, ચળકતા કાચ જેવું પારદર્શક સોનેરી રૂપેરી રંગનું ઘર[૧૩] બનાવે છે. કોઇ વળી સળીઓ, તરણાં, સૂકાં પાન, વગેરેને આવા રસથી શરીર ફરતાં ચોંટાડી અંદર ભરાઈ બેસે[૧૪] છે. કોઇનાં ઘર ઘેરા લીલા રંગનાં, ઝાડનાં પાનને મળતાં. તો કોઇનાં વળી શરીર પરના વાળને ગૂંથીને જ બનાવેલાં; કોઇનાં પાંદડાં, ડાળી કે થડથી લટકતાં, તો બીજાં માત્ર જમીન પર કહોવાતાં સૂકાં પાંદડાંની વચ્ચે કે માટી અંદર દાટીને મૂકેલાં. આમ વિવિધ દશામાં કોશેટા અંદર પેઠેલો[૧૫] કીડો ખાધાપીધા સિવાય શરીરના રસો પર જ જીવતો થોડા દિવસથી કેટલાય મહિનાનો સમય ગાઢ સુષુપ્તિમાં ગાળે છે.

૪ ઊંઘ પૂરી થઇ. ઘર ફાડીને[૧૬] અંદરથી કીડા-માંથી બનેલું, સર્વ અવયવ સંપૂર્ણ,[૧૭] રૂપેરંગે નિષ્પન્ન, એના સ્વલ્પ જીવનની અવર્ણનીય શોભાવાળું પતંગિયું બહાર નીકળે છે. નીકળે એ વખતે એની પાંખો ખૂબ મુલાયમ, રેશમ જેવી નરમ હોય છે. પણ પવન લાગતાં જ એ સપાટ પથરાઇ જાય છે. એકાદ બે મિનિટમાં મુલાયમતા જતી રહી કઠણ બરડ બને છે. એનો ઉત્સાહ ઊભરાય છે અને એકાદ ક્ષણમાં તો એ હવામાં પાંખો ફફડાવતું ઊડી જાય છેઃ એના જીવનસાથીની શોધમાં. કારણ, એના જીવનનો પરિપાક એની વંશવૃદ્ધિમાં જ છે. નરમાદા મળ્યાં. સંવનન થયું. ગર્ભ પરિણત થતાં ઈંડાં મૂક્યાં. ખલાસ. ખાધાંપીધાં. નાચ્યાં કૂદ્યાં. ઊડ્યાં ફેરફૂદડી ફર્યાં. ફરતાંફરતાં પંચરંગી વર્ણોથી વાતાવરણને મેઘધનુષ્યના રંગે રંગી નાખ્યું. મૃત્યુ આવ્યું. આંખો અને પાંખો બંધ થઇ ગઇ. કેટલું કરુણ દૃશ્ય!

પતંગિયાં અને ફૂદાંની દેહરચના પણ ચમત્કારી છે.

પતંગિયાંને ચાર પાંખ[૧૮] હોય છે. પાતળી આડી-અવળી નસોથી ગૂંથેલી. ટેનીસના રૅકેટ જેવી જાળીઃ એ

---

૧૧ Cocoon

૧૨ ઉનાળામાં બોરડીની ડાળેથી ખારેક જેવી ધોળા રંગની જે દડીઓ લટકી રહે છે, તે Tussar નામનાં ફૂદાંના આવા કોશેટા જ છે.

૧૩ Chrysalis દા. ત. ગુલ્લીઆ કોરેનો.

૧૪ બાવળીઆ હેઠે ઘણી વખત શૂળોની ગોળ નાની ભારીઓ દેખાય છે તે psychidae નામનાં ફૂદાનાં જ ઘર છે.

૧૫ Pupa

૧૬ આડાઅવળા તારથી બનાવ્યો હોય તેવો કોશેટો કરડીને જો અંદરનું ફૂદું બહાર નીકળે તો ઔદ્યોગિક દષ્ટિએ એ તારની કીમત નથી રહેતી. તેથી આખો સળંગ તાર ઉકેલી લેવા માટે, રેશમના ફૂદાને બહાર નીકળવા દેવામાં આવતું નથી પણ અંદર જ ગુંગળાવી મારી નાખવામાં આવે છે.

૧૭ Imago

૧૮ નાનામાં નાની ચોખા જેવડી. મોટામાં મોટી ૮"-૧૦"ની! આટલાં મોટાં પતંગિયાં તો આફ્રિકા અને મલાયામાં થાય છે. એની પાંખની જાળીની આડાઅવળી નસોની ગોઠવણી તથા એના પગની વિશિષ્ટ દશા–મુખ્યત્વે આ બે સાધનોને આધારે પતંગિયાં (અને ફૂદાં) ની જાતોના વિભાગ પાડવામાં આવે છે. પતંગિયાં—બટરફ્લાઈઝના એકંદર નવ વિભાગ છે. દરેક વિભાગ-માં અનેક જાતો હોય છે.

જાળી પર પારદર્શક પાતળું પડ: અને એ પડ પર ઝીણાં બારીક રજકણ જેવાં scales (બારીક પીછાં કે વાળ). આ સ્કેલ છાપરા પર નળિયાં પેઠે એક પર બીજું, એમ ચડઊતર ગોઠવેલાં હોય છે. એના રંગ જુદાજુદા. પાંખ પર આંગળી ફેરવીએ તો ચોટી આવે. આ સ્કેલ કપડાથી ઘસી નાખીએ કે પાંખોને પેટ્રોલથી ધોઇ નાખીએ તો નીચેની જાળી ચોખ્ખી દેખાય છે. એ દશામાં એની પાંખો બીજાં જીવડાંના જેવી જ લાગે છે.

એને છ પગ હોય છે. કેટલાંકના આગલા અને કેટલાંકના પાછલા પગ અધૂરા વિકાસવાળા અશકત હોય છે. પગ પર ઝીણી રૂંવાટી ઊગે છે. પતંગિયું ફૂલ પર બેસે ત્યારે તેમાંના પરાગરજકણ આ રૂંવાટી પર ચોટી જાય છે. ફરી બીજા ફૂલ પર બેસે એટલે વાળ પરનાં રજકણ એ ફૂલમાંના પરાગ સાથે મળી જવાથી, ફૂલમાં ગર્ભાધાન થાય છે. આ દૃષ્ટિએ પતંગિયાં વનસ્પતિને ઘણાં જ ઉપકારક છે.

એમની રસ પીવાની સૂંઢ કે જીભ પોલી લાંબી નળી જેવી, પણ વચ્ચેથી બે ચીરામાં સળંગ સંધાએલી હોય છે. એમાં કંઇ ભરાય અને નળી બંધ થઇ જાય છે તો એ બે ચીરા પહોળા કરી સાફ થઇ શકે છે. આ જીભને કોકડું વાળી એ મોં આગળ રાખી મૂકે છે. એની લંબાઇ ઘણાંમાં બે અઢી ઇંચ જેટલી હોય છે. પતંગીઆં 'બોલે' છે પણ જીભથી નહિ; બીજાં સાધનોથી: બહુ જ મન્દ અને કવચિત જ.

એનું માથું ગોળ. આંખો મોટી. એની મૂછો આંખ આગળથી ઊગે છે. એ વડે એને સ્પર્શ, શ્રવણ અને ગંધનું જ્ઞાન થાય છે.

પતંગિયાંનો મુખ્ય આહાર ફૂલનું મધ છે. વળી ઝાડનો કે પાકાં ફળનો રસ પણ એમને ભાવે છે. ડેથ્સ હેડ નામનું મોટું ફૂદું તો મધપુડામાં પણ પેસી જાય છે. કેટલાંક સ્વાદલોભી ફૂદાંને દારૂ અને ખાંડની ચાસણીની ભારે લાલચ હોય છે. કેટલાંક અઘોરી જેવાં તો કહોવાતા માંસના રસને પણ પીએ છે. કોઇકોઇને ઉકરડાનાં કહોવાતાં છાણમૂતરના રસનો પણ શોખ હોય છે.

પતંગિયાં કયાં નથી દેખાતાં? બાગબગીચા, વાડી, વાડ, વેલા કે મારવાડ જેવા વેરાન રણમાં પણ એ ઓછાવત્તા પ્રમાણમાં દેખાય છે. સ્વભાવે જ પ્રકાશનાં ઉપભોગી અને ઉષ્માપ્રિય હોવાથી ગરમ પ્રદેશોમાં એમની વિશેષ વસતી છે. જ્યાં વનસ્પતિ ગીચ અને વિપુલ તથા વિવિધ હોય ત્યાં એ વ્યાપકરૂપે દેખાય છે. કોઇ જમીન પર રહેનારાં તો કેટલાંક ઊંચે ઝાડની ટોચે જ ફરનારાં: નીચે નથી ઊતરતાં. કોઇ અત્યંત ધીમી ગતિએ ઊડે, જ્યારે બીજાં કોઇકોઇને કલાકના વીસપચીસ માઇલ તો હિસાબમાં યે ન હોય. રૂપેરંગે વળી સહસ્ર ભાતનાં. એમની અનુકરણ શકિત પણ અજબ છે. શત્રુઓથી બચવા કે અન્ય કોઇ અજ્ઞેય હેતુથી પતંગિયાંની વિશિષ્ટ જાતો અન્ય જાતોનાં રૂપ-રંગનું આબાદ અનુકરણ[૧૯] કરે છે. એક જાતનું પતંગિયું તો ઝાડનાં પાંદડાંનું જ રૂપ લે છે. ડાળી પર પાંખ સમારીને બેઠું હોય ત્યારે છેક પાસે જઇને જુઓ તો પણ પાંદડા જેવું જ લાગે. વળી એક જાતનું તો ઊનાળાનું રૂપે જુદું અને ચોમાસાનું યે જુદું.

વિકાસવાદના અનુયાયીઓ કહે છે કે પતંગિયાંની પાંખ પર વિશ્વનો સમગ્ર ઇતિહાસ લખાએલો છે. એ વાત બાજુ રાખીએ તોપણ ભારતવર્ષને બાદ કરતાં સર્વ દેશોનાં પતંગિયાં પ્રાચીન કાળથી મનુષ્ય જાતિનું ધ્યાન ખેંચતાં આવ્યાં છે. આબાલવૃદ્ધને એનું અવ-લોકન, એનો સંગ્રહ અને અભ્યાસ પ્રિય છે. અનેક ઉપાયે અત્યંત દુર્ગમ સ્થળોમાં ભમીને પણ કષ્ટપૂર્વક એનો સંગ્રહ કરનાર વ્યકિતઓ પતંગિયાના અવલોકનથી અપાર આનંદ મેળવે છે. એનાં ઈંડાં અને કીડાને શોધી શોધી સંભાળપૂર્વક ઉછેરી પતંગિયાંનું સંવર્ધન કરે છે. જેને વિવિધ જાતનાં પતંગિયાંના ભક્ષ્ય વૃક્ષાદિનું જ્ઞાન હોય છે તેને આ અઘરૂં નથી લાગતું.

ભારતવર્ષમાં પણ પતંગિયાંનો સંપૂર્ણ અભ્યાસ કરાયો છે. હવે તો ભાગ્યે જ એવી કોઇ જાત હશે કે જે અજ્ઞાત રહી હશે.

પણ ફૂદાં વિષે આવું ન કહી શકાય. એમનો અભ્યાસ હજુ અધૂરો છે. એક તો એમની અસંખ્ય જાતો. વળી સ્વભાવે જ નિશાચર એટલે શોધવાં અત્યંત મુશ્કેલ. ઉપરાંત સામાન્યરીતે એમનું કદ પણ નાનું. અને એમનાં, થોડી જાતો બાદ[૨૦] કરીએ તો પતંગિયાં જેવાં આકર્ષક વાન પણ નહિ. એટલે અભ્યાસીઓ

---

૧૯ mimicry

૨૦ આમાંની Peacock mothની રંગછટા તો પતંગિયાંને પણ ઢાંકી દે એવી અદ્ભુત છે.

એમના પ્રતિ ઝાઝા આકર્ષાતા નથી.

દુનિયાનાં પતંગિયાંનો સર્વોત્કૃષ્ટ સંગ્રહ બર્લિનમાં અને લંડનના બ્રિટિશ મ્યૂઝિયમમાં છે. એશિયા ખંડમાં સમૃદ્ધ સંગ્રહ તો કલકત્તાના ઇન્ડિયન મ્યુઝિયમનો છે. ભારતવર્ષમાં એનાથી બીજે નંબરે મુંબાઇની નૅચરલ હિસ્ટરી સોસાઇટીનો સંગ્રહ આવે. એ હાલ પ્રિન્સ ઑવ વેલ્સ મ્યુઝિયમમાં અવલોકન અર્થે મૂકયો છે. આપણા ગુજરાતમાં નાનોસરખો એક સંગ્રહ વડોદરાના કામાટી બાગવાળા મ્યૂઝિયમમાં છે. આ ઉપરાંત બે ત્રણ ખાનગી સંગ્રહો પણ મેં જોયા છે.

પતંગિયાંનો પરિચય કર્યો. એમનાં રૂપરંગ જોયાં. હવે આપણાં કેટલાંક પડોશીની ઓળખાણ કરી લઇએ. ઝાઝાં નહિ થોડાંક, અત્યંત નિકટનાં. અને આપણી પાસે છે ય કેટલાં? આપણી ભૂમિ રસાળ ખરી. પણ પતંગિયાંના જીવન પૂરતી ગાઢ ઝાડી કે વિપુલ પુષ્પ સમૃદ્ધિવાળી તો નહિ જ. એટલે આપણે ત્યાં ઝાઝાં પતંગિયાં જોવામાં નથી આવતાં. કોઇ કોઇ સ્થળે એકાદ જાત ભારે પ્રમાણમાં નજરે પડે ખરી.

એક વખત હું આબુરોડથી ચાલતો ચંદ્રાવતી આવતો હતો. ચોમાસાના દિવસ. સડકની બંને બાજુ માથાપૂર ઘાસથી છવાએલી હતી. એમાં કીડીઆરા પેઠે પતંગિયાં ઊભરાતાં હતાં. ચાલતાં ચાલતાં મારા હાથમાંનો વરસાદનો કોટ હું ઘાસ પર પાથરૂં ને નીચે પાંચ પંદર પતંગિયાં આવી જાય. આવી જ વ્યાપકતા મેં ચંદ્રાવતીમાં જોઇ. કર્નલ ટૉડથી શરૂ કરી આજ સુધી જેણે જેણે ચંદ્રાવતીનાં ખંડીએરની મુલાકાત લીધી છે, તે બધાને ત્યાંની બે વસ્તુઓ ખાસ આકર્ષે છે: એક સુવર્ણપૃષ્ઠ લક્કડફોડ અને બીજાં અસંખ્ય પતંગિયાં. આપણા ગુજરાતમાં તો આ બંનેમાંની એક પણ, આનાથી અર્ધા અંશે પણ નથી દેખાતી.

ચંદ્રાવતી છોડી બાલારામ આવીએ કે પતંગિયાં ઓછાં થતાં દેખાય છે. પાલણપુર થઇ અમદાવાદ આવ્યા કે બસ, બાગબગીચા સિવાય બેતર પાધરમાં જૂજ જ નજરે પડે છે. છતાં સને ૧૯૩૦ના ઑગસ્ટમાં બે વખત મેં શાહીબાગને રસ્તે ધોળાં પતંગિયાંનાં પૂરનાં પૂર ઊલટતાં જોયાં છે. (તમે નહિ જાણતા હો: પણ તીડની પેઠે પતંગિયાં પણ ટોળે વળીને સ્થાનાંતર કરે છે. ઋતુપરત્વે એમની આ યાયાવરવૃત્તિ કયા પ્રકારના સંવેદન જનિત છે તે કોઇ નથી જાણતું.) એ પ્રસંગે એકાદ માઇલ જેટલા ગાળામાં ઊભે રસ્તે શહેર વચ્ચે થઇને એમનાં ટોળાં અવિરત ગતિએ ઉત્તરમાંથી દક્ષિણમાં જતાં હતાં. કયાંથી આવતાં અને કયાં જતાં, એનો મને પત્તો લાગ્યો નહતો. ઘણું જ રમણીય દૃશ્ય હતું.

એક દીવાળીમાં હું રવિભાઇ જોડે ભાવનગર ગયો હતો. ત્યાં લીલો ગહેલ છે, એ રસ્તે મેં સ્વૅલો ટેઇલ જાતનાં પતંગિયાં ઊડતાં જોએલાં, એટલાં બધાં સ્વૅલો ટેઇલ અન્ય કોઇ પણ સ્થળે જોયાં નથી.

આ તો દેશની વાત થઇ. હવે ઘરની વાત કરીએ.

ચોમાસું આવે અને ઠેરઠેર તમને એક મોટા કદનું પતંગિયું આસ્તેઆસ્તે ઊડતું નજરે પડશે. એનો રંગ તેલીઆ ધુમાડા જેવો મેલો કાળો. અંદર સફેદ રંગનાં ટપકાં. એનું નામ સુરતીઆ કોરે: 'કાગડો'. એના કોશેટા ચળકતા સોનેરીરૂપેરી રંગના, નાના લંબગોળ મોતી જેવા કરેણના પાનની નીચે લટકતા સહેજે મળે છે. એ કોશેટા ઘેર લાવી એકાદ ડબામાં મૂકી રાખશો તો અંદરથી થોડા દિવસમાં આ સુંદર પતંગિયું નીકળશે.

ઘણી વખત આપણે એક મોટા કદનું ઘેરા બદામી કે વાઘના જેવા રંગની ચટાપટાવાળી પાંખોવાળું પતંગિયું ઊડતું જોઇએ છીએ. ફૂલઝાડ કે જાળાંઝાંખરાં ગમે ત્યાં એ દેખાય છે. એની પાંખો ફરતી કાળા રંગની કિનારી. આગળની પાંખ વચ્ચે ચાર ધોળાં ધાબાં. પાછળની પાંખ વચ્ચે કાળા ડાઘા. ધીમે ઊડનારૂં. દેખાવે ખૂબ સુંદર. એને હાથમાં પકડો નહિ તોપણ છેટેથી જોતાં વે ઓળખાય. રૂપરંગની વિશેષતાને લીધે એને 'વાઘ'નું ઉપનામ[૨૧] આપવામાં આવ્યું છે.

આપણે ત્યાં સૌથી વધારે તો પીળા રંગનાં જ પતંગિયાં નજરે પડે છે. નાના કદનાં રમતિયાળ સ્વભાવનાં આ પતંગિયાં વિના ભાગ્યે જ કોઇ સ્થળ સૂનું હશે. આ વર્ગનાં પતંગિયાંમાં એક જાત બહુરૂપી જેવી છે: એનું ચોમાસાનું[૨૨] જુદું રૂપ અને શીઆળા ઊનાળાનું[૨૩] પણ જુદું રૂપ. એની પાંખો ઉપર નીચે ખુલતા પીળા રંગની. પાંખની કિનારી પર કાળી પટી. આસ્તેઆસ્તે ઊડનારૂં. ફૂલ પર બેસવાનો એને ભારે શોખ.

૨૧ Plain Tiger: શાસ્ત્રીય સંજ્ઞા Danais Crysippus
૨૨ શાસ્ત્રીય નામ Terias venata
૨૩ ,, ,, ,, laeta

'વાઘ'ને મળતું એક બીજું મોટું પતંગિયું પણ જોવામાં આવે છે. એની પાંખો નીચેનો રંગ રતુમડો ઘેરો બદામી, પણ ઉપરનો તદ્દન જુદોઃ ઘેરો જાંબુડી, મખમલ જેવો ચળકતો. વચ્ચોવચ્ચ મોટું ધોળું ધાબું—આગળની પાંખમાં લંબગોળ, પાછળનીમાં ગોળ.[૨૫]

આપણે ત્યાં સૌથી ઝડપથી ઊડનારી એક જાત[૨૬] થાય છે. તેની મોટી, લીલાપીળા ચટાપટાવાળી પાંખોથી એ છેટેથી તરત ઓળખાય છે. પાંખોનો રંગ કાળા અને લીલાના મિશ્રણવાળો. અંદર લંબગોળ નાનાંમોટાં પુષ્કળ ટપકાં. પાછલી પાંખમાં એક ગોળ લાલ ટપકું લીંબુડી તથા મેંદીનાં ફૂલ પર ભમતી નજરે પડે છે.

આ બધી જેની આગળ વામનજી ગણાય એવી આપણી મોટામાં મોટી પતંગિયાંની જાત[૨૭] 'શકુન્તલા' એવા રૂપાળા નામે ઓળખાય છે. અને છે પણ ખરેખર સુંદર. આસ્તેઆસ્તે આંખો પટપટાવતી, આ ફૂલથી પેલે ફૂલ ફરતી તમે એને જોતાં ધરાઓ જ નહિ. ભાવનગરમાં લીલા મહેલને રસ્તે જેને મેં જોએલી તે આ જ. એની પાંખો ખૂબ મોટી. આગલી લંબગોળ, કાળા અને મેલા નારંગી રંગના ધૂપછાય મિશ્રણવાળી. પણ એની ખરી શોભા તો એની પાછલી પાંખોની છે. એનો દેખાવ વિચિત્રઃ જૂના જમાનાના હજામની હાથ આરસી જેવો. આગળથી, દર્પણ પેઠે લંબગોળ; નીચે દર્પણના હાથા જેવી ગોળ પૂછડી![૨૮] અંદર મોટાં લાલ ટપકાં. આ પૂછડીને લીધે એનો પરિચય સરળ બને છે.

બીજી એક પૂછડીવાળી જાત પણ આપણે ત્યાં થાય છે. 'શકુન્તલા'ની પીતરાઈ; રૂપેરંગે પણ એવી જ. એની આગળની પાંખ કાળી અને લાલ રંગના મિશ્રણવાળી. પાછલીને છેડે પૂછડી. અંદર લંબગોળ લાલ ધોળાં ટપકાં.[૨૯]

---આટલી આપણી ઠેરઠેર જોવામાં આવતી જાતો નાનામાં નાના બગીચામાં પણ હોય છે. બાકી હજુ કડવો અને મીઠો લીમડો, બાવળ, ખાખરો, આકડો, નલ, વગેરે અનેક ઝાડછોડ પર ફરનારી જાતો ઘણી છે. પણ એ બધાનો પરિચય અહીં કરાવવો સરળ નથી. માર્ગદર્શન પૂરતો જ આ પ્રયત્ન છે.

પતંગિયાંનાં રૂપરંગ ગતિ અત્યંત આકર્ષક છે. એના ભણી નજર ન કરનારૂં કોઈક જ હશે. એનાં નામ ન આવડે એમાં શું? એથી એના અવલોકનમાં થોડી કંઈ ઉણપ આવવાની છે? સૌંદર્યપ્રેમી ગણાવાનો ફાંકો રાખનાર આપણા ડાહ્યા ગણાતા પૂર્વજોએ તો એની ધરાર ઉપેક્ષા કરી છે. પણ આપણે એના અ-લૌકિક લાવણ્યનો ઉપભોગ કરીએ તો એ પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું ગણાય. બાકી આપણે ઉવેખીશું એથી પતંગિયાંનાં પ્રકાશમય જીવન થોડાં જ ખંડિત થવાનાં છે?

૨૫ Hyplomina misippus

૨૬ Papilio demoleus

૨૭ Papilio polytes

૨૮ એને લીધે એ જાત Swallowtails—'અબાબીલપુચ્છ' એવા સૂચક નામે ઓળખાય છે.

૨૯ Byasa aristolochiae

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ માસે પહેલું ઇનામ મેળવનાર ભાઇ નવીન ગાંધી (મ્હૈસુર)ના ફોટો-ચિત્ર 'ગેરસપ્પાનો ધોધ'માં સૃષ્ટિસૌન્દર્ય અને કુદરતજન્ય કલા સ્પષ્ટ દેખાઇ આવે છે. આવાં ફોટો-ચિત્રો તે તે સ્થળનો પરિચય આપવા ઉપરાંત વાચકના મનમાં મુસાફરી પ્રત્યે પ્રેમ ઉપજાવે છે અને ઐતિહાસિક અને બીજાં જોવા લાયક સ્થળોની મુલાકાત લેવા પ્રેરે છે. એ રીતે ફોટોગ્રાફી જનતાની કેળવણીનું એક જરૂરી અંગ બની રહે છે.

કુદરતી દૃશ્યથી આકર્ષાઇ, આનંદ ખાતર અગર અભ્યાસ અર્થે શીખાઉ ફોટોગ્રાફર વિષયનું એકસ્પોઝર કરવા તત્પર થાય તે વખતે વિષયની આજુબાજુ ફરી સૌથી સારો દૃષ્ટિકોણ કયો છે તેનો વિચાર કરવો જોઇએ. એક જ વિષયની માત્ર થોડાંક ડગલાં ને અન્તરેથી જુદી જુદી છબીઓ ઉતારીએ તો પરિણામે ચિત્રમાં ફેર પડી જાય છે. આ જ ફોટો-ચિત્ર લેતી વેળા જરા ડાબી તરફ જઇ કેમેરાને જમણી તરફ અને નીચે નમતો રાખી ફોટોગ્રાફ લીધો હોત તો, ચિત્રમાં દેખાતો ડાબી તરફનો પાણીનો ધોધ ચિત્રમાંથી કમી થાત, જમણી તરફનું વહેણ ચિત્રનું મુખ્ય લક્ષ્ય બનત અને ચિત્રના આ-કર્ષણમાં અજબ વધારો થાત. વળી જમણા ખૂણે પડેલી વ્યક્તિ ચિત્રનું જરૂરી અંગ બનત. સૃષ્ટિસૌન્દર્યના ફોટો-ચિત્રો ઉપજાવતાં આકાશની ગણતરી પણ કરી લેવી જોઈએ. અને ચિત્રના મુખ્ય વસ્તુની સરખામણીમાં તેનું આકર્ષણ વધી ન જાય તે ધ્યાનમાં રાખવું જોઇએ. ઉપલા ફોટો-ચિત્રમાં

આકાશ નકામું છે. તે થોડું કમી કરવાની જરૂર છે. ભાઈ જસવંત ઠક્કર (ભાવનગર)ને ફોટો-ચિત્ર ‘પ્રમુખ મહાશય’ માટે બીજું ઇનામ મળે છે. ચિત્રનું વસ્તુ આહ્લાદક છે, પણ ટેકનીક નબળી છે. ચિત્ર વધારે નજીકથી લેવાએલું હોવાથી જગ્યાની તંગાશ લાગે છે, એટલું જ નહિ પરંતુ ચિત્રની રચના અ-રૂચિકર બની છે. પરસ્પેક્ટિવમાં સૌથી આગળના પક્ષીની પાછળ દેખાતાં પક્ષીઓ પ્રમાણમાં ઘણા નાનાં લાગવાથી જોનારને બેડોળતા જણાય છે. પ્રીન્ટ કૉન્ટ્રાસ્ટી કાગળ પર ઉતારવો જોઇએ. ભાઈ એમ. એસ. પથરાવાલા (અમદાવાદ) પોતાના ‘પ્રતિબિંબ’ ફોટોચિત્ર માટે ત્રીજું ઇનામ જીતે છે. નદી ઓળંગતાં, પાણી પાર પહોંચતાં કાંઠા નજીક પાણી પીતાં તરસ્યા બળદ અને ગાડામાં બેઠેલાનું ચિત્ર ભાઇ પથરાવાળાએ ઠીક ઉતાર્યું છે. ગામડાના જીવનના આકર્ષક અને વિસરાતા અંગો અને પ્રસંગોના ફોટો-ચિત્રો ઉતારવાની એક પણ તક રખે ચૂકતા. જમાનાના ઘસારામાં એક વખત એવો પણ આવે કે ગામડાંનું ગાડું કેવળ મ્યૂઝિયમની જ કીમતી વસ્તુ બની રહે.

ભાઇ સી. કુમાર પટેલ (ખાનપુર)નું ફોટો-ચિત્ર ‘એકાકી’, ભાઇ વલ્લભદાસ ખટાઉ (મુંબાઇ)નું ફોટો-ચિત્ર’ ‘પવાઇ સરોવર’ અને ભાઇ શાંતિલાલ ત્રિવેદી (અમદાવાદ)નું ફોટો-ચિત્ર ‘સરસ્વતીના મૂળ ઉપર’ નોંધપાત્ર ઠર્યાં છે.

‘એકાકી’માં પક્ષીનું (પ્રમાણ) કદ ચિત્રમાં બેહદ નાનું હોવાથી ચિત્ર-વસ્તુનાં સ્વરૂપ અને આશય બદલાઇ જાય છે. (સરગવા)ના ઝાડની પાન વગરની ડાળીઓમાં કુદરતના અમુક ભાવનો ખ્યાલ આવે છે ખરો, પરંતુ પક્ષીનું સ્થાન ગૌણ રહે છે. પક્ષી ફોટોગ્રાફી માટે ટેલીફોટો લેન્સ અનિવાર્ય છે. ‘પવાઈ સરોવર’માં વાદળ વિનાનું આકાશ લૂખું લાગે છે. સવાર–સાંજના દૃશ્યોમાં વાદળાંનાં ક્ષણેક્ષણે બદલાતાં સ્વરૂપો કંઇ અનેરી વિવિધતા ઉપજાવે છે.

‘સરસ્વતીના મૂળ ઉપર’માં વગડાની નિર્જનતામાં શહેરી મનુષ્યનું આક્રમણ કુદરતી સૌન્દર્યમાં ક્ષતિ આણે છે અને કુદરતી આકર્ષણ હણાય છે.

બલવન્ત ભટ્ટ

સંસારના આપણી નજરે સમાચાર

હિંદ અને યુરોપ વચ્ચે દોડતી સ્ટીમરોમાં આજસુધી હિંદી કંપનીની કોઇ ન હતી, પણ હવેથી ‘ધી સિંધીયા સ્ટીમ નૅવીગેશન કંપની’એ તેમાં પણ આગળ પડવાનું ઠરાવ્યું છે.

卐

૧૯૩૮ની સાલ માટે કૃષ્ણાકુમારી ગણેશપ્રસાદ પુરસ્કાર અને સોનાનો ચાંદ ઇનાયત કરવા માટે કલકત્તાની મૅથેમૅટિકલ સોસાએટીએ હિંદના નીચેના દશ ગણિતિઓના જીવન અને કાર્ય પર સંશોધનાત્મક નિબંધો મગાવ્યા છે. આર્ય ભટ્ટ, વરાહ-મિહિર, ભાસ્કર પહેલો, લલ્લ, બ્રહ્મગુપ્ત, શ્રીધર, મહાવીર, શ્રીપતિ, ભાસ્કર બીજો અને નારાયણ.

ભાગ લેવા ઇચ્છનારે પોતાના નિબંધની ટાઇપ કરેલી ત્રણ નકલો-સેક્રેટરી, કલકત્તા મૅથેમૅટિકલ સોસાએટી, ૯૨, અપર સર્ક્યુલર રોડ કલકત્તા એ સરનામે ૧૯૩૮ના માર્ચની ૩૧ પહેલાં મોકલી આપવી.

卐

બ્રિટને સોનાનું ચલણ છોડયું ત્યારથી આજસુધીમાં ૨,૮૪,૧૧,૫૯,૧૪૯ રૂપિયાનું સોનું હિંદથી પરદેશ ચઢયું છે.

卐

મોહેં જો ડેરોના અવશેષોની વર્ગણી કરવા હિંદી સરકાર તરફથી ડૉ. ફૅબ્રી નામના હંગેરિયન સ્થપતિ નીમવામાં આવ્યા છે. તેમનું એ કામ પૂરૂં થતાં હિંદનાં જુદાં જુદાં સંગ્રહસ્થાનોને એ અવશેષો વેચવામાં આવશે. સિંધ વિક્ટોરિયા મ્યૂઝિયમે તે માટે ૩૦,૦૦૦ રૂપિયાની રકમ જુદી કાઢી રાખી છે.

ગ્રીનિચમાંથી ફૂટતી મુખ્ય મેરીડિયન પર સ્વ. શહેનશાહ પાંચમા જ્યૉર્જનું બાવલું ખુલ્લું મૂકવામાં આવ્યું છે, જે એ પ્રકારનું દુનિયાભરમાં પહેલું જ છે.

卐

ક્રિકેટમાં ગૂગલી બોલિંગ સ્થાપનાર મિ. બર્નાર્ડ બોઝાંકેટનું લંડન ખાતે અવસાન થયું છે.

卐

ફૈઝપુરની આગામી કૉંગ્રેસ બેઠક વખતે અખિલ હિંદ કિસાન પરિષદ ભરવાની વિચારણા શ્રીયુત ડાંગે, ખાડીલકર અને ઇંદુલાલ યાજ્ઞિક કરી રહ્યા છે.

卐

અખિલ હિંદ બાળસંમેલનમાં પ્રમુખતરીકે શ્રીયુત ગિજુ-ભાઈ બધેકાની વરણી થઇ છે.

卐

મુંબાઈના પ્રખ્યાત ગુજરાતી વેપારી અને રાજનીતિજ્ઞ સર લલ્લુભાઇ શામળદાસનું તા. ૧૪મી ઑક્ટોબરને રોજ અવસાન થયું છે.

卐

લંડન અને જોહાનિસબર્ગ વચ્ચેની આ સાલની વિમાની શરત, લંડન-મેલ્બોર્ન વચ્ચેની પ્રખ્યાત શરત જીતનાર નામીચા વિમાની સી. ડબ્લ્યુ. એ. સ્કૉટે જીતી છે.

卐

પ્રખ્યાત રસાયણશાસ્ત્રી શ્રી પ્રફુલ્લચંદ્ર રૉયે વિજ્ઞાનના પ્રચારાર્થે અગિયાર લાખ રૂપિયાની રકમ જુદી કાઢી છે.

શ્રી હરિકૃષ્ણ વ્યાસ સંયોજિત

ગુજરાતી લઘુલિપિ

[અનુસંધાન શ્રાવણ અંકના પૃ. ૪૧૬થી]

નવમો દિવસ : નામ-સર્વનામનાં રૂપાખ્યાન

નિયમો

[૫૦] નકશામાં વિભક્તિના પ્રત્યયો આપેલા છે તે નામ, સર્વનામ કે કૃદંતની સાથે જોડીને લખાય છે.

[૫૧] લઘુલિપિમાં છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય જાતિ વચન પરત્વે અવિકારી રહે છે.

[૫૨] વિભક્તિના પ્રત્યયોમાંના એ, 'ને' અને 'થી', માટે અનુક્રમે 'એ' અને 'ઇ' ખૂણો પાડી લખાય છે.

[૫૩] વ્યંજનની સાથે સળંગ ગતિએ લખવાને બદલે, સ્વર એવી રીતે લખાય કે એ લખતાં કલમને પાછું ફરવું પડે, ત્યારે તે ખૂણો પાડી લખાયો કહેવાય છે.

[૫૪] સ્વર ખૂણો પાડી લખવાનો પ્રસંગ આવે ત્યારે, સામાન્ય રીતે વ્યંજનની જે બાજુ પર તે લખાવો જોઇએ તે બાજુ પર તે લખાય એ સ્થિતિને 'સવળો ખૂણો' કહેવામાં આવે છે. એથી વિરુદ્ધ બાજુ પર સ્વર ખૂણો પાડી લખાય ત્યારે તે 'અવળો ખૂણો' પાડી લખાયો કહેવાય છે.

[૫૫] વિભક્તિના પ્રત્યયો 'એ' અને 'ઇ' ખૂણો પાડી લખવાના હોય ત્યારે, સરલાકૃતિ વ્યંજનો સાથે સવળે ખૂણે અને વર્તુલાકૃતિ વ્યંજનો સાથે અવળે ખૂણે લખાય છે.

[૫૬] જે નામ કે સર્વનામને વિભક્તિના પ્રત્યયો લગાડવાના હોય તે નામ કે સર્વનામ બહુવચનમાં હોય ત્યારે, એને લાગેલો બહુવચનનો પ્રત્યય લોપી, વિભક્તિનો પ્રત્યય ભારે લખાય છે.

[૫૭] અગાઉ આવી ગએલા સંકેતોને પણ વિભક્તિના પ્રત્યયો લાગી શકે છે.

[૫૮] સર્વનામોનાં રૂપાખ્યાન કરતી વખતે બની શકે એટલો તેને માટેના સંકેતોનો પ્રયોગ થાય છે.

[૫૯] સંકેતોમાં ન સમાઇ શકનારાં સર્વનામનાં રૂપ લખતી વખતે તે તે રૂપને મળતાં આવતાં બીજાં જાણીતાં રૂપોની માફક તે ટુંકાવાય છે; અને તેમ બનવું શકય ન હોય ત્યારે એ રૂપ આખાં લખાય છે.

[૬૦] શબ્દના અંગથી જુદા લખાતા તદ્ધિત પ્રત્યય પછી વિભક્તિનો પ્રત્યય આવે ત્યારે તે જુદા લખાએલા તદ્ધિત પ્રત્યયને જોડીને લખાય છે.

સૂચનાઓ

(૫૦) આ પ્રકરણની શરૂઆતમાં આપેલા નકશા ઉપરથી જોઇ શકાશે કે 'કૃત્' પ્રત્યયોમાં વિભક્તિના તેમ જ કૃદંતના એમ બંને પ્રકારના પ્રત્યયો સમાઈ જાય છે. તેમાંના પહેલા જ આ પાઠમાં ચર્ચ્યા છે. આ બધા કૃત્ પ્રત્યયો, કોઇ પણ જાતના અપવાદ વિના, શબ્દના અંગને જોડીને જ લખાય છે. જ્યાં તદ્ધિત

અને કૃત્ પ્રત્યયો માટે એક સરખી સંજ્ઞા આવે છે ત્યાં, એટલા તદ્ધિત પ્રત્યયોને શબ્દના અંગથી જુદા લખવા માટેનો નિયમ ૪૮ અગાઉ આવી ગએલ છે. એટલે એક જ સંજ્ઞાવાળા બે જુદા જુદા પ્રત્યયોને ઓળખવામાં મુશ્કેલી રહેતી નથી.

આ વિભક્તિના પ્રત્યયોમાંના 'એ' અને 'માં' માટે-ના બે પ્રત્યયો શબ્દને લગાડવા સહેલા છે. એટલે આ નિયમનાં ઉદાહરણ તરીકે એ બે પ્રત્યયો જ આપેલા છે. બાકીના ત્રણ પ્રત્યયો વ્યવહારમાં યોજવા માટે વધુ નિયમોની જરૂર હોય તેની ચર્ચા આ પછીના નિયમોમાં કરી છે. કૃદંતોને વિભક્તિના પ્રત્યયો લાગી થતાં વિવિધ રૂપોની ચર્ચા કૃદંતોના પાઠ માટે બાકી રાખી છે.

નિયમમાં જણાવ્યા મુજબ આ બધા પ્રત્યયો શબ્દના અંગને જોડીને જ લખાય છે. અને એ જોડાણમાં આવતા બે પ્રસંગો માટે લઘુલેખકે અગાઉથી તૈયાર રહેવું પડશેઃ (૧) પ્રત્યયની પૂર્વે સ્વર આવતા હોય, અને (૨) શબ્દના સ્થાયી રૂપમાં પ્રત્યય લાગતાં કાંઇ ફેરફાર થતો હોય. હવે, સ્વરસંયોજનના સામાન્ય નિયમોનો પ્રયોગ આ પ્રત્યયો લગાડતી વખતે પણ કરવાનો છે; એટલે એ સંબંધે વધુ ચર્ચા અનાવશ્યક છે. અને શબ્દનાં અંગમાં થતાં રૂપાંતર, જો પાછળના પ્રત્યયથી સીધી રીતે સૂચવાતાં ન હોય તો, તે પણ લખાવાનાં રહે છે જ. આવા બધા ઉપસ્થિત થતા પ્રસંગો 'ઉદાહરણો'માં આપી નથી શકાયા. પણ હવે પછીનાં 'મનોયત્નો'માં જોતા રહેવાથી એવા અણધાર્યા પ્રસંગોને કેમ પહોંચી વળવું તે સમજાશે. પણ તેમ છતાં કોઇ વખતે નિયમ સંબંધે શંકા ઉત્પન્ન થાય, ત્યારે શબ્દ બોલાતો હોય તેમ બને એટલો સંપૂર્ણ લખવાનો નિયમ રાખવો.

(૫૧) પ્રત્યય ઉપરથી જાતિનું સૂચન મેળવવા આપણે સામાન્યતઃ ટેવાએલા હોઇએ છીએ, એટલે આમ અધ્યાહાર રહેતાં જાતિવચનથી શરૂઆતમાં અર્થ અસ્પષ્ટ રહેતો લાગશે. પણ અંગ્રેજીમાં જેમ 'of' શબ્દ જાતિ કે વચન કાંઇ નથી સૂચવતો, અને છતાં વાચનમાં મુશ્કેલી નથી પડતી; તેમ જ આ પ્રત્યયનું ભાષામાંનું સ્થાન આ નવીન દૃષ્ટિએ સમજી ગયા પછી વાચન તદ્દન સરળ થઇ જશે. વાંચતી વખતે આ પ્રત્યયને 'નો, ની, નું, નાં'ના સંદિગ્ધ ઉચ્ચારથી વાંચવાનો અભ્યાસ રાખવાથી એ વાંચવા માટે જરૂરી દૃષ્ટિ કેળવાઇ જશે.

(૫૨) સ્વરો લખવાની 'સ્વાભાવિક' ગતિની ચર્ચા અગાઉ નિયમ ૯ થી ૧૬ સુધીમાં કરી છે. અને એ સ્વાભાવિકથી 'વિરૂદ્ધ' ગતિએ સ્વરો લખવા માટે અગાઉ નિયમ ૨૨-૨૩ આવી ગયા છે. અને હવે આ નિયમમાં સ્વરો લખવાની ત્રીજી જાતની ગતિ આવે છે. જોકે હાલ તો આ ત્રીજી ગતિ માત્ર બે જ સ્વર 'એ' અને 'ઇ' ને જ (વસ્તુતઃ એક જ વર્ગને), લાગુ પડે છે. એટલે અત્યારે તો એ બે સ્વર પૂરતો જ આ નિયમ સમજવાની જરૂર છે. સ્વર ખૂણો પાડી લખવાની આખી ક્રિયા આ પછીના બે નિયમમાં વિગતવાર સમજાવી છે.

પણ તે પહેલાં એક સાદી સૂચનાની જરૂર છે. હવે પછીનાં પ્રકરણોમાં શબ્દના આદ્ય સ્વરને ખૂણો પાડી લખવાથી તેને વિશિષ્ટ અર્થ આપી શકાય તેની ચર્ચા આવશે. પણ શબ્દના અંત્ય 'ઇ' કે 'એ'ને ખૂણો પાડી લખવાની ક્રિયાનો વિભક્તિના પ્રત્યય બતાવવા સિવાય બીજો કાંઇ જ ઉપયોગ આખી પદ્ધતિમાં કર્યો નથી અને જોકે નિયમોની સ્પષ્ટતા માટે, તેમજ આ લઘુલેખન પદ્ધતિના ભાવિ વિકાસનો અવકાશ રાખવા માટે, નિયમ ૫૪માં વિભક્તિ માટેના સ્વરના ખૂણાની દિશા મર્યાદિત કરી છે; તેમ છતાં ખૂણો પાડી લખાયા પછી સ્વર 'સવળી' કે 'અવળી' ગમે તે બાજુ પર લખાયો હશે તો પણ અર્થમાં ફેર નહિ પડે. એટલે હાલ તુરત શીખનાર કદાચ આ અને આ પછીના ત્રણ નિયમોને સંપૂર્ણ રીતે ન સમજી શકે તો પણ તે સાચું લખી તો શકશે જ. એટલે તે સહીસલામતીથી આ નિયમો વટાવી જઈ શકશે. માત્ર ઉદાહરણો બરાબર સમજી શકાય તો બસ છે.

તેમ છતાં સમજવા ઇચ્છનારને માટે હવે પછીના ત્રણ નિયમો સહિત સ્વરો લખવાની કુલ ગતિઓનું નીચે મુજબ વર્ગીકરણ કરી શકાય.

(૧) સ્વર પોતાની સ્વાભાવિક ગતિએ. (નિ. ૯-૧૬)

(૨) સ્વર સ્વાભાવિક ગતિએ પણ અવળી બાજુ પર, એટલે કે વિરુદ્ધ ગતિએ. (નિ. ૨૨-૨૩)

(૩) સ્વર ખૂણો પાડીને પણ નં. ૧ વાળી બાજુ પર, એટલે કે સવળે ખૂણે. (નિ. ૫૩-૫૫)

(૪) સ્વર ખૂણો પાડીને પણ નં. ૨ વાળી બાજુ પર, એટલે કે અવળે ખૂણે. (નિ. ૫૩-૫૫)

(૫૩–૫૪) સ્વર સ્વાભાવિક કે વિરુદ્ધ ગતિએ (ઉપરના નં. ૧–૨) લખાય ત્યારે વ્યંજનની કઈ બાજુ પર તેને લખવો એ એક જ પ્રશ્ન હોય છે. બાકી એ બંને વખતે ગમે તે જાતનો વ્યંજન હોય અને ગમે તે જાતનો સ્વર હોય પણ બંને એકધારી રેખાથી જ લખાય છે; એટલે કે વ્યંજન અને તેના અનુગામી સ્વરથી થતી સંયુક્ત રેખા સરળ રીતે આગળ વધતી હોય છે. પણ આ ખૂણો પાડી લખવાની ક્રિયા વખતે (ઉપરના નં. ૩–૪.) તો રેખાંકનની એ સરળતાને સ્થાને તીક્ષ્ણ ખૂણો થાય છે. અને એમ ખૂણો પાડીને પણ સ્વર વ્યંજનની બંને બાજુ પર લખી શકાતો હોવાથી ખૂણાના બે પ્રકાર નિયમ ૫૪માં ગણાવ્યા છે.

(૫૫) નિયમનો પૂર્વાર્ધ સહજગમ્ય છે. સામાન્ય રીતે વ્યંજનની જે બાજુ પર સ્વર લખાતો હોય, તે બાજુ પર જ સ્વરને ખૂણો પાડી લખવાથી વિભક્તિનો પ્રત્યય સૂચવાય, એટલી વાત સમજવી સહેલી પડે એવી છે. પણ વર્તુલાકૃતિ વ્યંજનોને લાગુ પડેલી એક વધુ શરતનું કારણ સમજવા જરા વધુ ઊંડા ઊતરવું પડશે. વર્તુલાકૃતિ વ્યંજનો પછી આવનારા સ્વરો એની સ્વાભાવિક ગતિમાં વર્તુળની અંદર લખાય છે. પણ ખૂણો પાડેલા 'ઇ' કે 'એ'ને એવી રીતે લખવા જતાં લખાણના પ્રવાહને જાણે એટલો વખત પીછેહઠ કરવી પડે છે. અને તેથી હાથની એકધારી આગળ વધતી ગતિમાં ખલેલ પડે છે. એને બદલે ખૂણો પાડી લખતી વખતે સ્વરને વ્યંજનના વર્તુળની બહાર રાખવાની ગતિ વધુ સ્વાભાવિક છે; અને તે એટલે સુધી કે આ નિયમ ન યોજાએલો હોત તો પણ લઘુલેખકનું વલણ આ નિયમનું પાલન થાય એવી રીતે જ લખવાનું રહેત. માટે જ આ નિયમ.

(૫૬) બહુવચનનો લોપાતો પ્રત્યય 'ઓ' અથવા તો તેનું કોઈ વિકૃત રૂપ પણ હોઇ શકે. વળી વિભક્તિના પ્રત્યયોની નકશામાં આપેલી યાદી જોતાં જણાશે કે બધાય પ્રત્યયો એવી રીતના છે કે તેમાં બહુવચન સમાવી દેવા તેને ભારે લખતાં જરા પણ અસ્પષ્ટતા ઉત્પન્ન થવાનો ભય નથી. જેમકે 'એ' પ્રત્યય ભારે લખતાં, 'એં' જેવો ઉચ્ચાર ગુજરાતી શબ્દોને અંતે ભાગ્યે જ આવે છે, એટલે તે આપોઆપ વિભક્તિ અને વચનનું સંયુક્ત સૂચન કરે છે. 'ને' અને 'થી' પ્રત્યયો પોતે જ વિશિષ્ટ સ્વરૂપના હોવાથી બધાથી જુદા તરી આવે છે. અને 'નું' અને 'માં' પ્રત્યયો માટેના વ્યંજનો ભારે લખાય ત્યારે જો કે પરિચિત જોડાક્ષરો બની જાય છે, પણ વિભક્તિનો વપરાશ છે એટલો આવા જોડાક્ષરો અંતે આવતા હોય એવા સંસ્કૃતમય શબ્દોનો નથી; તેથી ત્યાં પણ લેખનની સ્પષ્ટતા સુરક્ષિત છે.

આ નિયમમાં કૃદંતોનો સમાવેશ નથી કર્યો. કેમકે કૃદંતોમાં બહુવચનનો પ્રત્યય ક્યારેક જ ધ્વનિત હોય છે: બાકી મોટે ભાગે તો તે વિભક્તિના પ્રત્યયમાં જ લય પામી જતો હોય છે. તેમ છતાં યોગ્ય પ્રસંગે તેમાં પણ આ નિયમનો પ્રયોગ કરવામાં હરકત નથી.

આ નિયમની રીતે લખાતાં સર્વનામ માટે જુઓ 'સૂચના' ૫૮.

(૫૭) સંકેતોને વિભક્તિના પ્રત્યયો લગાડતી વખતે ઘણી વખત સંકેતના ઉચ્ચારમાં થોડો એવો ફેરફાર થાય છે. જેમકે 'ત્યારે–ત્યારથી', 'આટલું–આટલામાં' વગેરે. આવા નજીવા ફેરફારો તરફ દુર્લક્ષ કરી પ્રત્યયો લગાડી શકાય. વિભક્તિના પ્રત્યયો લઇ શકતા હોય એવા બધા સંકેતો આ નિયમનાં ઉદાહરણોમાં આપેલા છે. પણ એ દરેક સંકેતને લાગી શકતા હોય એવા બધા પ્રત્યયો માટે જુદાં જુદાં ઉદાહરણો નથી આપ્યાં. જેમકે 'દિવસ' એ શબ્દનાં 'દિવસનું' 'દિવસથી' વગેરે બાકીની બધી વિભક્તિ પ્રમાણે રૂપ થઇ શકે. તેમાંથી ઉદાહરણોમાં તો 'દિવસનું' એ એક જ રૂપ આપ્યું છે. અને એથી ઊલટું કેટલાક સંકેતો અમુક એકાદ બે વિભક્તિ જ લેતા હોય છે. જેમકે 'ક્યારે' એ શબ્દનાં 'ક્યારથી' અને 'ક્યારનો' એ બે જ રૂપો ઉપયોગમાં આવે એવાં છે. આ બધો ખ્યાલ એ રૂપો વાંચતી વખતે રાખવાનો છે.

(૫૮) સંકેત તરીકે વપરાતાં સર્વનામ આટલાં છે: 'આપણે, કોઇ-કોણ, કશું, જે, જેઓ, તે, તેઓ, તમે, પોતે, પેલું, મારૂં, શો, હું.' આ સર્વનામોનાં, તેમ જ સંકેત ન હોય એવાં થોડાંક સર્વનામોનાં (તું, આપ, અમે) સીધેસીધા વિભક્તિના પ્રત્યયો લાગવાથી થતાં બધાં નિયમિત રૂપો આ નિયમનાં ઉદાહરણોમાં

આપ્યાં છે. માત્ર 'જેઓ' અને 'તેઓ' ઉપર આવી ગએલા નિયમ ૫૬માં સમાઇ જતાં હોવાથી, વિભક્તિના પ્રત્યય લગાડતી વખતે તેને અનુક્રમે 'જે' અને 'તે'નાં બહુવચન તરીકે ગણી એ રીતે રૂપાખ્યાન કરેલ છે. વળી 'મારૂં', 'અમારૂં', 'તમારૂં' એવા બધા શબ્દોમાં 'મારૂં' શબ્દ માટેનો સંકેત કામમાં કેમ લઇ શકાય તે પણ બતાવ્યું છે.

(૫૯) સર્વનામનાં જે રૂપો ઉપરના નિયમનાં ઉદાહરણોમાં નથી આપી શકાયાં તે બધાં આ નિયમનાં ઉદાહરણોમાં આપ્યાં છે. એટલે આ બે નિયમોમાં મળી સર્વનામનાં સંપૂર્ણ રૂપાખ્યાન આવી જાય છે. એ અત્યંત ઉપયોગી હોઇ એના પર સંપૂર્ણ કાબૂ જમાવી લેવાની જરૂર છે. 'કોણે' તથા 'તારૂં' વગેરે રૂપોમાં આ નિયમ કાંઇક છૂટ સહિત લાગુ પડે છે, એ જોઇ શકાશે.

(૬૦) આ નિયમ તદ્દન સાદી સમજથી સમજી શકાય એવો છે. વિભક્તિનો પ્રત્યય શબ્દને છેડે લખાવો જોઇએ, એ મુખ્ય હેતુ છે. પછી શબ્દનો એ છેડો કેવી રીતે આવે છે એ વાત સાથે વિભક્તિના પ્રત્યયને સંબંધ નથી હોતો. ઉદાહરણો આ વાત વધુ સ્પષ્ટ કરશે.

ઉદાહરણો

(૧) **[નિ. ૫૦: વિભક્તિના પ્રત્યયો] આ**કાશમાં, આપણામાં, છોકરાએ, તેનામાં, દૂધમાં, મારામાં, મૂળમાં.

(૨) **[નિ. ૫૧:છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય અવિકારી] ખ**પનું, ધાતુનો, પોતાની, ફરજનું, મનનાં, વતનનું.

(૩) **[નિ. ૫૨-૫૫: 'ને' અને 'થી'—સરલ. વ્યં. પછી] આ**જ્ઞાથી, આત્માને, આનંદથી, દુ:ખને, પ્રચારથી, પ્રજાને, બીબાંને, માતાથી, યુરોપથી, લગ્નથી.

(૪) **[નિ. ૫૨-૫૫: ચાલુ: 'ને' અને 'થી'—વર્તુલ. વ્યં. પછી] આ**ગ્રહથી, ઉત્તરથી, જીવનને, યુક્તિથી, સંતોષથી, સંભાળથી.

(૫) **[નિ. ૫૬: વિભક્તિના પ્રત્યયથી સૂચવાતું બહુવચન] ચી**નાઓએ, છોકરાઓનાં, જર્મનોથી, જ્ઞાતિઓનું, નિશાળોમાં, નેતાઓએ, નોકરીઆતોએ, ભાઇઓથી, મજૂરોનું, સૂચનાઓનો.


(૬) **[નિ. ૫૭: સંકેતોને લાગતા વિભક્તિના પ્રત્યયો] અ**હિંથી-આજથી, અહિંનો-આજનો, આખરનું, આગળથી, આટલામાં, અત્યારથી, અનેકને, આવામાં, એકલાનું, એટલેથી, એવામાં, વખતને, ક્યાંથી, ક્યારથી, વગેરેને, નીચેથી, છેવટનું, વચ્ચેથી, જેટલેથી——જલદીથી, જ્યાંથી, જ્યારથી, તેટલામાં, તરફનું, ત્યાંથી, ત્યારથી, અંદરનું, દરેકને, દિવસનું, દરમ્યાનમાં, પાસેનું, પહેલાંનું, પ્રકારે, પ્રત્યેનું, ફરીથી——બરાબરનો, બધેથી, બીજેથી, બાજુએ, બાબતમાં, બહારની, રીતે, રૂપે, તરીકેનું, જરૂરનું, લીધેથી, આમથી, મોટેથી, મોટાંનું, માનવને, સમયમાં, સામેથી——સાથેનું, સુધીનું, સઘળાંમાં, સ્થિતિને, હંમેશનું, હવેથી, વસ્તુઓમાં.

(૭) **[નિ. ૫૮: સર્વનામ નિયમિત રૂપો] અ**મોએ, અમને, અમારાથી, અમારૂં, અમારામાં; આને, આથી-આનાથી, આનું, આમાં-આનામાં; આપે, આપણને-આપને, આપણાથી-આપનાથી, આપણામાં-આપનામાં; એને, એથી-એનાથી, એનું, એનામાં; કશાથી, કશામાં——કોઇએ, કોઇને-કોને, કોઈથી-કોઈનાથી-કોનાથી, કોઈનું-કોનું, કોઇમાં-કોઇનામાં-કોનામાં; જેને, જેથી-જેનાથી, જેનું, જેનામાં; જેઓએ, જેઓને, જેઓથી-જેઓનાથી, જેઓનું, જેઓમાં-જેઓનામાં; તમને, તમારાથી, તમારૂં, તમારામાં; તેને-તને, તેથી-તેનાથી, તેનું, તેમાં-તેનામાં——તેઓએ, તેઓને, તેઓથી-તેઓનાથી, તેઓનું,તેઓમાં; પેલાએ, પેલાને, પેનાથી, પેલાનું, પેલામાં; પોતાને,પોતાથી-પોતાનાથી, પોતાનું, પોતાનામાં; મારાથી,મારામાં.

(૮) **[નિ. ૫૯: સર્વનામ-અનિયમિત રૂપો] અ**મે; આપનું-આપણું; કોણે; જેણે; તેણે; હું, તેં, તારાથી, તારૂં, તારામાં; મને, મેં.

(૯) **[નિ. ૬૦: જુદા લખાતા તદ્ધિત પ્રત્યય પછી વિભક્તિ] જો**નારને, દ્રઢતાથી, ધનવાનોની, ગાનસશાસ્ત્રમાં

ઉદાહરણોનું લઘુલેખન



(ચાલુ)

એ દિવસ

[અનુસંધાન પાછળ પાને ૪૭૨]

ગયો, ગયો, હમણાં બધા એકીસામટો કડૂસલો કરી તેને દાટી દેશે એમ જોનારા તર્કો કરતા જ રહ્યા, ત્યાં તો વિનોદે લાત મારી દીધી 'આબાદ!' 'ગોલ!!' વાતાવરણ ગાજી ઊઠ્યું.

વ્હીસલ થઇ ને ગોલ પણ જાહેર થયો; પરંતુ વિનોદ ક્યાં? એક પછી એક બધા વિખેરાઇ ગયા, ત્યારે ગોલ પાસે જામેલા ઢગલા નીચેથી તે પાધરો થયો પણ એ ઊભો ન થઇ શક્યો. તેને પગમાં અસહ્ય કળતર થતી હતી. રમેશે દૂરથી એ જોયું ને તરત ત્યાં પહોંચી ગયો. 'એ તો એકાદ લાત વાગી હશે. બી ના દોસ્ત, હાડકું બાડકું કંઇ ભાંગ્યું નથી! તું ચાલ તો ખરો, મિ. મહેતા તો પૂણી જેવા બની જશે.'

વિનોદને તેણે ઊભો કર્યો. અસહ્ય વેદના દબાવતો, લાકડીને ટેકે ચાલતા કોઇ જરઠ જેમ વિનોદ રમેશને ટેકે તંબૂમાં આવ્યો. પ્રેક્ષકોએ તાળીઓના ગગડાટે તેને વધાવી લીધો. તેની છેલ્લી સફળતાએ પહેલાંની બધી નિષ્ફળતા ભુલાવી દીધી હતી. મિ. મહેતા તંબૂને દરવાજે જ ઊભેલા હતા. વિનોદે આવતાં વેંત તેમને સવાલ કર્યો, 'સાહેબ, આજની મારી જિંદગીનો કંઇ અર્થ ખરો કે નહિ?'

બધા વચ્ચે એ સવાલ પૂછાયો હોય એથી કે બીજા કોઇ કારણથી, 'નાલાયક!' એટલા શબ્દોચ્ચાર સાથે મિ. મહેતા ત્યાંથી ચાલતા થયા. સામેથી જ મિ. પટેલ આવી રહ્યા હતા. પસાર થતાં થતાં તેઓ બોલતા ગયા: 'મિ. મહેતા હું તો પહેલેથી જ એ છોકરા તરફ આશાની નજરે જોઉં છું. જરાક બટક-બોલો જરૂર છે, પણ એ તો ક્ષંતવ્ય છે!'

મિ. મહેતાએ કશો જવાબ ન વાળ્યો. સોડા-લેમનની ગાડી તરફ પગલાં વાળતાં એમને થયું કે એ દિવસ જ સારો ઊગ્યો ન હતો.

આ બાજુ રમેશ ને કાન્તિથી વાતોએ વળગેલા વિનોદને લાગ્યું કે એ દિવસ જેવો દિવસ જ તેની જિંદગીમાં ઊગ્યો ન હતો. બંનેમાંથી કોણ સાચું હશે?

(હ્યુ વૉલ્પોલની એક વાર્તા પરથી) **અશોક હર્ષ**

જીવનનું પરોઢ

૯ ઝાંખાં સ્મરણો

આપણે ત્યાં સનાતન નિયમ ચાલતો આવ્યો છે કે દરેક કાર્ય, શાસ્ત્ર કે કળામાં પ્રવેશ કરતાં પહેલાં તે તે વસ્તુના ઋષિઓનું અને આદિ પુરુષોનું સ્મરણ કરવું અને પછી જ એ વિષય હાથ ધરવો. આપણે પણ ફીનિક્સ વસાહતની વાતમાં આગળ વધતાં પહેલાં વસાહતોના આપણા મહર્ષિ અગસ્ત્ય મુનિનું થોડુંઘણું ધ્યાન ધરી લેવું જોઈએ. કહેવાય છે કે વિંધ્ય ઓળંગી ભયાનક અરણ્યોની વચ્ચે આશ્રમ જમાવી તેમણે વન્યસમાજને કૃષિસમાજની સંસ્કૃતિ સાથે સાંકળ્યો, જેને પરિણામે ઉત્તર ભારત અને દક્ષિણ ભારત એકરૂપ બની મહાન ભરતખંડ ઘડાયો. સૈકે સૈકે ને દાયકે દાયકે કારમો કચ્ચરઘાણ અને અસંખ્ય ઝંઝાવાત વેઠતો છતો આ દેશ પોતાની કરોડ વણ-તૂટી રાખી શક્યો છે એનો યશ જેમ બીજા ઋષિઓને છે તેમ આ અગસ્ત્ય ઋષિને પણ ઓછો નથી. આપણા પૂર્વજોએ એ મહા સાહસી વસાહતી અગસ્ત્ય મુનિને અમર કરવા દક્ષિણાકાશના સૌથી ચળકતા તારાનું નામ અગસ્ત્ય પાડ્યું છે. અતિશુભ્ર, ઘેરો લાલ અને તેવો જ ચળકતો લીલો રંગ પોતાને ઝબકારે ઝબકારે પલટતો એ તારો આકાશમાં ચડે છે ત્યારે વસાહતી દુનિયાનાં જૂનાં ને નવાં, લોહીતરસ્યાં ને બલિદાનભર્યાં તથા ઊજળાં ને કાળાં સાહસોનાં મૂગાં ગીતો સંભળાવતો હોય એવું લાગે છે. એક તરફ ધર્માનુષ્ઠાન, જ્ઞાનપ્રચાર અને તપત્યાગ તથા સેવા દ્વારા લંગોટીધારી અગસ્ત્યમંડળે આરણ્યક સમાજને કૃષિક સમાજમાં એકરસ કરી દીધો તે વસાહતની પ્રાચીન રીત; અને બીજી તરફ, કાળો કેર વર્તાવી મોટામોટા ભૂખંડો તાબે કરી તેને ફાડીને ફોલી ખાવાની આધુનિક રીતના ભરખાઈ જતા વસાહતીઓને પશુબળ સામે આત્મબળના મોરચા માંડવાની રીત. એની સાક્ષી પણ એ તેજસ્વી નક્ષત્ર એકાદ મહાપ્રલય સુધી પૂરશે ને કહેશે કે ભારતવર્ષે પોતાનાં બે સંતાનો દ્વારા જુદાજુદા જમાનામાં બે વસાહતી આશ્રમો વસાવી પોતાને ઉજાળ્યું છે.

એ બે સંતાનો તે અગસ્ત્ય ને ગાંધી. અગસ્ત્ય ભારતની દક્ષિણે જઈ જંગલમાં વસ્યા અને ગાંધી દુનિયાને દક્ષિણ છેડે આવેલા બીડમાં જઈ વસ્યા. અગસ્ત્યે ઋષિમુનિઓના આશ્રમ વસાવી આર્ય સંસ્કૃતિ ફેલાવી અને ગાંધીએ પ્રાકૃત માણસોને ધનના ઉકરડાઓ જમાવવામાંથી પાછા વાળી નાશ પામતી આર્ય સંસ્કૃતિને પુનર્જીવિત કરી. અગસ્ત્યે જાહોજલાલીની ટોચે પહોંચેલા આર્યાવર્તની પ્રસાદી અર્પવા સાહસ ખેડ્યું અને ગાંધીએ ભયાનક ગુલામીવૃત્તિના ભોગ થઈ પડેલા આર્યાવર્તને આત્મઘાતમાંથી બચાવવા જીવસટોસટની બાજી માંડી. અગસ્ત્યે વનવાસીઓને ખેતી શીખવી દેશને ઉન્નત કરવા મથામણ કરી અને ગાંધીએ ખેડુતના સંતોષી, સાદા અને મહેનતુ જીવનની પુનઃસ્થાપના કરી ને પાતાળભક્ષી લોભની જ્વાળાઓ, કારમો અને ઘાતક સ્વાર્થ તથા રાક્ષસી યંત્રોની ચૂડમાંથી દુનિયાને ઉગારવાનું બીડું ઝડપ્યું. જ્ઞાન-સમુદ્રનું પાન કરી સિદ્ધ ગુરુ તરીકે અગસ્ત્ય મુનિએ દક્ષિણાપથનો વસવાટ સફળ કર્યો, અને અપમાન તથા જુલમના સમુદ્રને પી જઈ પામરમાંથી મહાન બની ગાંધીએ ભારતવાસીઓનો દક્ષિણ આફ્રિકાનો વસવાટ અમર બનાવ્યો. એકે વસાહત જમાવવાની રીત શોધી બીજાએ વસાહત સુધારવાની કળા પ્રગટ કરી. ભારતના બંને વસાહતી વીરોએ ભરતખંડને સદાકાળ માટે ઉજ્જવળ અને પ્રાણવાન બનાવ્યો.

સંસ્કારના ઇતિહાસની દૃષ્ટિએ અગસ્ત્યાશ્રમ જેટલા જ મહત્ત્વના એ ફીનિક્સ આશ્રમનાં ગીત ગાવાની તથા અમે બાળકોએ ત્યાં કરેલા કિલકિલાટનું તતૂડું સંભળાવવાની અહીં મેં હિંમત બાંધી છે, પણ વારેવારે મનમાં ધ્રાસકો પડે છે કે રખેને મારું આ અટકચાળું ભવિષ્યના ઇતિહાસમાં ફીનિક્સના ઊંચા સ્થાનને ઉતારી પાડે! એટલું સારું છે કે પૂ. બાપુજીની કલમે જ ત્યાંનો ઇતિહાસ આલેખાયો છે એટલે નકામો અને નિરુપયોગી જણાતાંની સાથે આ ભાગને કચરા-

ભેગો કરવામાં કોઇને આંચકો નહિ ખાવો પડે.

સામાન્ય રીતે દરિયો ખેડી પરદેશમાં રળવા ગએલા લોકો પોતાનાં સ્ત્રીબાળકોને સાથે નથી લઇ જતા. આફ્રિકા જનારા પણ મોટે ભાગે એ જ પ્રથાને અનુસરે છે. ત્રીજેચોથે વરસે દેશ આવી થોડાક મહિના કુટુંબ વચ્ચે રહી ફરી પાછા તેઓ કમાવા ચાલ્યા જાય છે અને એ રીતે આખી જુવાની પૈસા પાછળ ખૂએ છે. કૌટુંબિક કે વ્યક્તિગત વિકાસને નામે તેમના જીવનમાં મોટું મીંડું હોય છે. ફીનિક્સની સ્થાપના એ પરંપરામાં મોટી ક્રાંતિરૂપ ગણાય. બને એટલા સોનાના સિક્કા એકઠા કરવામાં કાયા અને જીવન ખપાવી દેવાને બદલે સંતોષભર્યું સાત્ત્વિક ખેડૂતજીવન ઝીલવાનો આદર્શ બાપુજીએ ફીનિક્સવાસીઓ પાસે રજુ કર્યો. એ આદર્શ રાખ્યા પછી સ્વાભાવિક રીતે જ સંસ્થાને ફક્ત એકલમુંડાઓથી જ વસાવવી પાલવે એમ ન હતું. એમ કરવામાં નિશ્ચિંતતા, સંતોષ અને એકધારા જીવનને ઓછો અવકાશ હતો. એટલે એ બિહામણા જંગલમાં યે બાપુજીએ પરણેલાઓને પોતાનાં બાળબચ્ચાંને લાવવાની આજ્ઞા આપી અને ન પરણેલાઓને પરણવાનું ઉત્તેજન આપ્યું. એક તરફ તેઓ પોતે બ્રહ્મચર્ય પાળવાને વધુ ને વધુ કાળજી લેતા હતા ને બીજી તરફ કૌટુંબિક જીવનની ભવ્યતા જતી કરવી તેમને સાલતી હતી. બંને બાજુનો વિચાર કરી તેમણે આકરા સંયમનો કૌટુંબિક જીવન સાથે મેળ સાધી, એ જીવનરસાયણ વડે ફીનિક્સના વાતાવરણને ઉત્સાહથી ભરી દેવાનું પગલું ભર્યું. એમના એ પગલાએ મારા જેવાં કેટલાં યે બાળકોનાં સદ્ભાગ્ય ખોલી નાખ્યાં.

એથી ઊલટું, જો ફીનિક્સ આશ્રમ કોરા એકલવાયા સૈનિકો અને સાધકોનો જ વસ્યો હોત, પ્રથમથી જ સૌ વ્રતજડ બની લૂખા અને જીવન વિષે ઉદાસ રહ્યા હોત અને બાપુજી જેટલા પોતા પ્રત્યે કઠોર છે એટલા જ પોતાના નાના મોટા સહાયકો પ્રત્યે કઠોર રહી શિસ્તમૂર્તિ બન્યા હોત તો મારે નસીબે પોરબંદર--રાજકોટની ગલીઓમાં પિતાકાકાવિહોણું ધૂળિયું બાળજીવન અને નિશાળોનું નિર્જીવ ભણતર ચોંટ્યું હોત, એટલું જ નહિ પણ ફીનિક્સ સંસ્થા જ થોડા દિવસનો ભડકો રહી જોતજોતાંમાં રાખ બની ગઇ હોત અને તેને લીધે હિંદુસ્તાને જે યશ અને સદ્ભાગ્ય અનુભવ્યાં



પુરાણકાળના આર્ય વસાહતી ઋષિ અગસ્ત્ય

તે અનુભવવાનો વારો કદાચ ન આવત. ઉત્તરરામચરિતનો પેલો શ્લોક બાપુજીને પૂરેપૂરો લાગુ પડે છે:

વજ્રથી યે ઘણાં કઠણ, પુષ્પથી પણ કોમળાં:
અહો એવાં મહાત્માનાં કો જાણે ચિત્તને ખરાં.

કારમામાં કારમી ઘડીએ પણ બાપુજીએ પોતાનું કોમળ હૃદય બાળપુષ્પો માટે સદા મોકળું રાખ્યું છે. એ મોકળા હૃદયની પ્રસાદીનો લાભ મેળવનારાં બાળકોમાં ફીનિક્સનાં બાળકો પહેલાં ભાગ્યશાળી બન્યાં અને

તેમાં યે પ્રથમનાં બાળકોમાંના એક હોવાનું અહોભાગ્ય ઈશ્વરે મને આપ્યું તેથી જ આજે પોતાના બાલજીવનની આ કથા લખવાની હોંશ મને થઇ આવી છે.

મારો જન્મ ઇ.સ. ૧૯૦૧ની આખરમાં થએલો. બાપુજીનો જન્મ પણ પોરબંદરમાં થયો ને મારો પણ પોરબંદરમાં થયો એ વાતનું ભાન મને એમને પંથે ચાલવામાં જેટલું મદદરૂપ થઇ શકે એટલું થયું છે. હવે તો મારી એ ભાવના મોળી પડી ગઇ, પણ નાનો હતો ત્યારે સુદામાજીની સુદામાપુરીનો અને શાંતિથી તોપના ગોળા ઝીલનાર ઓતાબાપાનો તથા પરમ સત્યાગ્રહી બાપુજીના પોરબંદરનો હું બાળક છું એ ભાવનાએ અનેકવાર મને ગંભીર બનાવ્યો છે—મારી આડે રસ્તે જવાની ઇચ્છાને વારી છે. પોરબંદરમાં મારા નાનાને ત્યાં હું કેટલી ઉમર સુધી રહ્યો તેની મને ખબર નથી, પણ ત્યારનાં બેચાર વિચિત્ર સ્મરણો મનમાં કોતરાઇ રહ્યાં છે.

પહેલું સ્મરણ ઘોડીઆનું છે. ઘરનાં બધાં માણસો મને ઊંઘતો મૂકીને ચાલ્યાં જાય, હું જાગું ને કલાકેક સુધી કોઇને ન જોઉં તેથી પોતાને અસહાય અને એકાકી અનુભવું. અટૂલાપણું સમજવા છતાં જાતે કંઇ કરવાની અશક્તિ અને કંઇક ભય એ બધાનો સંમિશ્રિત ભાવ એ વેળા મનમાં એવો ઘર કરી ગયો છે કે ગીતાના છઠ્ઠા અધ્યાયની શિખામણને અનુસરી એકાંત ખૂણે બેસી બહારની દુનિયા સાથેનો સંબંધ તોડી નાખવાનો અને અંતરમાં ઊંડે ઊતરવાનો કોઇકોઇ વાર મેં પ્રયત્ન કર્યો છે ત્યારે ઘરના ખૂણામાં આવેલા ઘોડીઆમાં મારૂં નિરાધાર અને અકર્મણ્ય પડી રહ્યો હોવાનું એ દૃશ્ય મનમાં ખડું થયું છે, ગભરાટ છૂટ્યો છે ને એ પ્રયાસ મારે છોડી દેવો પડ્યો છે.

મને એ વાતની નવાઇ લાગે છે કે સાવ બચપણના આનંદ અને સુખના અનુભવો કરતાં ભય અને ત્રાસના અનુભવો મને વધારે યાદ કેમ રહી ગયા હશે? મારા જન્મનું ઘર–આંગણું–વાડી સંભારૂં છું તેમાં વધુમાં વધુ સ્પષ્ટ સ્મૃતિ મારા મામાની છે. તેઓ પોતાની આંખનાં પોપચાં ચડાવી બિહામણો ચહેરો કરી મને ડરાવતા, મારી પાછળ દોડતા અને હું આંગણામાંની ફૂલવેલ પાછળ ભરાઇ જતો એમની એ રમત હતી પણ મારે માટે એ ભયનો પહેલો પાઠ થઇ પડ્યો. ઉમર વધતાં અંધારાનો અને એવો બીજો ડર લાગવા માંડ્યો તથા ભૂતાદિની વાતો સાંભળતો થયો ત્યારે એવી જાતના લાલ આંખ ને લંબાવેલી જીભવાળા અનેકગણા મોટા અને વિકરાળ ચહેરા મારાં કલ્પનાચક્ષુ આગળથી પસાર થઇ જતા. ખરૂં જોતાં એ કલ્પનાનું મૂળ મારા નાના મામાની આ રમત ગણી શકાય.

મરચાંનો પ્રથમ ત્રાસદાયક અનુભવ ન ભુલાય એવો હતો. મોઢું ઝાળઝાળ થવાથી મેં એકવાર હઠ પકડેલી. એ દિવસોમાં નાતનું જમણ ઘરનાં નાનાં-મોટાં સૌને મન જિંદગીનો મોટો લહાવો લેખાતો. આજે સભાઓ, મેળાવડા, શાળાઓ ને અખાડાના વાર્ષિકોત્સવોથી તથા સીનેમા આદિ અનેક રીતે મનોરંજન કરવાનું કુલીન ઘરનાં સ્ત્રી-બાળકોને મળે છે. ત્રીસ-પાંત્રીસ વરસ પહેલાં એ બધું મનોરંજન નાત દ્વારા પ્રાપ્ત થતું. મારી બા, માશી, કાકી વગેરે બધાં બહુ હોંશથી નાતમાં જમવા જતાં. લાગલાગટ ચાર ચાર ને છ છ ટંક ભોજન ચાલતાં. આવા એક ભોજનમાં પોતાને હાથે આરોગવા જતાં મારી જીભ સળગી ઊઠી. પોરબંદરી અને સુરતી રસોઇ સર્વોત્તમ ગણાય. અને મરચાંના ધમધમાટ વિના રસોઇ તે વળી સર્વોત્તમ શા રીતે થઇ શકે? એક વાર જીભ ને મોઢું સળગી ઊઠ્યાં એટલે અનેક વાનગીઓમાંથી જે કંઇ મોંમાં મૂકું તેનાથી બળતરા વધે. જેમતેમ કરી મારી બાએ મોં બળતું મટાડ્યું, પણ નાતનો ભય મારા મનમાં પેસી ગયો. સાંજે ફરી સૌ જમવા ચાલ્યાં. ઘરમાં રહ્યા એક મારા બુઢ્ઢા નાના. હું તેમના ખોળામાં જઇ બેસી ગયો. એક પછી એક જણ મને સાથે લઇ જવા આવ્યું, પણ માથું ધુણાવી હું કોઇની સાથે ન ગયો. છેવટે મારા નાનાએ મને મોકલવાની મહેનત કરવા માંડી. એમના પ્રેમ આગળ મારી જીભ ખુલી અને જે સંવાદ થયો એ કંઇક નીચે મુજબ હતો:

'કેમ નથી જતો?' 'મોં બળે છે.' 'જા, હવે મોં નહિ બળે; શાક નહિ ખાતો જા.' 'પણ બધાયમાં મરચું હતું.' 'જા, ભાતમાં મરચું નહિ હોય.' 'ભાતમાં પણ.' 'ત્યારે દૂધપાક ખાઇને આવતો રહેજે, જા.' 'દૂધપાકમાં પણ મરચું હતું.' મારી આ વાત સાંભળી નાના અને ઘરનાં બીજાં માણસો એટલાં બધાં હસી

પડયાં કે હું લજવાઈ ગયો. બધાંની વચ્ચે હું મને ગુનેગાર જેવો લાગ્યો. પછી શું થયું, હું નાતમાં ગયો કે નહિ એ આજે યાદ નથી.

મગનકાકા ફીનિક્સથી અમને લેવા આવ્યા ત્યારે અમે રાજકોટ હતાં. એ વખતે મારી ઉમર પૂરાં ચાર વરસની નહોતી થઇ. ઉપર કહ્યાં તે સ્મરણો એ પહેલાંનાં છે. મગનકાકા અમને લઇ આફ્રિકા ઊપડ્યા તે પહેલાંનો રાજકોટમાં ખાધેલો એક તમાચો અહીં નોંધવા જેવો છે. એ તમાચો મગનકાકાનો નહિ પણ એમનાથી નાના મારા નારણદાસ કાકાનો હતો. છતાં એક રીતે આગળ ઉપર મગનકાકાને હાથે ખાવા પડેલા અનેક તમાચાઓના પ્રસ્તાવરૂપ એ હતો. રાજકોટના ઘરમાં એક ઓરડામાં ખાટની પાળ ઉપર દીવાસળીની પેટી પડી રહેતી. એનાથી રમવામાં મને બહુ મજા પડતી. એકવાર રમતાંરમતાં મેં એ સળગાવી પણ ખરી. નારણદાસ કાકાએ મારું એ અટકચાળું જોયું અને છાનામાના પાછળથી આવી જોરથી તમાચો ચોડી કાઢ્યો અને હાથમાંથી પેટી આંચકી લીધી. દીવાસળીથી બીજી વાર રમવાનું મન ન કરું તે માટે આ વિકટ સજા હતી. કહે છે કે ત્યાર પછી હું એ રમત ભૂલી પણ ગયો. મને એટલું સાંભરે છે કે હું રડ્યો તેથી તમાચો મારીને મને ઘરબહાર સડક ઉપર મૂકી દેવામાં આવેલો. અપમાનિત થએલો હું ચમચમતા ગાલને પંપાળતો રસ્તા પર ઊભો હતો અને મારી આસપાસ એકબે કૂતરાં આવી જવાથી ડરતો છતાં ઘરમાં ન જઈ શકવાથી કેટલીયે વાર સુધી ડુસકાં ભરતો હતો. પોતાનું એ આબેહૂબ ચિત્ર આજે પણ મારી નજર સામે તરે છે અને એટલું ચોક્કસ કહી શકું છું કે દીવાસળીની રમત ભૂલવાની સાથેસાથે કાકા એટલે કોઇ કારમી વ્યક્તિ એવું સમજતાં મને એ તમાચાએ શીખવ્યું.

પહેલી સમુદ્રયાત્રાની મનમાં રહેલી તાજી છાપ વિષે મેં આ લેખમાળાના પહેલા પ્રકરણના આરંભમાં લખ્યું જ છે. અમારા એ સંઘમાં મગનકાકા, મારી-બા, મણિકાકી અને હું એટલે સાડાત્રણ જણ ઉપરાંત દોઢ જણ બીજા પણ હતા. ઝવેરકાકી અને તેની દીકરી વિજયા. વિજયા મારાથી વરસેક નાની હતી. એ આણંદલાલ કાકાની દીકરી. આણંદલાલ કાકા ટોંગાટની દુકાનથી મગનકાકાની સાથે આવી વસેલા એ વાત હું આ પહેલાં જણાવી ગયો છું. સ્ટીમરમાં બે ઘોલકીઓ હતી. દિવસના ભાગમાં મગનકાકા ઘોલકીમાંથી બહાર નીકળી જતા અને અમે—મારી બા બંને કાકી અને અમે બે બાળકો—ઘોલકીની અભરાઈઓ ઉપર બેસી રહેતાં. મહાસાગરનાં આભને અડવા જનારાં મોજાંઓમાં સ્ટીમર બહુ જ ડોલતી. મારા ખ્યાલ પ્રમાણે આજની વિશાળ સ્ટીમરો જેટલી ધીર ગંભીર ચાલે છે એટલી એ કાળની, પ્રમાણમાં નાની હલકી સ્ટીમરો સ્થિર થઇ નહોતી ચાલી શકતી. અમારી ઘોલકીની બારીના કાચ ઉપર પ્રચંડ મોજાં અફળાતાં ત્યારે એકજ અભરાઇ ઉપર બેસી રહેલાં અમે વધુ સંકોચાઇ એકબીજામાં ભરાઇ જતાં. અમારો આ ગભરાટ અને મોજાનો ભય ભાંગવા મગનકાકા કોઇકોઇ વાર અમને ઉપર તુતક પર લઇ જતા. તુતકને લોઢાના કઠેડાને બદલે દોરડું જ બાંધેલું હતું, તેથી ડોલતી આગબોટ જ્યારે પાણીની સપાટીને મળવા જતી ત્યારે ગબડી પડવાનો મને ભારે ડર લાગતો. છતાં વિકટ સમુદ્રનું દર્શન કરતાં ધરવ નહોતો થતો. એકવાર છતે વરસાદે અમને મગનકાકા તુતક પર લઈ ગયા. એટલામાં એક મોજું તુતક પર તૂટ્યું ને બધે પાણી પાણી થઇ રહ્યું. મગનકાકાએ મારો હાથ પકડ્યો, પણ એ નાસભાગમાં મેં મારી બાનો મજબૂત રીતે પકડી રાખેલો છેડો છોડી બીજે જવાનું પસંદ ન કર્યું. મગનકાકા જેમજેમ મને પોતા તરફ લેવા કરે તેમતેમ હું બાને જોરથી વળગતો જતો. છેવટે અમે કઇ રીતે તુતક પરથી ઘોલકીમાં પહોંચ્યાં તેનો મને ખ્યાલ નથી રહ્યો. એ જ પ્રમાણે મુંબાઇથી કેવી રીતે ઊપડ્યા કે ડરબન ઊતરી ફીનિક્સ કેવી રીતે પહોંચ્યા તેનો ઝાંખો યે ખ્યાલ અત્યારે નથી આવતો. ફીનિક્સ પહોંચીને એક પતરાંના ઓરડામાં રહેવા માંડ્યું એટલું જ યાદ છે. રાત પડ્યે એ ઓરડામાં ભીડ આડે આઘાપાછા થવાની જગ્યા પણ ન રહેતી. મારે એક ખૂણે બેસી રહેવું પડતું. સાંજે રસોઇ પણ ન થતી. એક વાટકામાં દૂધરોટી ભીંજવી મારી બા મને ખાવા આપતી અને બીજાં સૌ ખાધાપીધા વિના પથારી કરવા-કરાવવામાં રોકાઇ જતાં. એ ઉપરાંત ફીનિક્સના પ્રારંભિક દિવસોની કંઇ વિશેષ સ્મૃતિ મને નથી.

થોડાક દિવસ પછી અમારા ઘરનું છાપરું ઉકેલ-

વામાં આવ્યું ને તેને નવી રીતે ઢાળ પડતું બનાવવામાં આવ્યું. અગાશી પર સૂવાની અમારી મજા ચાલી ગઇ; સાથે વરસાદમાં ચોમેર ટપકી મોટો ઓરડો પાણી પાણી થઇ જતો એ પણ અટક્યું. ઓરડાની પાછલી બાજુ–પશ્ચિમ તરફ–નીચે ભોંયવાળો એક ઓરડો અને વરંડો કરવામાં આવ્યો. એ ઓરડો અમારો બન્યો. મોટા ઓરડાના બે ભાગ કરી નાના ભાગમાં મગનકાકાનો ઓરડો કરવામાં આવ્યો. રસોડામાં પણ સુધારો થયો. ધૂમાડીઆમાંથી સારીપેઠે ધૂમાડો નીકળી જવા લાગ્યો અને રસોઇ ચાલતી હોય તો પણ ત્યાં મારી બા પાસે બેસવામાં આંખ લાલચોળ કરવાની મને જરૂર ન રહી. આણંદલાલકાકાનું ઘર અમારા ઘરથી બસોએક ડગલાં દૂર જુદું થએલું અને વિજયા ત્યાં રહેતી, એટલે ઘરમાં હું જ એકલો બાળક હતો. આસપાસ જંગલમાં એકલા ફરવા કે રખડવાની મારી હિંમત ન હતી કે મને મારી બા જતાં રોકી રાખતી એનો ખ્યાલ નથી, પણ લાંબાંલાંબા કંટાળાભરેલા દિવસો મારી બા પાસે જ બેસી રહી મારે વીતાડવા પડતા.

આ કંટાળામાં વધારો, ઘરમાં પાટી–પેન આવતાં થયો. હવે તો હું પાંચ વરસનો 'ઢાંઢો' થયો હતો, છતાં મને ભણતાં નહોતું આવડતું! આથી આખા ઘરનો હું ગુનેગાર થઇ પડ્યો. જેને જોઉં તેનો ચહેરો ચડેલો અને મને ધમકાવતો જણાય. દિવસમાં ત્રણત્રણ કે ચારચાર વાર મારે રસોડાના ઊંબરા પર કે પગથીઆ પર સ્થિર બેસી, પેટમાં ગોઠણ ઘાલી, તે પર પાટી ટેકવી એકડો ઘૂંટવો પડતો. મારી બાએ માંડી દીધેલા એકડા ઉપર ટીચુકડી પેન વડે એકડાની એ પાતળી લીટીને ઘૂંટતાં ઘૂંટતાં પોણોથી એક ઇંચ જાડી કરવી પડતી. જરા પાતળી રાખી બાને પાટી બતાવવા જતો તો બા ખૂબ ચીડાતી, ધમકાવતી અને પાછો બેવડા વખત સુધી પરાણે મારી પાસે એકડો ઘુંટાવતી. છેવટે જ્યારે તે મને બહુ ગમગીન અને ઢીલો થઈ ગએલો ભાળતી ત્યારે પાટી લઇ લઇ મને રમવા જવાનું કહેતી. પરંતુ આવી રીતે છુટ્ટી મળવા છતાં હું હોંસભેર કૂદવા-રમવાને બદલે ઘરની બાજુમાં સહેજસાજ ટહેલતો રહેતો. સાંજ પડવા આવ્યે આણંદલાલકાકાને ઘેરથી વિજયા આવતી ત્યારે તે રમે તેમ રમતો.

રોજ આકાશમાંથી અંધારૂં ઊતરતું જતું તેમતેમ મારા ઉપર કઠણાઇ અને ત્રાસ પણ ઊતરતાં જતાં. એકડે એકથી પાઠ લેવી પડતી. વિજયા તો કડકડ પાઠ બોલી જતી અને મારી ખૂબ ભૂલો પડતી. એક તો હું મોટો અને વળી છોકરો! આથી મારી ભૂલો પાઠ લેવડાવનારને અસહ્ય થઇ પડતી. મારે ડગલે ને પગલે 'શરમાતો નથી, શરમાતો? તારા કરતાં તો આ છોકરી હોશિયાર છે!' 'સાવ ઘોઘો છે ઘોઘો; આ કરતાં તો છોકરી થવું'તું!' 'જો મોટો ભાઇ થયો છે તે? નાની બેનનું પાણી ભર, પાણી!' ઇત્યાદિ વાગ્બાણો સાંભળવાં પડતાં. કોઇવાર વિજયા પાઠ વખતે હાજર ન હોય ત્યારે તો વળી મારે બમણું અપમાન અનુભવવું પડતું. મારા ઠોઠપણા વિષે વડીલો નિસાસો નાખી વિજયાની હોશિયારીની ખૂબ ચર્ચા ચલાવતાં. 'એ છોકરી છે છતાં એની બુદ્ધિ કેટલી બધી તેજ છે!' 'વિજયા કેટલી બધી ચંચળ છે! ને આ છોકરો તો સાવ જડ છે.' 'એ તો વિજળી છે, અને આ સાવ હડો રહ્યો છે!' ઇત્યાદિ વાક્યો મારા હૃદયમાં બહુ ઊંડે ઉતરી જતાં અને હું મનમ મનમાં ચીમળાઇ જતો. રોજ ઊઠીને મારા ઉપર આ ઠપકા ચાલુ રહ્યા તેને પરિણામે મને આંક આવડવાને બદલે એ બહુ અળખામણા થઇ પડ્યા અને જાતે હોશિયાર થવાની આકાંક્ષાને બદલે વિજયાની હોશિયા સીનો ષ કરવા લાગ્યો,—તે એટલે સુધી કે તે વચ્ચેવચ્ચે પોતાના મોટા કાકાને ઘેર ટીંગાટ જતી ત્યારે તે પાછી ન આવે એમ હું ઇચ્છતો.

મારૂં ભણતર સમ ખાવા જેટલું માંડ વધ્યું, પણ મારી કફોડી હાલત તો ખૂબ વધી પડી. ભણાવે ત્યારે મારી બા તો મને કડવી લાગતી જ; પણ પછી મગનકાકાએ મને પોતાના હાથમાં લીધો ત્યારે તેઓ કાકા નહિ પણ કારમા દુશ્મન સમા લાગવા માંડ્યા. ઘરમાં રહેવું મને ભારે થઇ પડ્યું. તેમના ધાકને લીધે ઘરનાં બધાં મોટેરાંઓની નજરે પડવાનું જેટલું બને તેટલું હું ટાળવા લાગ્યો. મારની બીકે મને ચોવીસે કલાક બાવરો કરી મૂક્યો.

ઉત્તર વયમાં મગનકાકાને પોતાનો એ ઘાતકી ક્રોધ યાદ આવતો ત્યારે તેઓ અત્યત દુઃખી થઇ જતા. તેમનું હૃદય જ નહિ, રૂંવેરૂંવું ઊંડા પસ્તાવાથી રડી ઊઠતું. હું એમનો ભત્રીજો છતાં તેઓ પોતાની ભૂતકાળની એ ભૂલોની માફી માગતાંમાગતાં એટલા તો

વિનમ્ર અને ગદ્‌ગદ્ થઇ જતા કે મને હાથ જોડવાનું જ ફક્ત બાકી રાખતા. એવા પ્રસંગો એકબે વાર જ નહિ પણ કોચરબ આશ્રમની સ્થાપનાથી માંડી તેમના અંતકાળ સુધીમાં અનેકવાર બન્યા છે કે જ્યારે હું એમની પાસે શીખામણ લેવા ગયો હોઉં ત્યારે તેઓ પોતાને જ ગુનેગાર અનુભવી મને કશું ન કહી શકતા. મને ભય રહે છે કે આજે ફીનિક્સમાં તેમણે અમ બાળકો પર વર્તાવેલા કેરની કહાણી હું છપાવવા બેઠો છું તેથી એમનો આત્મા સ્વર્ગમાં રહ્યોરહ્યો કકળી તો નહિ ઊઠે? પણ સાથે એયે આશા રાખું છું કે હું આ ફરિયાદ રૂપે નહિ ઇતિહાસ રૂપે લખું છું;–ડંખથી નહિ ભક્તિથી લખું છું. અને પૂજ્ય બાપુજીના હાથ નીચે અમારા સૌના સંસ્કાર કેવી જાદુઇ રીતે બદલાતા ગયા તેની સાચી નોંધ અધૂરી ન રાખવા માટે જ એ ભૂતકાળને સજીવન કરૂં છું એમ જોઇ તેમનો ઉદાર આત્મા મને આ પાનાં ચીતરવા માટે ક્ષમા આપશે.

હું ઉપર જણાવી ગયો કે જેમ જેમ આકાશમાંથી અંધારૂં ઊતરતું જતું તેમતેમ મારા પરની હાડમારી વધતી જતી. એકડે એકથી સો સુધી પાઠ લેવી એ મારે માટે પાંચ વીસું સો નહિ, હજાર વીસું સો થઈ પડતી. દિવસ આખો છાપખાનામાં તથા ખેતરમાં કામ કરી મગનકાકા ઘેર આવ્યા હોય અને ઘરમાં તેમની સુઘડતા અને વ્યવસ્થાને અરૂચિકર ચીજો આડીઅવળી પડી હોય એટલે તેમનો પિત્તો ઉછળે; તેમાં વળી મને ડોઢને પોતાની નજર સામે ભૂલભરેલી પાઠ લેતો સાંભળે એટલે તો તેમનો ગુસ્સો ક્રોધમાં ઊભરાઇ નીકળતો. તેઓ મારા પર ધસી આવતા અને પોતાના બધા બળથી મારો કાન પકડી એવો સખત આમળો ચડાવતા કે હું જમીનથી અધર ઉંચકાઇ જતો. થોડી મિનિટમાં ક્રોધનું પૂર વધતું ને ઘણના ઘા જેવા ચારપાંચ તમાચા મારા ગાલ પર આવી પડતા. ગાલ પર જાણે બળતા અંગારા પથરાયા હોય અને કાન તેજાબ રેડી મૂળમાંથી કાપી નાખ્યો હોય એટલી બળતરા થતી ાવા છતાં મારાથી એ પંપાળવા માટે હાથની અદબ ન છોડાતી. આંખમાંથી પાણી વહી એ બળતરા શાંત કરી શકે તેટલી ભલે કરે, પણ મૂર્તિ સમ ઊભા રહી મોઢેથી મારે પાઠ લેવાનો પ્રયાસ ચાલુ રાખવો જ પડતો. પણ આવી દશામાં તો સાચી પાઠ આવડતી હોય તો યે ભુલાઇ જતી. પરિણામે કાકાનો ક્રોધ દાવાનળ જેટલો પ્રજ્વલી ઊઠતો અને તેમને હાથ ચડે તે દંડુકો કે લાકડી મારા હાથની ને વાંસાની ચામડી ચીરી નાખતી. પણ આટલી મારઝૂડ તો સાધારણ હતી. ઘણીવાર આટલો માર માર્યા પછી કાકાના ક્રોધના ઉગ્ર ભડકા શમી એમનો ગુસ્સો ઊંડો અને ગંભીર બનતો. તેઓ વરંડામાં પડેલી લાકડાની પેટી ખાલી કરતા ને મને અંદર ઠ્ઠેલી દઇ ઉપરથી ઢાંકણું વાસી તે પર પોતે ચડી બેસતા. ગડદાપાટુ ને થપાટથી મને જે ત્રાસ ન થતો તે પેટીમાં પુરાતાં થતો. મારો જીવ કકળી ઊઠતો. અંદરથી હું મારૂં બધું બળ વાપરી ઢાંકણાને પાટુ મારી ઉઘાડી નાખવા મથતો, પણ મારૂં પાંચ વરસના બાળકનું બળ કેટલું કે જુવાન-જોધ કાકાનું વજન ઉથલાવી નાખી શકે પાટુઓની ઝડી સાથે હું છાતીફાટ ચીસો પણ પાડતો કે 'કાકા, ઉઘાડો, હવે નહિ કરૂં. માફ કરો હવે નહિ કરૂં, ઉઘાડો.' પણ મારી ચીસને તેમના હૃદયમાં પહોંચતાં એમનો પ્રચંડ ક્રોધ વારતો. મારી ચીસો મારી બાને ને કાકીને મૂગાં આંસુ સરાવે અને આસપાસનાં ખેતરોને પણ હાયથી ભરી મૂકે.

અંતે પોતાનું બધું બળ ખુટાડી હું પા અરધે કલાકે ચૂપ થઈ પેટીમાં ટૂંટિયું વાળી પડું ત્યારે કાકાનો ક્રોધ ઓસરે. ઘરનાં મોટાં માણસોની પણ પછી તેમની સામે ઊભવાની હિંમત થાય અને તેઓના કહેવાથી કે પોતાની મેળે જ મગનકાકાને વધારાપડતો માર માર્યાનું ભાન થાય એટલે તેઓ પેટી પરથી ઊઠે અને મને બહાર કાઢે. આવી રીતે રાતના નવ નવ વાગ્યે પેટીમાંથી નીકળ્યાનું મને સ્મરણ છે. પેટીમાંથી નીકળતી વખતે મારૂં ગોઠણ સુધીનું પાટલૂન પેશાબથી નીતરતું અને પાટલૂનમાંથી પાયખાનાનો રેલો પણ બંને સાથળ ઉપરથી ઊતરી કેટલીક વાર નીચે ભોંય સુધી પથરાઇ જતો. પાયખાના-પેશાબમાં આવી રીતે તરબોળ હોવા છતાં મારે એ ને એ હાલતમાં, થરથર ધ્રૂજતા શરીરે અને ક્ષીણ સ્વરે ફરી એકવાર પાઠ લઇ જવી પડતી અને પછી મને માતાને હવાલે કરવામાં આવતો. તે મને સાફ કરીને નવાં કપડાં પહેરાવતી ને પછી પોતાના પડખામાં સૂવાડી મને ગાઢ નિદ્રામાં પહોંચાડી દેતી. પિતા ઘણુંખરૂં ઘરમાં રહેતા જ નહિ. તેઓ મોડી રાત

સુધી છાપખાનામાં બેસી લખતા વાંચતા રહેતા અને હાજર હોય તો યે વચ્ચે ન આવતા.

કોઇ વાચક એમ ન માને કે આ કાવ્યભર્યું છે અથવા એમાં અતિશયોક્તિ છે. આ સાચી બીના છે. અને તે એકાદ અપવાદ રૂપે મેં અનુભવી છે એમ નથી. કોઇએ ડાયરી નથી રાખી, છતાં આવી રીતે પેટીમાં ચાર-પાંચ વારથી વધુ વાર પુરાયાનું મને સ્પષ્ટ યાદ છે. જોકે મન પર એ આતંકની છાપ એવી પડી ગઇ છે કે જાણે વરસ સુધી લાગલાગટ દર બીજે ને ત્રીજે દિવસે મેં આ ત્રાસ અનુભવ્યો હોય. પણ હું જાણું છું કે મન પર પડેલી એ છાપ વધારાપડતી છે. એમ થયું હોત તો આજે આ લખવાને હું જીવ્યો જ ન હોત. છતાં એ છાપ ઉપરથી સહેજે અટકળ કરી શકાશે કે મારા બાળ-કોમળ મન પર આવા નૃશંસ તાડનની કેટલી ભયાનક અસર થઇ છે, અને એવા એ તાડનનું ને પેટીમાં પુરાવાનું નિમિત્ત ઘણીવાર એટલું જ થતું કે હું ચોપનનો કે ચોરાણુંનો ઉચ્ચાર સરખી રીતે ન કરી શકતો!

પણ ફરી કહું કે મને, માર ખાનારને એ વાતનું દુ:ખ રહ્યું તે કરતાં મારનારને સેંકડોગણું વધારે રહ્યું. એ પ્રસંગ યાદ આવતાં મગનકાકા કહેતા કે 'હું એ વખતે નરરાક્ષસ જ હતો. મારો એ જંગલી સ્વભાવ જો બાપુજીએ ન ફેરવ્યો હોત તો એ આંધળા ક્રોધે મારી પાસે અત્યાર સુધીમાં કોણ જાણે કેટલાં યે પાપ કરાવ્યાં હોત.

મારા પર વરસતી એ કઠોરતાએ મારા મગજનાં બારણાં નામ માત્ર પણ ખોલ્યાં નહિ; ઊલટું મારે માટે ઘરના દરવાજા પણ બંધ કરી દીધા. બા કાકી પિતા કાકા કોઈની પાસે બેસવું, તેમની સાથે વાતો કરવી, તેમની વાતો સાંભળવી,–કશું યે મને ગમતું નહિ. ભાણામાં પીરસાય તે ચૂપચાપ ખાઇ લઇ પાટી–પેનની ગુલામી સિવાયનો વખત ઘર બહાર બીજા માણસો પાસે વીતાડવા હું તલસતો. વધારામાં મોટું દુ:ખ તો એ હતું કે વિજયાને બાદ કરતાં ફીનિક્સમાં કોઇ બાળક પણ ન હતું જેની સાથે રમવાનું મળે. વિજયાની સાથે રમવામાં પણ મુશ્કેલી હતી. તે પોતાનું ઘર છોડી અમારે ઘેર રમવા આવતી તો તેની બા વઢી નાખતી અને કંઇક ને કંઇક કામ ચીંધતી. એ ન કરે તો તેને માથે વેલણનો માર કે નાનીમોટી ચીજનો છુટ્ટો ઘા પડતો. હું એને ઘેર રમવા જાઉં તો મશ્કરી થતી, તેથી છોકરો થઇ છોકરીને ઘેર રમવા જવું એ મારે માટે પહેલાં ભયની અને રહેતે-રહેતે શરમની વાત થઈ પડતી. એટલે સહેજે ઘર સિવાયના બીજા મોટા માણસોનો મારે આશરો લેવો પડતો. ઘરમાં બહારગામથી મહેમાન આવે એ દિવસ મને તહેવારનો થઇ પડતો. કારણકે તે દિવસે ઘરમાં પ્રસન્નતા રહેતી. કાકી મહેમાન સાથે હસીહસીને વાતો કરતાં. રાત પડયે ભજન-ગાન ચાલતાં અને મને પાઠ લેવામાંથી મુક્તિ મળતી. વળી, આવેલા મહેમાન મારી પણ કદર કરતા. બહારગામના મહેમાનો ઉપરાંત ફીનિક્સમાં વસતા બીજા મોટા માણસોને ઓથે ભરાવું પણ મને બહુ ગમતું. તેમાં યે ગોકળદાસકાકા અને હરિલાલકાકા પાસે તો લાગ આવે કે તરત પહોંચી જતો. ગોકળદાસકાકા બાપુજીના સગા ભાણેજ હતા. તેઓ બહુ જ વહેલા ન ગુજરી ગયા હોત તો કદાચ આજે બાપુજીના અનુયાયીઓમાં ઠીક ઠીક મોખરે હોત. તેમની પાસે સાઇકલ હતી. તે પર ઓશીકાં બાંધી મને બેસાડી તેઓ ફીનિક્સ સ્ટેશન સુધી મને ફરવા લઇ જતા અને પોતાની પાસેની જાતજાતની ચીજો બતાવતા. હરિલાલકાકા અને તેમની જોડી હતી. જ્યાં જાય ત્યાં તેઓ સાથે જાય. જે કંઇ કરે તે હસતાંરમતાં કરે. એથી મને એમના મંડળમાં આનંદ પડતો. પણ મને સ્મરણ છે ત્યાં સુધી તેઓ ફીનિક્સમાં બહુ ઓછું રહેતા એટલે મારા પાંચમા વરસનો ઘણોખરો વખત નીરસ એકાંતમાં અને કઠોર ભણતરમાં જ વીતતો.

આ બધી નીરસતામાં એક રસ હતો ખરો, જે વડે મારા કાળા ભણતરમાં ઊજળી ભાત પડતી. દર શનિ-રવિવારે ફીનિક્સનાં બધાં માણસો ભેળાં મળી ફરવા જતાં. પુરુષો અને સ્ત્રીઓ સૌ સાથે નીકળતાં. દૂર ખુલ્લી જગ્યામાં પહોંચી મારી બા વગેરે શરતો દોડતાં. કાકા વગેરે પુરુષો જંગલનાં ફળો તોડી લાવી ખાતા. કાચાં જમરૂખ તો શું હાથલા થોરના ડોડા યે ન છોડતા. એ રાતા સુંદર ફળને લેવા હું હાથ લંબાવતો ત્યાં હાથ પર ને આખા શરીર પર કાંટા વળગી ખૂબ ચળ ઉપડતી. તે ઘેર આવી તેલ ચોપડયા પછી કંઇક શાંત પડતી. આવી રીતે કેટલીક વાર આવતાંજતાં ચાર પાંચ માઇલ ચાલવાનું થતું. એટલું લાંબું હું ન ચાલી શકતો તેથી મને મગનકાકા અને પિતાજીને ખભે

વારાફરતી સવાર થવાનું મળતું. ખભા પર ચડ્યા પછી ડગલાં ભરવાની ચિંતા હોય જ શાની? ઉપર બેઠો બેઠો હું પવનથી લહેરાતા ઘાસનો, રસ્તે આવતી જાતજાતની ગીચ ઝાડીનો, ક્ષિતિજમાં આકાશ સાથે મળી જતી ટેકરીઓની ઊંચીનીચી થતી ધારોનો અને જાતજાતનાં પંખીઓ જોવાનો આનંદ લૂટતો. એ પ્રસન્ન વાતાવરણમાં મારી જીભ પણ ઉઘડતી અને અનેક સવાલો કરતો. 'આ જમરૂખી અહીં કોણે વાવી?' 'સૌ પહેલું બી કોણે બનાવ્યું?' 'અંધારૂં ક્યાંથી આવ્યું?' વગેરે જવાબ દઇ ન શકાય એવા સવાલનો જવાબ પણ પિતાજી અને મગનકાકા અકળાયા વિના આપતા, એટલું જ નહિ પણ નવું નવું બતાવી મારી નિરીક્ષણ કરવા ને પ્રશ્નો પૂછવાની હોંસ વધારતા. સૂર્યાસ્ત વખતે આકાશમાં સુરખી પથરાય, સૂર્યનો ઉપલો ભાગ વાદળમાં દબાયો હોય, નીચલી કિનાર જમીનમાં ઊતરવા લાગી હોય અને વાદળાંની કિનાર સોનેરી ઝાલર જેવી થઇ હોય ત્યારે પશ્ચિમાભિમુખ થઇ તેઓ ઊભા રહી બદલાતા રંગો તરફ મારૂં ધ્યાન ખેંચી મને સૌંદર્યનો પિપાસુ બનાવતા. તેમાંયે મગનકાકા ઝાડ ને ફૂલની ઓળખ કરાવી મારા મગજમાં રોજ નવી માહિતીભરતા.

પવન આંધી ને વાવાઝોડાનું ઉગ્ર રૂપ ધારણ કરે ત્યારે તે આખાં જંગલોના જંગલને સમૂળાં ઉખેડી નાખશે ને પ્રાણીમાત્રને કચરી નાખશે કે શું એમ લાગે છે પણ એ જોશ શમ્યા પછી એ જ પવન જંગલ અને જીવમાત્રને પ્રાણદાતા અને જીવનપોષક બને છે, એવી જ જાતનો સ્વભાવ મગનકાકાનો હતો. ગુસ્સામાં તેઓ જેટલા વિકરાળ હતા તેટલા જ પ્રસન્ન હોય ત્યારે પ્રેમાળ હતા. મને ઘણુંઘણું શીખવી ખૂબ સારો બનાવવાના તેમને કોડ હતા. એ જ કારણે માઇલો સુધી તેઓ મને કાંધે ચડાવી કુદરતનું દર્શન કરાવતા. ઘેર પણ ઝીણીઝીણી વાતની તાલીમ એટલી જ કાળજીથી આપતા. દાતણનો કૂચો કેમ કરવો, દાંત પર દાતણ કેમ ઘસવું, ચાકું કેમ પકડવું, જોડા કેમ પહેરવા એ બધું ચીવટથી શીખવતા. મારા મનમાં એમનો ભય તો સદા ભર્યો જ હોય, એટલે એમની દરેક સૂચના પૂરા ધ્યાનથી હું સાંભળતો ને અમલ કરતો. આવી નાનીનાની ક્રિયાઓના અનુકરણમાં હું ઓછો ઊતરૂં તેથી મગનકાકા અકળાતા નહિ પણ ધીરજથી ફરી શીખવતા અને એવાં કારણે મને માર ન પડતો એટલું વળી ઈશ્વરે મારા સામું જોયું હતું.

ફીનિક્સ પહોંચ્યા પછી અઠવાડિયાં પર અઠવાડિયાં અને કેટલાક મહિના આવી રીતે વીતી ગયા પછી વાતાવરણ બદલાયું. ફીનિક્સમાં રહેવા પૂજ્ય બા અને મણિલાલકાકા, રામદાસકાકા તથા દેવદાસકાકા આવ્યા. બધા મોટેરાઓના ચહેરા પર દિવસના ચાર પાંચ વાર ભય ફેલાઇ જતો હું ભાળતો. પૂજ્ય બા મારી બા તથા કાકી સાથે ટોળું વળી બહુ જ ધીમી વાતો દુ:ખભર્યે અવાજે કરતાં, તેનો રણકો અત્યારે પણ મારા કાનમાં ગુંજે છે. હું એ વખતે વધુ તો ન સમજતો, પણ ત્યારે યે એટલો ખ્યાલ મને આવેલો કે સૌ મોટેરાંઓ મોહનદાસકાકાની ભારે ફિકરમાં હતાં. દિવસમાં કેટલીયે વાર આવીઆવીને મારા પિતાજી પૂજ્ય બાને એમના ખબર સંભળાવતા. આ ઉપરાંત ઝૂલૂઓનું નામ પણ વારેવારે સંભળાતું. હવે ઝૂલૂઓ આટલે આવી પહોંચ્યા, હવે અમુક દિશાએ ગયા, ફરી ત્યાં પહોંચ્યા વગેરે ચર્ચાઓ ચાલ્યા કરતી. એ આખી વાતનું બહુ ઝાંખું સ્મરણ મને રહ્યું છે; કેવળ વાતાવરણમાં ભરેલા એ ભયનો અનુભવ યાદ રહ્યો છે. દ૦ આ૦ના ઇતિહાસમાં અને આત્મકથામાં જ્યારે ઝૂલૂ બળવાનાં પ્રકરણો વાંચું છું ત્યારે એ ઝાંખાં સ્મરણો વિશદ બને છે અને ખ્યાલ આવે છે કે ઝૂલૂ બળવામાં બાપુજી ઘાયલોના સેવક બનીને ગયા હતા એ કેટલું ભારે સાહસ હતું. ફીનિક્સ ઝૂલૂ વસ્તીની વચ્ચોવચ હતું. તેઓ ફીનિક્સવાસીઓને પોતાની વિરૂદ્ધ ગોરાઓને મદદ કરતા જુએ ને ચીડાય તો પળવારમાં ફીનિક્સ પર ચડી આવી તેને ખેદાનમેદાન કરી નાખી શકે એમ હતું. પરંતુ બાપુજીએ ગોરાઓની મદદમાં જઇને પણ ઝૂલૂના દુશ્મનને બદલે ઝૂલૂના સેવક તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરીને ઝૂલૂઓ સદાને માટે ફીનિક્સના મિત્ર બન્યા.

લગભગ એ જ દિવસોમાં અમારા ઘરમાં પણ એક બીજી નવી વાત બની. મારી કાકી થોડાં માંદા રહ્યાં -ખાટલા પર પડી રહ્યાં-અને તેમને એક નાનો ભાઇ આવ્યો. એનું નામ કેશવલાલ રાખવામાં આવ્યું. એ કાકીનો ભાઇ નહિ પણ દીકરો થાય અને ભાઇ તો મારો થાય એ સમજણ મને ત્યાર પછી ઘણે ભાગે વરસેક દહાડે આવી. એને ખોળામાં લઇ રમવાની મને

ઠીક મજા પડતી. ઘરમાં દિવસ ગાળવો ભારે પડતો તે હવે ઓછો ભારે લાગવા માંડયો. વળી બપોરે રોજ બેસવાને કાકી બા (પૂજ્ય કસ્તુરબાને એ સમયે હું એ રીતે સંબોધતો) આવતાં તે કારણે પણ પાટીપેન લઇ મારી બાની સામે બેસી રહેવાની મારી સજાનો કાળ ટૂંકો થતો. દેવદાસકાકા ને રામદાસકાકા પણ અમારે ત્યાં આવતા, પણ જરા વાર રોકાઇ તુરત પોતાને ત્યાં કે પ્રેસમાં ચાલ્યા જતા. તેઓ મારાથી ઉંમરમાં અનુક્રમે લગભગ દોઢ ને સાડા ત્રણ વરસ મોટા હોવાથી હું ઝટઝટ તેમનો બરોબરીઓ નહોતો થઇ શકયો.

બાના આવ્યા પછી કેટલેક દિવસે બાપુજી પણ થોડાક દિવસ સારૂ ફીનિક્સમાં રહી ગયા. તેઓ આવ્યા ત્યારે રોજ સાંજે બાપુજીને ઘેર 'મીટિંગ' થતી. આ 'મીટિંગમાં મારી બા સરસ સરસ ભજન ગાતી. હું તો 'મીટિંગ' પૂરી થયા પહેલાં જ ઊંઘી જતો એટલે ઘણીવાર મને 'મીટિંગમાં' લઇ જવામાં ન આવતો. આશ્રમની આજકાલની સાયંપ્રાર્થનાનું પૂર્વરૂપ તે આ 'મીટિંગ'. એમાં ફીનિક્સનાં બધાં માણસો—ગોરાઓ અને બીજાઓ બાપુજીને ત્યાં ભેગાં મળતાં અને ખુરશી-ટેબલ પર બેસી વાતો કરતા, ભજન કરતા. બાપુજી સૌની વચ્ચે બેસતા ને બધાને કંઇક કહેતા ત્યારે સૌ ચૂપ થઇ તેમની સામે જ જોઇ રહી તેમની વાતો સાંભળ્યાં કરતા. બાપુજી આવીને ફીનિક્સથી ચાલ્યા ગયા પછી રોજ રાત્રે અમારે ઘેર રામાયણ ગાવાનું શરૂ થયું. વચ્ચે ફાનસ સામે મોટી ચોપડી મૂકી મારી બા, કાકી, પિતા અને કાકા ચારે જણાં કુંડાળું વળી બેસતાં અને રામાયણ ગાતાં. ગાવામાં મારી બાનો ને મગનકાકાનો સ્વર ખૂબ ભળતો ને દૂર દૂર સુધી સંભળાતો. રામાયણ શરૂ થતું ત્યારે હું મારા ખાટલામાં જઇ પડતો અને સૂરીલું મધુરૂં સંગીત સાંભળતોસાંભળતો ગાઢ ઊંઘમાં પડી જતો. રાતની રામાયણની કથા શરૂ થયા પછી મગનકાકાનો આતંક પણ ઠીકઠીક હળવો થવા લાગ્યો હતો. કદાચ રામાયણ કરતાં બાપુજીના તાજા સંસર્ગની એ વધુ અસર હતી એમ કહી શકાય.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

બાળવિભાગ



હાથમાં છે લાકડી ને પગમાં છે ચાખડી
ચાલ્યો વાંદર જોષ જોવા જી રે,
"જનમ્યું તે મરશે ને મૂઉં જનમશે"
જોષી જુએ જોષ એવા જી રે.


કેડે જમૈયો ને ખભે બંદૂક લઇ
ચાલ્યાં મીની ગઢ જીતવા જી રે,
'વાગ્યું તો તીર, બાકી તુક્કો તો છે જ ને!'
બોલે મીની જંગ એવા જી રે.

હાથમાં છે પોથી, ને નાકે છે ચશમાં
ચાલ્યા ઘૂવડ થઇ માસ્તર જી રે
'પઢો પોપટ ભાઇ! પોથીનાં રીંગણાં'
બોલ્યા ઘૂવડભાઇ શાસ્તર જી રે.

ખિસ્સામાં ભૂંગળી, ને દવામાં ડુંગળી
ચાલ્યું શિયાળ નાડ જોવા જી રે
'બગડે જો કેસ તો તું ને હું છુટ્ટા'
બોલ્યું શિયાળ વેણ એવાં જી રે.

રમણલાલ સોની

નવાં પુસ્તકો **ફૂલકણી:** લેખક-પ્રીતમલાલ મજમુદાર, પ્રકાશક-મેસર્સ કરસનદાસ નારણદાસ, સુરત, ૦-૪-૦; **પતંગિયાં:** સંપાદક-જમુ દાણી, પ્રકાશક-સુંદર સાહિત્ય પ્રકાશન મંદિર, ન્યૂ એરા સ્કૂલ હ્યુજીસ રોડ મુંબાઇ ૭, ૦-૩-૦; **પદાર્થવિજ્ઞાન અને રસાયણશાસ્ત્ર:** લેખક-રેવાશંકર ઓ. સોમપુરા, પ્રકાશક-એલ. ઍન્ડ બી. સોમપુરા બ્રધર્સ, દાણાપીઠ સુરત, ૧-૧૪-૯; **સાગર સમ્રાટ:** લેખક-મૂળશંકર મો. ભટ્ટ, ૦-૧૨-૦.




હા-નાઉ-જીઆ

[૧]

લી વંશના રાજા થાઇ-નાઉના વખતમાં હા-નાઉ જિયા કરીને એક વિદ્યાર્થી રહેતો હતો. પોતાનું વતન માફક ન આવતાં અભ્યાસ માટે તે અનામ ઊપડચો ને ત્યાંની એક શાળામાં દાખલ થયો.

એક વખત એ નિશાળેથી વળ્યો ત્યારે એક ઘર પાસેથી પસાર થતાં તેના બગીચામાં તેણે ફૂલે રમતી બે છોકરીઓ જોઇ. હા-નાઉને જોતાં તેમણે તેને પણ રમવા માટે આગ્રહ કર્યો ને એ બગીચામાં ઘૂસ્યો. પેલી છોકરીઓનાં નામ પૂછતાં એકે પોતાનું નામ 'માલતી' અને બીજીએ 'સેવતી' કહ્યું અને શાળાના અગાઉના એક હેડમાસ્તરની છોકરીઓ તરીકે પોતાને ઓળખાવી. 'અમારા પિતાના મરણ પછી અમે તદ્દન એકલી થઇ ગઇ છીએ પણ હવે સાથ મળતાં અમને એકાંત નહિ લાગે.' તેમણે હા-નાઉને કહ્યું.

હા-નાઉ ત્યારથી દરરોજ સવારમાં એમની પાસે પહોંચી જતો અને જાતજાતની રમતગમતમાં જોડાતો. પૂનમની રાતે એમણે હા-નાઉને એક ઉજાણી આપી. આ વખતે પરાળની સાદડીઓ પર વિવિધ વાનીઓ પીરસતી બીજી પણ કેટલીક છોકરીઓ નજરે પડી. તેમનાં નામ 'ગુલાબ', 'ચમેલી', 'જાઇ' વગેરે હતાં.



આવા આનંદ-કલ્લોલ વચ્ચે અચાનક એક દિવસ હા-નાઉને તેના બાપનો કાગળ આવ્યો. તે પોતાને ગામ પાછો ફર્યો, પણ ત્યાં જઇ જોયું તો પોતાને પરણાવવાની પેરવીઓ ચાલી રહી હતી. હા-નાઉને પોતાનાં મિત્રોને છોડી એ ગામમાં પુરાઇ રહેવું ન ગમ્યું. લગ્નબંધનમાં ન જોડાતાં તે પરણ્યા વગર જ ત્યાંથી નાસી આવ્યો.

એક દિવસ બગીચામાં જતાં જ તેણે બધાંને રડતાં જોયાં. કારણ પૂછતાં તેની પ્રિય મિત્ર માલતીએ કહ્યું: 'અમે આજની રાત જ જીવતાં છીએ. કાલે ભયંકર વાવાઝોડું નીકળશે ને અમે બધાં મરી જઇશું. આજે અમારો આખર દિવસ છે.'

હા-નાઉનો ચહેરો તદ્દન વીલો પડી ગયો. પેલી બંને છોકરીઓ તેને દિલાસો આપતાં કહેવા લાગી, 'તું દિલગીર ન થા; આ મોજડી લઇ જા. તેના પર જે મોતી દેખાય છે એ મોતી નથી પણ અમારાં આંસુ છે. એ જોઇ તું તારું દુ:ખ ઓછું કરજે.'

મોજડી લઇ તે ઘેર પાછો ફર્યો. રાત્રે વીજગાજ સાથે સખત વરસાદ પડવો શરૂ થયો. પવન તો કહે કે મારું કામ. હા-નાઉને થયું કે પોતનાં મિત્રોના જીવનનો અંત આવી ગયો હશે. મારી 'માલતી, મારી સેવતી, ચમેલી . . .' તેનું હૃદય ભરાઇ આવ્યું. પડોશના એક વૃદ્ધ પાસે તે આ બાબતનો ખુલાસો પૂછવા ગયો. વૃદ્ધ તો આ વાત સાંભળી સફાળો ચોંકી જ ઊઠયો: 'હેડ-માસ્તરને મરી ગયે તો વીસ વર્ષ વીતી ગયાં. એ બાગમાં તેં જોએલી છોકરીઓ તો કોઇ બીજા જ લોકની. ગામનું તો કોઇ માણસ ત્યાં ઢૂકતું પણ નથી ને તને ત્યાં જવાનું મન ક્યાંથી થયું?'

બીજે દિવસે હા-નાઉને લઈ એ વૃદ્ધ પેલા બગીચામાં પહોંચ્યો. ત્યાં જે જે ફૂલોનાં નામ પેલી છોકરીઓએ આપેલાં એ બધાંના છોડ જમીનદોસ્ત થઇ ચીમળાએલા પડ્યા હતા. 'આ તારી માલતી, આ તારી સેવતી; આ તારાં બીજાં સોબતી!' બધાં તરફ આંગળી ચીંધતાં વૃદ્ધે કહ્યું.

હા-નાઉ તરત જ ઘેર દોડચો ને પહોંચતાં જ પેલી પેટી ઉઘાડી; પણ એમાંથી મોજડીને બદલે માલતી, સેવતી, ગુલાબ, ચમેલી વગેરેનાં લીલાં પાન જ તેના હાથમાં આવ્યાં.

તુ-થુકનું કમલદર્શન

[૨]

તુ-થુક ચીનના શહેનશાહ એરાનનો એક અમલદાર હતો. ત્યાંના બૌદ્ધ પેગોડામાં બહુ સરસ છોડવા હતા ને તેનાં ફૂલોને આખું ગામ વખાણતું. એક વખત બુદ્ધ ભગવાનના દર્શને આવેલી એક સુંદર છોકરીએ તેમાંનું એક ફૂલ તોડયું. મંદિરના કાયદાનો આથી ભંગ થતાં તેના બોંઝ ધર્મગુરુએ તેને કેદ કરી. તુ-થુકને આ વાતની ખબર પડી ને એ સુંદર છોકરી પર બહુ દયા આવતાં તેને બોંઝના પંજામાંથી છોડાવી.

છોકરી તો પાછી ચાલી ગઇ, પણ ત્યારથી તુ-થુકના બધા આચારવિચાર પણ બદલાઇ ગયા. તે રંગરાગમાં પડી ગયો. સંગીતની મહેફિલો તે ભરતો ને કવિતાઓ રચતો. તે એટલે સુધી કે છેવટે કામ તરફની તેની બેદરકારીને લીધે ઉપરીઓએ તેને રજા આપી ને તે ઘેર પાછો ફર્યો.

એક વખત સવારના પહોરમાં દરિયાકિનારે તે લટાર મારવા નીકળ્યો, ત્યાં સામેના ડુંગરોને પડખે તેને કમળ જેવો આભાસ થયો. કુતૂહલને વશ થઇ, ખાતરી કરવા એક નાવમાં બેસી તે પેલા ડુંગરો તરફ ઊપડયો.

સામે કિનારે પહોંચી, તુ-થુક સીધો જ્યાં પોતાને કમલ દેખાયું હતું એ ડુંગર પાસે પહોંચ્યો. પણ ત્યાં તેને કમલ જેવું તો કશું ન જણાયું. એક ચપટી કરાડ માત્ર હતી. ત્યાં જતાં જ એ ખુલ્લી ગઇ. તુ-થુકને વધુ કુતૂહલ થયું ને એ અંદર પેઠો. તરત કરાડ પાછી દેવાઇ ગઇ ને અંધારૂં છવાઇ ગયું. આમતેમ અથડાતો કૂટાતો માંડમાંડ તેને સામે છેડે તે પહોંચ્યો. ત્યાં બે સ્ત્રીઓ ઊભેલી હતી. તુ-થુકને સલામ કરતી તેઓ તેને મહેલમાં લઇ ગઇ. મહેલમાં નજર ફેરવતાં તો કિનખાબ, હાથીદાંત ને ઝવેરાતથી જ જાણે એ મઢેલો હોય એમ તુ-થુકને લાગ્યું.

પેલી બન્ને સ્ત્રીઓ તો પાછી બહાર ચાલી ગઇ. થોડીવારે એક ડોસો અને એક છોકરી ત્યાં આવી પહોંચ્યાં. તુ-થુકને લાગ્યું કે એ છોકરીને પોતે ઓળખતો હતો. ત્યાં તો પેલા ડોસાએ જ પાસેની ચંદનની ખુરસી પર તેને બેસાડતાં કહ્યું, 'આ મારી છોકરી જિઆંગ-હ્યુઓંગ છે. મૃત્યુલોકમાં પેલા પેગોડામાંનાં ફૂલ જોવા એ આવેલી ત્યારે તેં એનું રક્ષણ કરેલું. તેના ઇનામમાં હું તને એ પરણાવી દઉં છું.'

તુ-થુકે તો લગ્ન કર્યાં ને આનંદમાં દિવસો વીતાવવા લાગ્યો. એક દિવસ જેમ એક વર્ષ આનંદમાં પસાર થઇ ગયું. એમ એક પછી એક અનેક વર્ષો વીતી ગયાં. કોણ તેની ગણત્રી રાખે એમ હતું?

એક દિવસે અચાનક તુ-થુકે જિઆંગને કહ્યું, 'મારે મારાં માબાપને મળી આવવું છે. હું તરત જ પાછો ફરીશ.'

જિઆંગ આ સાંભળી રડી પડી. તે બોલી, 'હું તને ના નથી પાડી શકતી. પણ હવે તો ત્યાંના લોકો બદલાઇ ગયાં હશે.' તેના સાસુ-સસરાએ પણ તેને ન જવા વિનવ્યો પણ તુ-થુક તો જીદ લઇને જ બેઠો. છેવટે તેના સસરાએ એક સુંદર હોડીમાં બેસાડી વિદાય આપી.

ગામ પહોંચતાં તેને તો બધું અવનવું જ લાગ્યું! જાણે નવી દુનિયા! ત્યાંના લોકોને પૂછતાં કોઇએ કહ્યું, કે 'અમે સાંભળેલું કે એરાનના વખતમાં એક છોકરો પેલા ડુંગર પર ગએલો ને ત્યાં જ ગુમ થઇ ગએલો. પણ તેને તો આજે વર્ષો વીતી ગયાં. હવે તો અહીંની રાજાઓ રાજ કરે છે.'

હતાશ બનેલા તુ-થુકે હવે જિઆંગ પાસે પાછા ફરવાનો વિચાર કર્યો, પણ ત્યાં તો પોતે જેમાં આવેલો તે હોડી જ અદૃશ્ય!! બીજી હોડી લઇ એ પાછો ફર્યો. પણ આ શું! તેની નજર કરાડ પર જ ચોંટી રહી. ત્યાં લખેલું હતું કે 'હવે તું પાછો આવી શકીશ નહિ.' બસ, હવે કોઈ ઉપાય રહ્યો નહિ.

પશ્ચાત્તાપથી બળતો તુ-થુક ત્યાં જ બેસી ગયો ને બાકીનું પોતાનું જીવન એ કરાડ પર જ પૂરૂં કર્યું.

(અંગ્રેજી ઉપરથી)



એક નાવમાં બેસી તુ-થુક પેલા ડુંગરો તરફ ઉપડયો



મધુકરી

સંતોના બે પ્રકારો: તરૂવર સરખા કો ઠરી એક ઠામે,
ફાલે ફૂલે ફળે ને સદય સકળ સંતપ્ત આગંતુકોને
શીળી છાયા, સુગંધી કુસુમિત કરની ને ફળો સિદ્ધ મીઠાં
આપે નિષ્કામભાવે અચલ પદ રહી ધારતી ભૂમિકાએ.

બીજા તે મેઘ જેવા ફરીફરી દઇને ડૂબકી સિંધુગર્ભે
આણે ત્યાં સંઘરેલા અમૃતરસ અને આભમાળે ચડીને
નાદે આશ્વાસનો દૈ અવનિહૃદયને તાવનારાં રણોને
ઠારી પીયૂષધારે મુકુલિત કરવા ઘૂમતા દિગ્દિગંતે. (કૌમુદી)


સ્વ. પ્રોફેસર ભાતખંડે

* * * 'ભારતીય સંગીતના મહાત્મા ગાંધી'એ અભિધાનથી જે વ્યક્તિને હિંદી સંગીતના જગખ્યાત તજજ્ઞ શ્રી દિલીપકુમાર રૉયે ઓળખાવી છે એ, ટિળક, ગોખલે, ભાંડારકર ને રાજવાડેની હારોહાર બેસે એવી મહારાષ્ટ્રે ભેટ ધરેલી હિંદવિભૂતિ પંડિત વિષ્ણુ નારાયણ ભાતખંડેનું ગયા માસમાં અવસાન થયું. 'ચતુર પંડિત' તરીકે બિરદાએલા એ તેજસ્વી મૌક્તિકની આછી જીવનરેખા આ નીચે આપી છે.

રત્નાગિરિ જિલ્લાના વેળણેશ્વર મુકામે ૧૮૬૦ના ઑગસ્ટની ૧૦ મીએ એક ચિત્તપાવન બ્રાહ્મણકુળમાં એમનો જન્મ થએલો. બાળપણથી જ સંગીતનું તેમને વ્યસન લાગેલું. કંઠ પણ સારો હતો, પરંતુ એ માટે વ્યવસ્થિત શિક્ષણ મેળવવાની જોગવાઇ એ વખતે ન મળી શકી. છતાં સંગીત પ્રત્યેનો એમનો અનુરાગ તો ઉત્તરોત્તર વધતો જ ગયો. મૅટ્રિક પસાર કરી કૉલેજમાં જોડાવા મુંબાઈ આવવાનું થયું એટલે એ છંદને ખીલવવાની એમને ઉત્તમ તક મળી. મુંબાઇમાં એ વખતે શેઠ વલ્લભદાસ સિતારના બીનધંધાદારી નિષ્ણાત ગણાતા. ભાતખંડે તરત તેમની પાસે પહોંચ્યા ને થોડા વખતમાં તો પોતાની મુગ્ધતાએ કરીને શેઠના અંતેવાસી બની ગયા. પરિણામે બીજાને ન બતાવેલી એવી વાદનની ખૂબીઓ શેઠે ભાતખંડેને શીખવી અને કૉલેજના શિક્ષણ સાથે ભાતખંડેએ સિતારવાદનમાં યે અસાધારણ નિપુણતા પ્રાપ્ત કરી.

પછી વીણા હાથમાં લીધી. ને સાથોસાથ સંગીત પરનાં સંસ્કૃત પુસ્તકો યે વાંચવાં શરૂ કર્યાં. પણ વડીલોને એ છંદ પોષાય એમ ન હતું કુટુંબની આર્થિક સ્થિતિ તો મૂળથી જ નબળી હતી. કૉલેજનો અભ્યાસ પણ ખાનગી શિક્ષણ આપીને ચાલુ રાખવો પડતો એટલે આ વ્યસનપરાયણતા માટે વારંવાર એમને વડીલો તરફથી ઠપકા મળતા રહેતા. વડીલોમાં સંગીતની એટલી પ્રતિષ્ઠા યે ન હતી. પણ ભાતખંડે એ છોડે એમ ન હતું. વડીલોથી છૂપી રીતે પણ તેમણે પોતાનો શૉખ ચાલુ રાખ્યો.

આમ ને આમ ૧૮૯૦માં એમણે એલ. એલ. બી. ની પરીક્ષા પાસ કરી. પહેલાં કરાચી અને પછી મુંબાઈ મુકામે એમણે વકીલાત આદરી. વ્યવસાય જામતાં આર્થિક સરળતા તો થઇ, ત્યાં કુદરતના ઘરનો એક જબરો પ્રહાર તેમના પર આવી પડ્યો.



સ્વ. પ્રોફેસર ભાતખંડે

તેમનાં પત્ની અને એકનાં એક પુત્રી બંને ૧૯૦૦ની સાલમાં અવસાન પામ્યાં.

ફરીવાર સંસારમાં પડવા ભાતખંડે તૈયાર ન થયા. ને આવશ્યક ધન પ્રાપ્તિ કરી ૧૯૧૦ની સાલથી વકીલાત પણ વેગળી મૂકી હતી. ત્યારથી સંગીતના જ તેઓ અદ્વિતીય ભકત બની રહેલા. એ કાળે અત્યારની જેમ ઉસ્તાદ કલાકારોની અછત ન હતી, એટલે સંગીત પરના ગ્રંથોના અભ્યાસ સાથોસાથ ઉસ્તાદો પાસેથી એમણે અચ્છી તાલીમ મેળવી. એ વેળા મુંબાઇમાં એમણે 'ગાયન ઉત્તેજક મંડળી' પણ ઊભી કરેલી.

અનેક ઉસ્તાદો પાસેથી આટલાં વર્ષ તાલીમ પામ્યા છતાં ભાતખંડેની સંગીતપિપાસા ઊણી જ રહી. આખરે આખા ભારતવર્ષની સંગીતયાત્રા કરવાનો તેમણે નિશ્ચય કર્યો ને ૧૯૦૪માં પ્રથમ દક્ષિણ હિંદુસ્તાન પહોંચ્યા. કર્ણાટકી સંગીત-પદ્ધતિના તે સમયના ઘણાખરા નિષ્ણાતો સાથે ત્યારે તેમણે સંગીતના ફૂટ પ્રશ્નોની ચર્ચા કરીને એનો સારભાગ પોતાની નોંધપોથીમાં ઉતારી લીધો જેનો પછીથી પ્રગટ થએલા પોતાના પુસ્તક 'હિંદુસ્તાની સંગીત પદ્ધતિ'માં એમણે ઉપયોગ કર્યો છે.

દક્ષિણમાંથી પાછા આવ્યા પછી સદ્ગત બન્દ્યોપાધ્યાયનો ગ્રંથ 'ગીતસૂત્રધાર' એમના હાથમાં આવ્યો. બંગાળી તો આવડતું ન હતું, એટલે કોર્ટના એક બંગાળી કારકૂન પાસેથી એ શીખવા લાગ્યા. ને શીખીને એ ગ્રંથનો મરાઠીમાં અનુવાદ કરી નાખ્યો! ત્યારબાદ રાજા સુરેન્દ્રનાથ ટાગોર તરફથી પ્રસિદ્ધ થએલાં બધાં પુસ્તકો પણ મંગાવી ઝીણવટથી વાંચી કાઢયાં.

પછીનાં વર્ષોમાં ક્રમેક્રમે નેપાળ સિવાય આખા હિંદુસ્તાનની તેમણે યાત્રા કરી. સંગીત વિષે વધારે જ્ઞાન મેળવવાની કોઇ તક એ ન ચૂકતા. એકાદ જૂનો ખ્યાલ સાંભળવા કે એકાદ સંગીતગ્રંથની જૂની પ્રત મેળવવા તેઓ ગાઉનાગાઉ પહોંચી જતા. આ બધી યાત્રાઓની એમણે જે નોંધપોથીઓ રાખેલી એ વાંચીએ ત્યારે જ ખબર પડે કે એમની સંશોધનપદ્ધતિ કેટલી વ્યવસ્થિત, સંગીતકલાનું સાચું સ્વરૂપ સાધનારી અને વૈજ્ઞાનિક હતી.

આ યાત્રાઓમાં ઉદેપુરના પ્રસિદ્ધ ઉસ્તાદ ઝકરૂદ્દીનના સમાગમનો લાભ તેમને મળ્યો. એ યુગના આ ઉત્તમ ગાયકની ભવ્યતાની શૈલીની છાપ ભાતખંડેના હૃદય પર એટલી ઊંડી પડી કે અનુકરણના ધ્યેય તરીકે તેમણે એમની શૈલી શીખી લીધી.

ઉદેપુર પછી જયપુરમાં એમને પ્રસિદ્ધ મનરંગ ઘરાણાના વારસદાર વૃદ્ધ ઉસ્તાદ મહમદઅલીખાન અને તેમના પુત્ર આશકઅલીખાનનો સમાગમ થયો. એમની પાસેથી ભાતખંડેએ ત્રણસો ઉપરાંત ચીજો પ્રાપ્ત કરી. આ ચીજો પોતે શીખી લીધી, સ્વરલિપિમાં નોંધી લીધી અને મૂળ શૈલીનું પ્રમાણ સાચવવા ફોનોગ્રાફની ચૂડીઓમાં ઉતારી લીધી. એમની અનેકવિધ સંગીતસેવામાં આ એક મોટી સેવા ગણાય છે. પોતાના ગ્રંથોમાં ઠેકઠેકાણે આ પિતાપુત્રને 'મનરંગ'ના નામથી અમર કરી તેઓ કૃતજ્ઞ થયા છે.

આટલા જ્ઞાન પછી જ પ્રો. ભાતખંડેએ સંગીતઉપર ગ્રંથ લખવાનું પ્રથમ સાહસ કર્યું ને 'ચતુર પંડિત'ના ઉપનામે કારિકાશૈલીમાં સંસ્કૃત પુસ્તક 'શ્રીમલ્લક્ષ્ય સંગીતમ્' ૧૯૧૦માં બહાર પાડયું. પછીથી રામપુર, ગ્વાલિયર વગેરેના ઘરાણાદાર સંગીતકારો સાથેના સમાગમ અને ચર્ચાઓ બાદ તેમણે 'ઉત્તર હિંદુસ્તાની સંગીત પદ્ધતિ' નામે ગ્રંથ ચાર ભાગોમાં બહાર પાડયો. ભારતીય સંગીતના પ્રમાણભૂત આ આકરગ્રંથને શ્રી. દિલીપકુમાર રાયે બધી પ્રાન્તીય ભાષાઓમાં અનુવાદ કરવા યોગ્ય ગણાવ્યો છે. ભાતખંડેના જીવનભરના સતત પ્રયાસનું ભકિતનમ્ર બનાવે એવું એ મંદિર ગણી શકાય.

આ ગ્રંથનો પહેલો ભાગ ૧૯૧૦માં અને બીજો ભાગ ઠેઠ ૧૯૩૨માં પ્રસિદ્ધ થયો. વચ્ચેના ગાળામાં પોતે ઉપાડેલી પ્રવૃત્તિઓમાં તેઓ પરોવાઇ રહ્યા. એમાંની મુખ્ય આ હતી: (૧) જૂના હસ્તલિખિત ગ્રંથો મેળવેલાં તે પ્રસિદ્ધ કરવાં (૨) અર્વાચીન કલા પણ સંગીતનું એક અંગ હોઇ, એ પરના ગ્રંથો પ્રસિદ્ધ કરવા (૩) ભારતીય સંગીત પરિષદો ભરવાના કામમાં ભાગ લેવો (૪) મોટા શહેરોમાં પોતાની પદ્ધતિની શાળાઓ તથા કૉલેજો શરૂ કરવી વગેરે.

ને આ બધો સમય તેઓએ પોતાની મુંબઇની સંગીતશાળા ચાલુ રાખેલી. એમાં તેઓ જાતે બધાંને શીખવતા. પોતાની કળામાંથી અર્થલાભ મેળવવાની તો પહેલેથી જ એમની દૃષ્ટિ ન હતી. એટલા માટે તો સિંધીઆ મહારાજાનું માસિક ૬૦૦ રૂપિયાનું વેતન પણ એમણે નહોતું સ્વીકાર્યું.

વડોદરામાં પહેલી સંગીત પરિષદ ભરાઇ અને હિંદભરના સંગીતકારોએ તેમાં હાજરી આપી ત્યારે ભાતખંડેએ તેમાં એવું તો સરસ પ્રવચન કર્યું, કે ઉસ્તાદોને પણ ત્યારે ભાન થયું કે પોતાની કલા કેટલી મહત્તર છે એ પછી દિલ્હી અને લખનૌની પરિષદોમાં પણ એમણે સક્રિય ભાગ લીધેલો.

બરાબર અરધી સદી સુધી પોતાનું જીવન સંગીતદેવીને ચરણે ધરનાર આ મહર્ષિએ શરીર ચાલ્યું ત્યાં સુધી જેવી ને તેવી ખંતથી એ રીતે જ પોતાનું કામ ચાલુ રાખ્યું. આજ તેમનો દેહ આપણી વચ્ચેથી ચાલ્યો ગયો છે, પણ એમનો આત્મા હજુ યે શિષ્યવર્ગમાં પોતે રાખેલી સદાશાઓ ફળવાની રાહ જોઈ રહ્યો છે. (સંકલિત)

આવતી કાલનો સ્ટાલિન

સાત વરસ પહેલાં એકવીસ વર્ષનો, સામ્યવાદી આદર્શોથી સળગતો છતાં અપ્રસિદ્ધ એવો એક યુવક કૉસોમોલ્સ અથવા તરુણ સામ્યવાદી સંઘનો પ્રમુખ નિમાયો. પણ ત્યારથી પોતાની પ્રતિભાના બળે તેણે લોકહૃદયમાં એટલું ઊંડું ઘર કર્યું છે કે આજે એ સંઘના સભ્યોની સંખ્યા સાડા પાંચ લાખ પર પહોંચી છે એટલું જ નહિ, પણ રશિયામાં કૉમ્યુનિસ્ટ પક્ષથી જ ફક્ત ઊતરતી એ એક જબરી રાજકીય સત્તા બની ગઇ છે.

એ યુવકનું નામ ઍલેકઝાંડર કોઝારેફ. રશિયાની પહેલી પંચવર્ષીય યોજના વખતે તેણે રશિયન કુમારોને 'શૉક ટ્રૂપર્સ'માં સંગઠિત કર્યા અને ઔદ્યોગિક વિકાસમાં ફાળો આપવા રશિયાના વેરાનોમાં મોકલી આપ્યા તેમાંના પાંચ હજાર ધ્રુવપ્રદેશને નિવાસયોગ્ય બનાવવા પહોંચ્યા. વીસ હજારે યુરલમાં મીલો ઊભી કરવામાં ફાળો આપ્યો. કેટલાક સંઘક્ષેત્રો પરના પ્રાણીઉછેરમાં જોડાયા ને કેટલાક સ્ટેશનો ને પુસ્તાઓ પાછળ રોકાયા. ને સૌથી વિશેષ તો એ સેનાએ એ કર્યું કે રશિયા ને ચીનની સરહદને નોખી પાડતી આમુર નદીની કુમારી ભૂમિમાં ત્રણ વર્ષમાં તેમણે કૉંસોમોલ્સ્ક નામે નવું જ શહેર ઊભું કર્યું.

ગયા ઍપ્રિલમાં કોઝારેફે ક્રેમલિન મુકામે ભાષણ આપતાં જણાવેલું: 'રશિયન યુવાનને ભલે હોઠ પર સંગીત સાથે જીવનકૂચ કરવા દો; પણ સાથોસાથ તેના હાથે પણ બંદૂકનો ઉપયોગ ભૂલવો ના જોઇએ' તેની સેનામાંથી સવા લાખ કૉંસોમોલો તો સુંદર નિશાનબાજ બન્યા છે. ને તેવી જ રીતે કેટલાકોએ ઉડ્ડયનમાં તો કેટલાકોએ બીજા ક્ષેત્રોમાં સરસાઇ મેળવી છે.

સાધારણ રીતે એ સેનામાં પંદરથી ત્રેવીશ વર્ષ સુધીનાંઓને કેળવવામાં આવે છે. દોડ, તાર, રકી અને નૌકાચલન ઉપરાંત યુદ્ધ સંબંધેની કોઇ પણ એક પ્રવૃત્તિમાં તેમને આવશ્યક જોડાવું પડે છે. રશિયાની વસતીનો ત્રીજો ભાગ યુવાન જ છે અને એટલે તેને 'યુવાનોની ભોમ' તરીકે ઓળખાવવાનો કોઝારેફનો દાવો સાચો ઠરે છે.

મ્યુનિસિપલ સોવિયેટ કાઉન્સિલોમાં યે પચીસ વર્ષથી ઓછી વયના ૩,૮૧,૦૦૦ કૉંસોમોલો બેસે છે. ને લશ્કરમાં પણ તેમની એટલી બધી ભરતી થવા લાગી છે કે થોડા જ સમયમાં રશિયાનું લાલ સૈન્ય તેર લાખની સંખ્યાએ પહોંચશે.

કોઝારેફ નૈતિક બળ ઉપર પણ ઓછો ભાર નથી આપતો. તેણે આખી સેનાને બેધિંગ-સૂટ પહેરી ન્હાતી કરી છે. ધૂમ્રપાન કમતી કરાવ્યું છે ને બાળલગ્નો બંધ કરાવ્યાં છે. દારૂ ને બૉબ્ડ વાળ તે ધિક્કારે છે. તરુણ રશિયા પર તેની લાગવગ એટલી બધી છે કે તે 'બીજો સ્ટાલિન' કહેવાય છે. ને તેની સેના પણ એમ જ સમજે છે કે દુનિયા અમારી છે.

(અંગ્રેજી ઉપરથી)

તેલ ને કોલસો ખૂટશે ત્યારે

એ દિવસ કંઇ હવે બહુ દૂર નથી. ગ્રેટબ્રિટનને તો એની પાસેનાં બધાં સંસ્થાનો ગળીને યે આજની તેની ખપતના પ્રમાણમાં તેના કોલસાનો કુલ જથો ચારસો વર્ષથી વધુ ચાલે તેમ નથી. ને અમેરિકા સિવાય બધા દેશોનું એમ જ છે. જર્મની સાર માટે, ઇટલી હબસીનિયા માટે, ને જાપાન મંચુકુઓ માટે અધીરૂં બની ગયું એ પણ આ એક જ કારણે. ચાલુ સંસ્કૃતિમાન યુગમાં ટટ્ટાર ઊભા રહેવા ઇચ્છનાર કોઇ પણ રાષ્ટ્રે એ રીતે આ બે ચીજો તો હસ્તગત કરવી જ રહી, ને એમ જ થવા લાગ્યું છે. જગતના રાજકારણનું કોકડું આજે ઘણે મોટે ભાગે એ પ્રશ્નની આસપાસ જ ગૂંચવાયું છે.

પણ જગતના ગમે તેવા મહત્ત્વાકાંક્ષી રાજ્યો જે પ્રશ્નનો નિવેડો નથી લાવી શક્યા એનો તોડ એક વિજ્ઞાનીએ આણ્યો હોવાનું હાલમાં જ બહાર આવ્યું છે. એ વિજ્ઞાની તે સ્મિથસોનીઅન ઇન્સ્ટીટયૂટવાળા નામીચા ડૉ. જી. જી. ઍબટ. તેલ કે કોલસો પૃથ્વીના પટમાંથી ભલે ખૂટતું હોય ત્યારે ખૂટી જાય; એની લેશ પણ મદદની દરકાર વગર હરકોઇ વાહન ચલાવી શકાશે એમ તેણે જાહેર કર્યું છે ને એનો પુરાવો પણ ત્રીજી વર્ડ પાવર કૉન્ફરન્સમાં એ રજુ કરવાના છે.

એ શોધ છે સૂર્યની ગરમીથી યંત્રો ચલાવવાની. ઍબટે પોતાની આખી જિંદગી એ શોધ પાછળ ગાળી છે ને સંભવ છે કે આ યુગની એ એક મહત્તમ શોધ ગણાઇ જાય.

ને શોધ માટે જે રીત તેણે અખત્યાર કરી છે તે પણ ખૂબ સરળ અને સસ્તી છે. તેનું શક્તિ-ઉત્પાદક યંત્ર (Solar Heater) ત્રણ ભાગોનું બનેલું છે. પહેલા ભાગમાં ધાતુના ત્રણ પરદા છે જે સૂર્યનાં કિરણો ઝીલી એવી રીતે પુનરાવર્તન કરે છે કે બાકીના બે ભાગોની સાદા રસાયણ ભરેલી જુદી જુદી નળીઓ પર પેન્સિલ જેવી ફોકલ લાઇનમાં બધાં કેન્દ્રિત થઇ રહે છે. આમ થતાં જ નળીઓમાંનું રસાયણ ચારસો અંશ ઉષ્ણાતામાન સુધી તપી જાય છે. આ તપેલું રસાયણ એ નળીઓ મારફત જ બૉઇલરમાં પહોંચાડવામાં આવે છે જ્યાં તેની ગરમીને લઇ અંદરનું બધું પાણી વરાળમાં રૂપાંતર પામી જાય છે. આ રીતે હવે કોઇપણ જાતના બળતણની મદદ સિવાય યંત્રોની સંચાલન શક્તિ ઉત્પન્ન કરી શકાશે.

કૉન્ફરન્સમાં અખતરા રૂપે તો એ પોતાનું અરધા હૉર્સ પાવરનું નાનું એન્જિન મૂકશે પણ તેના કહેવા પ્રમાણે હરકોઇ વરાળથી ચાલતા યંત્રને તે લાગુ કરી શકાય તેમ છે. તે તો કહે છે કે, 'અત્યારે નહિ તો અમુક કાળ રહીને પણ એ સમય જરૂર આવશે કે જ્યારે તેલ ને કોલસો આજના તેમના સ્થાનથી પદભ્રષ્ટ થયાં હશે. તેમનો જથો એટલો તો ઘટી ગયો હશે કે સોલર હીટરનો જ ઉપયોગ સ્વાભાવિક બની ગયો હશે.'

બૃહદ્ ભારતનું એક અંગ-મૉરિશ્યસ

*** ટપાલની ટિકિટોનો સંગ્રહ કરવાનો શૉખ ધરાવનારાઓ પશ્ચિમ હિંદી મહાસાગરમાં આવેલા સાતસો ચોરસ માઇલના વિસ્તાર વાળા આ ટાપુના નામથી પૂરતી રીતે પરિચિત હશે, કારણ ભાગ્યે જ મળી શકતી ટિકિટો માંહેની મુખ્ય ત્યાંની 'બ્લ્યુ મૉરિશ્યસ' નામની ટિકિટ આજે જગતભરમાં સૌથી વિશેષ કીમતી ગણાય છે.

વિષુવવૃત્તની દક્ષિણે વીસ અક્ષાંશ પર અને આફ્રિકાના અગ્નિ ખૂણામાં આવેલા માડાગાસ્કરથી લગભગ સાડા પાંચસો માઇલ પૂર્વમાં આવેલા મૉરિશ્યસના ટાપુનો ઘણોખરો કિનારો દરિયાની સપાટીથી નીચો ને ખાંચા વાળો જ છે. એ આખા યે દ્વીપમાં માત્ર બે બંદર છે: એક વાયવ્યમાં આવેલું

પોર્ટ લૂઇ અને બીજું અગ્નિ કોણમાં આવેલું ગ્રાંડ પોર્ટ. એ ગ્રાંડ પોર્ટ તો અગ્નિ ખૂણામાંથી આવતા વ્યાપારી પવનોને લઇને ઘણું ઓછું ઉપયોગી છે, તેથી પોર્ટ લૂઈ જ મુખ્ય શહેર અને વેપારનું મોટું મથક બની ચૂક્યું છે.

આખો ટાપુ ઉચ્ચ ડુંગરાળ પ્રદેશવાળો છે. કેટલાક પર્વતો બે હજાર ફૂટ કરતાં પણ વધારે ઉંચાઇવાળા છે. દરિયા કિનારે આવેલું પિટર-બોટ નામનું શિખર તો ૨૬૭૪ ફૂટ ઊંચું છે ને વહાણોને મિનારા રૂપે સીમાચિહ્નની ગરજ સારે છે; ઉત્તરનો પ્રદેશ નીચાણ વાળો છે અને ત્યાં ઘાડાં જંગલો છે. નાની નાની નદીઓ અનેક છે, પરંતુ વર્ષાઋતુ સિવાય બીજી ઋતુઓ દરમિયાન એ નદીઓમાં પાણી રહેતું નથી. જંગલોની અંદર અગાઉ અબનુસનાં ઝાડ પુષ્કળ હતાં, પરંતુ હાલમાં નાળિયેરી બહુ જોવામાં આવે છે. આંચળવાળાં પશુઓ ભાગ્યે જ જોવાગાં આવે છે, છતાં પણ તાજેતરમાં વાંદરાં તથા હરણાં જેવાં ચોપગાં પ્રાણીઓને બીજા દેશોમાંથી લાવીને ઉછેરવાની શરૂઆત કરવામાં આવી છે. એની આબોહવા આરોગ્યપ્રદ છે. મૂળ વતનીઓને કયારેક કયારેક મૅલેરિયા ખૂબ ત્રાસ આપે છે. નીચાણવાળા પ્રદેશમાં દર વર્ષે પચાસ ઇંચ અને ડુંગરાળ મુલકમાં ૧૩૦ ઇંચ જેટલો વરસાદ વરસ દહાડે થાય છે. કોઇકોઇ વખત વાવાઝોડાં અને વંટોળચક્રીઓ પણ ત્રાસ વર્તાવે છે.

ભૂતકાળમાં આ ટાપુએ અનેક પલટા જોયા છે. પહેલ પ્રથમ ઇ.સ. ૧૫૦૭માં હિંદની શોધ કરવા નીકળનારા ફિરંગીઓને એ ટાપુની ભાળ લાગેલી. એ અરસામાં એ ટાપુ 'સીનો' (Ceinos) નામથી ઓળખાતો હતો. એ શબ્દનો અર્થ સમજવા જેવો છે: 'સીનો' એટલે રાજહંસ-ટાપુ. આવું નામ પાડવાનું મુખ્ય કારણ તો એવું મનાય છે કે આપણે ત્યાં રાજહંસ થાય છે તેનાં જેવાં અને જેવડા જ કદનાં 'ડોડો' નામનાં પક્ષીઓ એ ટાપુ પર પુષ્કળ સંખ્યામાં વસતાં હતાં. આજે એ પક્ષીની જાત એ દ્વીપ પરથી તદ્દન નાબુદ થઇ ગઇ છે.

ફિરંગીઓ પછી ઇ.સ. ૧૫૯૮માં હોલૅંડવાસી વલંદાઓ આવ્યા. તેમણે તેમના લોકપ્રિય રાજકુંવર 'મૉરિસ'ના નામ પરથી એ ટાપુનું નામ મૉરિશ્યસ પાડયું. પણ જમીનમાં કંઇ કસ નીકળે એવો પાક ન થવાથી સને ૧૭૧૨ની આસપાસમાં એ લોકોનાં સઘળાં કુટુંબો ત્યાંથી નીકળીને દક્ષિણ આફ્રિકામાં આવેલા કેપ કોલોનીમાં ચાલ્યાં ગયાં.

પછી આવ્યા ફ્રેંચો સને ૧૭૧૫માં. તેઓએ એ ટાપુનો રીતસરનો કબજો લીધા પછી તેનું નામ બદલાવીને 'આઇલ દ ફ્રાંસ' (Isle De France) રાખ્યું. ફ્રેંચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના હાથમાં એ મોરસના વેપારનું મોટું મથક થઇ પડયું અને ફ્રેંચોનો દરિયાઇ કાફલો પણ ત્યાં રહેવા લાગ્યો. હિંદમાંના ફ્રેંચ ગવર્નર ડુપ્લેને મદદ કરવા આવનાર લા બુર્દોને નામનો ફ્રેંચ સરદાર પણ આ ટાપુનો ગવર્નર હતો. એ રીતે લગભગ એક સૈકા સુધી એ દ્વીપ પર ફ્રેંચ વાવટો ઊડતો રહ્યો.

ઇ.સ. ૧૮૧૦માં પરિસ્થિતિ બદલાઇ. ફ્રાંસમાં થએલી રાજ્યક્રાંતિને પરિણામે નેપોલિયન બોનાપાર્ટ ફ્રાંસનો સર્વ સત્તાધીશ બન્યો એ સમયે ઇંગ્લંડને ફ્રાંસ સાથે વિગ્રહમાં ઊતરવું પડયું. અંગ્રેજોએ ફ્રેંચો પાસેથી એ ટાપુ ખૂંચવી લેવા ત્યાંથી ચારસોએક માઇલ પર આવેલા રોડ્રિગેઝ નામના દ્વીપમાં દરિયાઈ લશ્કર એકઠું કરવા માંડયું. ભારતવર્ષમાં એ સમયે લૉર્ડ મિન્ટો ગવર્નર જનરલના પદ પર હતો. તેણે પણ એક કાફલો ત્યાં મોકલ્યો. એ રીતે સિત્તેર વહાણોનું બનેલું નૌકાસૈન્ય આઇલ દ ફ્રાંસ પર ચઢી ગયું. ફ્રેંચ ગવર્નરને અંગ્રેજો તરફના હલ્લાની શક્યતા ન સમજાઇ. તે તો માનતો હતો કે સમગ્ર દ્વીપની આજુબાજુએ રહેલા પરવાળાંના ખડકોને લીધે દુશ્મનના લશ્કરને કિનારે ઊતરવું જરા પણ શકય ન હતું, પણ માત્ર ત્રણ જ કલાકમાં ફ્રેંચોના આશ્ચર્ય વચ્ચે દારૂગોળા સહિત દસ હજાર માણસો કિનારા પર ઊતરી આવ્યા. થોડી ઝપાઝપી થઇ; પરંતુ હુમલો કરનારાની સંખ્યા વિશેષ હોવાથી ફ્રેંચ ગવર્નરે યુદ્ધવિરામનો વાવટો ફરકાવ્યો અને એ રીતે ઇ.સ. ૧૮૧૦ના ડિસેમ્બરની ત્રીજી તારીખે એ આખો ટાપુ અંગ્રેજોને સ્વાધીન થયો. એ દ્વીપમાં અંગ્રેજી અમલની જમાવટ થઇ ગયા પછી 'આઇલ દ ફ્રાંસ'નું ફરી વાર નામ ફેરવાયું અને અગાઉની માફક મૉરિશ્યસના નામથી તે ઓળખાવા લાગ્યો.

અહીં એક વિશેષતા તો નોંધવી જ જોઇએ. એક સૈકા કરતાં વધુ વરસોથી મૉરિશ્યસ ટાપુ પર અંગ્રેજી અમલની બોલબાલા છે, છતાં હજુ આજે યે ત્યાં ફ્રેંચોની અનેક વિશેષતાઓ દૃષ્ટિગોચર થાય છે—ફ્રેંચ ભાષા તથા ફ્રેંચ કાયદો હજુ પણ ત્યાં એટલાં જ પ્રચલિત છે.

ઓગણીસમી સદીની શરૂઆતમાં હિંદી વસાહતનાં પગરણ ત્યાં થવા લાગ્યાં. ગીરમીટની પ્રથાથી સેંકડો મજૂરોને એ દરિયાઇ ટાપુમાં લઇ જવામાં આવતા. આજે એ દ્વીપની કુલ વસ્તીમાંના બે તૃતીયાંશ ભાગ જેટલા એટલે લગભગ પોણા ત્રણ લાખ તો હિંદીઓ જ છે. એની અર્ધોઅર્ધ જમીન, ત્યાં થએલાં મકાનોનો ત્રીજો ભાગ અને ઘણોખરો વેપાર પણ હિંદીઓના હાથમાં છે. સૌથી વિશેષ સંખ્યા હિંદુઓની હોવાથી જન્માષ્ટમી, રામનવમી આદિ તહેવારો રીતસર ત્યાં ઉજવાય છે, એટલું જ નહિ પણ ભાગવત તથા પુરાણની કથાઓ પણ થાય છે. આર્યસમાજે યે ત્યાં ઠીક ઠીક પગપેસારો કર્યો છે. એ ઉપરાંત મજૂરોને વટલાવીને ખ્રિસ્તી બનાવવાના પ્રયાસ પણ ચાલુ છે.

[સંકલિત] —ત્રિભુવન વીરજીભાઇ હેમાણી

પાસપોર્ટની પ્રથા

હિંદમાંથી ઇંગ્લૅંડ ગએલા મિ. મસાણીનો યુરોપમાં ફરવાનો પાસપોર્ટ ખૂંચવી લેવાયો તે હકીકત છાપાં વાંચનારાઓ જાણે છે. તે ઉપરથી પાસપોર્ટની પ્રથા સંબંધી થોડી માહિતી ઉપયોગી થઇ પડશે.

૧૯૧૮ના વિશ્વયુદ્ધથી આ પ્રથાની શરૂઆત થઇ. ત્યાર પહેલાં તુર્કસ્તાન અને રશિયા સિવાય ગમે તે દેશમાં પાસપોર્ટ વિના જઈ શકાતું. આ બંને દેશોના નિયમો પણ બહુ કડક નહોતા.

યુનાઇટેડ સ્ટેટસમાં સેક્રેટરી ઑફ સ્ટેટ પાસપોર્ટ કાઢી આપે છે. ૧૯૨૬ના ઑક્ટોબરની ૧ લી તારીખે પરદેશખાતાના અમેરિકન કોંસલોને અમુક શરતોએ, બહાર વસતા અમેરિકનોને પાસપોર્ટ આપવાની સત્તા આપવામાં આવી. યુનાઇટેડસ્ટેટસમાં પાસપોર્ટનું ખર્ચ નવ ડૉલર થાય છે. ૧૯૨૦ના જૂન પહેલાં બે ડૉલર થતું. પરદેશમાં મૃત્યુ પામેલ અમેરિકન સિપાહી કે ખલાસીની વિધવા, બાળક, માબાપ, ભાઈ કે બેનને જે દેશમાં તેની કબર હોય ત્યાં જવા દેવા માટે કાંઇપણ ફી લેવામાં આવતી નથી. અરજી ઉપર એક ડૉલરનો સ્ટાંપ સોને ચોડવો પડે છે.

પરંતુ હિંદ કે બીજા દેશોમાંથી અમેરિકા જનારને 'વીઝા' (Visa) લેવો પડે છે. બધા દેશોમાંથી અમેરિકન 'વીઝા'ની ફી દસ ડૉલર છે. કેટલાક દેશોએ યુનાઇટેડ સ્ટેટસ સાથે નક્કી કરી આ ફી તદ્દન માફ કરાવી છે, ત્યારે કેટલાકોએ તે ઓછી કરાવી છે; પણ ગ્રેટબ્રિટન હજુ પણ દસ ડૉલર લે છે.

યુનાઇટેડ સ્ટેટસનો પાસપોર્ટ બે વર્ષ સુધી ચાલે છે. પાંચ ડૉલરની ફી આપીને તે બે વર્ષ વધારે ચાલુ રાખી શકાય. સાથે મુસાફરી કરતા હોય ત્યારે આખા કુટુંબ માટે એક જ પાસપોર્ટ ચાલે. વિમાનોદ્વારા મુસાફરી કરનારાઓને પણ પાસપોર્ટની જરૂર પડે છે. —છોટાલાલ માનસિંગ કામદાર

નિર્દોષને માટે

આજથી સો વર્ષ પૂર્વેની આ હકીકત છે. રાધનપુરથી એક ગાઉ દૂર 'ખટાવડ' ગામ આવેલું છે. આ ગામમાં આયરોની વસ્તી સારી જેવી હતી પહેલાં વઢિયાર અને ગુજરાતનાં અનેક ગામડાંમાં આયરો રહેતા હતા. હાલ તેમની વસ્તી ગુજરાતમાં જોવામાં આવતી નથી. ગામડાંમાં ગોકળઆઠમ, ઝાયણુ (બેસતું વર્ષ) વગેરે વારતહેવારોએ ગામની સ્ત્રીઓ સારાં સારાં કપડાં પહેરી ઉમંગથી ભેળી મળી ઢોલે રમે છે ને ગાય છે. પુરુષો પણ નવાં સારાં કપડાં પહેરી મહાદેવ, માતા કે ધર્મશાળામાં ભેગા મળી બેસે છે ત્યાં આગળ અમલ-કસુંબા નીકળે છે ને રાવણામાં પતાસાં, ખારેક વગેરે વહેંચાય છે. આવી રીતે ગામડાંમાં સારા સારા તહેવારો ઉજવવામાં આવે છે. એ મુજબ ખટાવડમાં એક વખત ગોકળઆઠમને દિવસે આયરોની કન્યાઓ અને સ્ત્રીઓ ભેગી મળી ઉત્સાહથી ઢોલે રમતી હતી. થાક લાગવા માંડ્યો તેમ તેમ કેટલીક સ્ત્રીઓ બેસી જવા લાગી પરંતુ કેટલીક યુવાન કન્યાઓ મોડી રાત સુધી ઢોલે રમી રહી. ઢોલી પણ હોશિયાર તેમજ આનંદી હતો. તેને ઢોલ ચડાવી વગાડવામાં આનંદ આવતો હતો. કન્યાઓના આવા ઉમંગથી તે પણ શ્રમને નહિ ગણકારતાં આ કન્યાઓને વધુ ઉત્સાહિત કરવા ખૂબ ચાલાકીથી ઢોલ વગાડતો હતો આ બાજુ ઘરડાઓ અને જુવાનો રાવણામાંથી ઊઠયા ને અંદરોઅંદર કહેવા લાગ્યા, "અલ્યા, રાત તો ખૂબ ગઇ છે. સૌ સૌના ઘેર ગયું છે પણ આપણી છોડીઓ કેમ ઘરે વળતી નથી?" આથી કેટલાક જુવાનિયાઓએ ઢોલ બંધ કરવા હુકમ કર્યો પરંતુ કન્યાઓના ઢોલે રમવાના અખંડ ઉત્સાહથી લોભાઇ ઢોલીએ તેમનું કહ્યું માન્યું નહિ અને વધુ જોરથી ઢોલ વગાડવા મંડયો. આમ મામલો જોતાં જુવાનિયાઓએ કુશંકા કરી કે નક્કી આ કન્યાઓ આડે રસ્તે ઊતરી છે ને તેથી જ આપણાં વચનોને ગણકારતી નથી. એ કુશંકાથી ઉશ્કેરાઈ જઇ એક જુવાન આયરે ઢોલીને પોતાની તલવારથી ઠાર કર્યો. નિર્દોષ ઢોલી ઢળી પડતાં આયર કન્યાઓ વીફરી અને નિર્દોષ ઢોલી ઉપરના અત્યાચારનો બદલો લેવા ઢોલીની પાછળ તેમણે પણ આત્મ બલિદાન આપ્યાં.

છ આયર કન્યાઓ અને સાતમા ઢોલીનો પાળિયો આજ પણ ખટાવડના પાદરમાં આ બલિદાનની યાદ પુકારતો ઊભો છે. —ક. ભા. દવે

સ્કૅાનસ્ટનનું ગ્રામ્યવિદ્યાલય

એની સ્થાપનાને હજી ત્રણ જ વર્ષ થયાં છે, ત્યાં તો એની પ્રગતિએ ઇંગ્લૅંડ અને બહારના અન્યદેશોના શિક્ષણશાસ્ત્રીઓ, નાણાંશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓનું લક્ષ્ય એટલે દરજ્જે ખેંચ્યું છે કે એમને આ સંસ્થાની મુલાકાત લીધા વિના ચેન નથી પડતું. કૅમ્બ્રિજશાયર શિક્ષણ સમિતિના કેટલાક સભ્યોએ કાર્નેગી ટ્રસ્ટ ફંડની મહામૂલી સહાયથી આ સંસ્થા સ્થાપી અને જ્યારે એ અખતરો સફળ પુરવાર થયો ત્યારે ખુદ અમેરિકાની સરકારે પોતાના દેશમાં એ પ્રકારની શિક્ષણસંસ્થા સ્થાપવા ૫,૦૦૦,૦૦૦ ડૉલરની મોટી રકમ મંજૂર કરી.

વાસ્તવિક રીતે શહેરી જીવન કરતાં શહેરીજીવનનો ઊભરો વધારે શોષક હોઇ ગામડાંઓનું એ ઊભરા તરફનું વલણ અટકાવવાના આશયથી આ સંસ્થા સ્થાપવામાં આવી છે. એણે ગામડીઆઓને શહેર તરફ ધસડાઇ જતાં અને એકવાર ધસડાએલાઓને નિરાશા મળતાં, ગામડાઓમાં પાછા ધકેલાતાં અટકાવ્યા છે. આ સંસ્થાસ્થાપક મિ. હેન્રી મૉરિસે, એક જ કાર્યકરસમિતિમાં ગ્રામ્યજનોના સાંસ્કારિક, સામાજિક અને આર્થિક લાભોની સાચવણી જોડાય એ જાતનું સંશોધન કર્યું ગામડાઓને એકત્ર કરવા માટે આધુનિક લાવજાવ-modern transportation-ની સગવડને એણે ઘણીજ અગત્ય આપી છે અને આમ કરીને એણે પુરવાર કર્યું છે, કે જ્યારે એક અટુલા ગામની વસતી સામાજિક અને આર્થિક ઊણપોને અંગે પોતાની ઉમેદ બર લાવી શકતી નથી ત્યારે ગામડાંઓનો એક સમૂહ, સંપૂર્ણ સંતોષકારક એકમ તરીકે પુરવાર થઇ શકે.

ઔદ્યોગિક જમાનામાં શહેરોની મહત્તા વધવા પામી હોય એ બનવાજોગ છે. પરંતુ યંત્રોએ જ્યારે કામ કરવાના વખતનો બચાવ કર્યો છે એવા આ ફુરસદના જમાનામાં

શહેરની વસતી સંસ્કાર અને તાજગી માટે ગામડાઓમાં આવશે જ ને એ માટે ગ્રામોદ્ધારની જરૂરીઆત પણ રહેશે જ.

સ્વૉનસ્ટન ગ્રામ્યવિદ્યાલયમાં બાળકને અગિયાર વર્ષની વયથી શિક્ષણ આપવામાં આવે છે. બીજી શિક્ષણ સંસ્થાઓમાં આપવામાં આવે છે એવા ઇતિહાસ, ભૂગોળ અને સાહિત્યના શિક્ષણ ઉપરાંત, ફક્કડ પણ સંપૂર્ણ ગોઠવાએલા યંત્રઘર અગર તો રસાયણશાળામાં, એના સ્વહસ્તે જ કામ કરવાની તક આપવામાં આવે છે. સુતારી, વણાટ, ભરત, સ્લોઇ, બાગાયત અને લલચાત્રે એવા બીજા થોકબંધ વિષયો અભ્યાસક્રમમાં ઉમેરવામાં આવે છે. ઇંગ્લૅંડ જેવા દેશમાં જ્યાં સામાન્ય બાળકને તેની સામાજિક અને આર્થિક સ્થિતિ ૧૪વર્ષે જેટલી અલ્પવયમાં જીવનનિર્વાહ માટે, વ્યહવારૂ જગતમાં ધકેલે છે, તે ઉમ્મરે પણ આ શાળામાં શરૂઆતથી શિક્ષણ પામેલો બાળક એટલો તો એકરત થયો હોય છે કે પોતાનું શિક્ષણ છોડી દેવાને બદલે તે આ જ સંસ્થાની રાત્રિશાળામાં પોતાનો અભ્યાસ જારી રાખે છે. પુખ્તવયનાંઓ માટે પણ સાયં વ્યાખ્યાનો અને ચર્ચા ઉપરાંત સ્પૉર્ટસ્ ક્લબ, નૃત્ય, સંગીત, નાટક અને મોટા મનોહર પુસ્તકાલયની સગવડ છે.

શાકભાજી

* * * આપણા દરરોજના ઉપયોગમાં આવતી શાકભાજીની કેટલીક જાતોનું અત્રે ઉતારેલું આ ગુણદર્શન ખ્યાલમાં રાખવા જેવું જ છે.

લીંબુ: પાચક, પિત્તશામક, કૃમિશામક, લોહીની શુદ્ધિ કરનાર.

શેરડી: દાંત અને પેઢાં મજબૂત કરનાર, લોહી સુધારનાર, રોજ સવારે એક સાંઠો ખાવાથી દૂઝતા હરસ પર ફાયદો કરે છે.

મૂળા: લોહીવિકાર ઉપર વાપરવા યોગ્ય.

ગાજર: (લોહતત્ત્વ.) પુષ્ટિદાયક; બરોળ પર ખાવાલાયક.

લસણ: (આયોડીન તત્ત્વ.) વા ને ક્ષય પર ખાવાલાયક.

ડુંગળી: (લોહ તત્ત્વ) પુષ્ટિકારક; લૂ લાગી હોય તો તેનો રસ પીવો જોઇએ.

સુરણ: કાળજાના રોગ ઉપર વાપરવા લાયક.

બટેટા: સખ્ત મજૂરી કરનાર માટે વાપરવાના.

રતાળુ (સકરીઆ): સખ્ત મજૂરી કરનાર માટે વાપરવાના.

સરગવો: યકૃતને ઉત્તેજક; આંખનું તેજ વધારનાર.

કોબીજ: દાંત અને પેઢાં મજબૂત કરે છે ને લોહી સુધારે છે.

તાંદળજાની ભાજી: યકૃતને ઉત્તેજક.

મેથીની ભાજી: વાયુહારક, પાચક.

ભીંડા: પ્રમેહ અને નબળાઇવાળાએ ખાવાલાયક.

રીંગણાં: પાચક, સારક અને ઉષ્ણ.

કાકડી: મૂત્રવિકાર ઉપર ઉપયોગી.

મોગરી: લોહીવિકાર ઉપર.

દૂધી: હળવું શાક, માંદાને લાયક.

(ગ્રામ પુનર્ઘટના પ્રદર્શન, જેસંગપરા ની પરિચય પત્રિકા પરથી)

અથાણું

એક પ્રેક્ષક: શું પ્રોફેસરે ગાએલું આ ગાયન સરસ નથી?

બીજો: પણ એમના ગાવા પહેલાં એ વધુ સરસ હતું.

ઙ

ટ્રેનમાં નવો જ ચડેલો મુસાફર હજી શાંત નહોતો બેઠો. આમ ને તેમ તે ઉછળી રહ્યો હતો.

એક ગંભીર દેખાતા માણસથી છેવટે ન રહેવાયું. તેણે પૂછ્યું, 'ભાઇ, તમને કંઇક દર્દ થતું લાગે છે!'

પેલા મુસાફરે જવાબ આપ્યા સિવાય પોતાની ક્રિયા ચાલુ રાખી.

'કદાચ કંઇ માનસિક દુ:ખ હશે. તમારો અંતરાત્મા કશાથી દુભાએલો હશે.'

'છે જ.' પેલા મુસાફરે આખરે જવાબ આપ્યો, 'મેં આજે સવારે દસ રૂપિયાની કીમતે ખીસાનું ઘડિયાળ લીધું છે, ને હું શાંત બેસી રહું છું તો એ યે શાંત પડી જાય છે.'

ઙ

ઘરફાડુ: અને તમને આટલું બધું હસવું કેમ આવે છે?

ઘરધણી: કારણકે દિવસના અજવાળામાં યે હું જ્યાં પૈસા શોધી શકતો નથી ત્યાં તું રાતે શોધવા આવ્યો છે!

ઙ

દર્દી: દાક્તર, હું તમારા ઉપકારનો બદલો કેવી રીતે વાળી શકીશ?

દાક્તર: ચેક, મની ઑર્ડર કે પોસ્ટલ ઑર્ડર ગમે તે ચાલશે!

ઙ

એક ઇન્સપેક્ટર સાહેબ પૂરદમામથી એક વર્ગમાં ઘુસી જઇ વર્ગશિક્ષકને ઉધડો જ લેવા મંડે છે: 'તમારા વિદ્યાર્થીઓમાં અવલોકન શક્તિ તો છે જ નહિ; ને જુઓ તમારી રૂબરૂ જ હું એ સાબીત કરી શકું છું.'

'છોકરાઓ તમારામાંથી એક જણ એકાદી સંખ્યા બોલો જોઇએ!'

એક વિદ્યાર્થી (ઉતાવળથી): 'પાંત્રીસ'

અને ઇન્સ્પેક્ટર પાટિયા પર લખે છે '૫૩.'

'બીજો કોઇ હુશિયાર છોકરો બીજી સંખ્યા બોલે!'

બીજો વિદ્યાર્થી (અધીરાઇથી): 'બાવન.'

અને ઇન્સ્પેક્ટર લખે છે. '૨૫' એટલામાં એક ખૂણામાં ક્યારના સળવળી રહેલા નાના જયન્ત તરફ તેમની નજર જાય છે.

'હવે છોકરા, તું એક રકમ બોલ.' તેમણે કહ્યું.

'નવ્વાણુ; હવે તમે આંકડાઓને બદલાવી આપો તો ખરા!'

ઙ

ગોવર્ધન: દાક્તરે મને કહેલું કે છ મહિનામાં તો હું તમને પગભર કરી દઇશ.

રણછોડ: અને તે તેમ કરી શક્યા?

ગોવર્ધન: ચોક્કસ. તેમનું બિલ ચૂકવવા મારે ગાડી વેચી નાખવી પડી!

વિકસતું વિજ્ઞાન

કાચની પ્રવાહી અવસ્થામાં જ તેમાંથી આપણા વાળથી યે વીસમા ભાગના તાંતણા કાઢી શકાય છે એ કદાચ તમે વાંચ્યું હશે, પણ હાલ એ તાંતણાનો ઉપયોગ પોશાકીમાં યે થવા લાગ્યો છે એથી કદાચ તમે બેખબર હશો. ન્યૂ યૉર્કમાં તો તેમાંથી બનાવેલી ચંપલો ને હૅટો યે વેચાવા લાગી છે. હવે એમાંથી કાપડ બનાવવાના પ્રયોગો ચાલે છે એ સફળ થશે તો બધી જીવાતોથી સુરક્ષિત રહે એવું કાપડ આપણુને મળશે.

હાલ જે અસાધ્ય ગણાય છે, ને જે રોગ વડે આપણા દેશમાં જ પચાસ લાખ ઉપરાંત માણસો પિડાય છે એ ક્ષયની ચિકિત્સાનો એક નવો અખતરો લગભગ સફળ થવાની અણી પર આવ્યો છે. એ ચિકિત્સા થોરૅકોપ્લાસ્ટી કહેવાય છે. લગભગ દસ પાંસળીઓના જુદાજુદા ભાગો પર એમાં ઓપરેશન કરવામાં આવે છે જે 'ઍડમ ઍન્ડ ઈવ ઓપરેશન' ને નામે ઓળખાય છે. ૩૫ થી ૪૦ ટકા પર એ ચિકિત્સા સફળ નીવડી છે ને ભવિષ્યમાં વધુ સફળ નીવડવાની આશા રખાય છે.

લાકડાને અગ્નિથી અભેદ્ય રાખી શકે એવું રસાયણ હવે શોધી શકાયું છે. એથી લાકડા પરનો દરેકે દરેક કોષ અમુક ગૅસ છોડી, આગ બુઝાવવાનું કાર્ય કરશે. એ રસાયણ લાકડાની આખી જિંદગી સુધી ચાલશે ને એથી તેના ગુણોમાં જરા ય ફેર પડશે નહિ. ઉપર રંગ કે વાર્નિશ પણ આપી શકાશે, માત્ર વજનમાં સહેજ સાજ વધારો થશે.

દુનિયાના એકરંગી પ્રકાશોમાં સૌથી બળવાન પ્રકાશ અમેરિકાની જનરલ ઇલેક્ટ્રિક કંપનીએ શોધી કાઢ્યો છે. યંત્રમાંથી ફૂટતાં તેનાં કિરણોને પારાની વરાળમાંથી પસાર કરવામાં આવે છે જેથી અમુક લંબાઈનાં જ અલ્ટ્રા વાયોલેટ કિરણો મેળવી શકાય છે. આ કિરણો હાડકાંની બીમારીઓ માટે સારાંમાં સારાં ગણાયાં છે ને હવે ખોરાકની તપાસણી માટે પણ તેમનો ઉપયોગ થવા લાગ્યો છે. આ પ્રકાશયંત્રને મોનોક્રૉમૅટર નામે અપાયું છે.

રસાયણશાસ્ત્રની છેલ્લી ઔદ્યોગિક પ્રગતિ બૂટપાલીશ અને રબરની બનાવટોમાંથી ગંધ દૂર કરવાની લેખી શકાય. ફ્રેન્ચ રસાયણશાસ્ત્રીઓ બેન્ઝીનનાં મિશ્રણો, બલ્ગેરિયન તેલ અને ગાયનાગાં થતી ટોંકાની શીંગોના બીથી ગ્લ્યૂ અને ગ્રીઝ વગેરેને ગુલાબના અત્તર જેવી સુગંધ આપતા બનાવી શક્યા છે. અમેરિકન રસાયણશાસ્ત્રીઓ તો ચામડાંને પણ સુગંધી બનાવવાના અખતરા કરી રહ્યા છે.

કૅલિફૉર્નિયા યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્રીઓને એક ખડકનું ખોદાણ કરતાં તેમાં સંઘરાએલા અવશેષોની આસપાસ ચાર મોતી મળી આવ્યાં છે, જે ઘણી તપાસ બાદ સાચાં હોવાનું જણાયું છે. તેમના મત પ્રમાણે આજની કાલુ માછલીના જ કોઈ પ્રાગૈતિહાસિક પૂર્વજથી તે બનાવાએલાં હોવાં જોઇએ. એક ઇંચના $\frac{૩}{૧૬}$થી તે $\frac{૫}{૧૬}$ કદના એ મોતીઓ હજુ ચળકાટ જાળવી શક્યાં છે.

લીલો મેવો

ઇલેક્ટ્રિક ટ્રેનની વધુમાં વધુ ઝડપ કલાકના ૯૩ માઇલની નોંધાણી છે જે પૅરિસ-ઓર્લીઅન્સ એક્સપ્રેસે કરેલી.

*

કાળા રંગ કરતાં સફેદ રંગ વધુ ઠંડો રહે છે, કારણ તે પ્રકાશના ૮૫ ટકા પાછું પુનરાવર્તન કહે છે, જ્યારે કાળો રંગ માત્ર ૩ ટકા.

*

ખ્રિસ્તી ધર્મ પુસ્તક બાઇબલ કુલ ૭૦૫ ભાષામાં છપાએલું છે. ગયે વર્ષે તેર નવી ભાષામાં તે બહાર પાડવામાં આવેલું. એ સઘળીમાંથી ૨૫૮ તો ફક્ત આફ્રિકાની જ ભાષાઓ છે.

*

દુનિયા પરનો તેલ અને કોલસાનો જથ્થો ખલાસ થઇ જવા આવે ત્યારે જ્યાં કલાકે પચાસ માઇલના પવનના ઝપાટા લાગે છે એ દક્ખણધ્રુવ પર પવનચક્કીઓ ઊભી કરી વિદ્યુત્‌શક્તિ મેળવવાનો વિજ્ઞાનીઓ વિચાર કરે છે.

*

વનસ્પતિશાસ્ત્રીઓના કહેવા મુજબ વનસ્પતિજગતની ૫૦,૦૦૦ ઉપરાંત વિવિધ જાતો છે.

*

માખી અને કેટલાંક જંતુઓ બીલકુલ સાંભળી શકતાં નથી. ઉત્ક્રાન્તિના ક્રમમાં પ્રાણીઓની શ્રવણેન્દ્રિયનો વિકાસ થયો તે પહેલાં એ જાતો હસ્તીમાં આવવાથી તેમ બન્યું છે.

*

દુનિયામાં સપાટ પ્રદેશોમાં વસનારાઓ કરતાં પહાડી પ્રદેશોમાં વસનારાઓના લોહીમાં લાલકણોનું પ્રમાણ સાડાસાતથી વીસ ટકા વધારે હોય છે.

*

હાલમાં જ એ સાબીત થયું છે કે પ્રકાશ અને ગરમીનાં કિરણોમાં સામ્ય છે ને બંનેની ખાસિયત પણ લગભગ સરખી છે.

*

બંધ બારીઓના કાચમાંથી આવતા પ્રકાશમાં જંતુનાશક શક્તિ નથી રહેતી! એમ ડૉ. જોન રાઇટ કહે છે; કારણ કાચમાંથી અલ્ટ્રા વાયૉલેટ કિરણો પસાર થઇ શકતાં નથી.

*

દૂધમાંથી નીપજતા લૅનિટાલમાંથી હવે સરસ કાપડ બનાવી શકાયું છે, જેના ચૌદ વારના ટકડાનું વજન સાત રતલ થાય છે.

*

દરિયા કિનારાના પ્રદેશોમાં વીજળી પડવાનો ભય ઓછામાં ઓછો રહે છે.

*

કાળા કરતાં લીલો રંગ આંખને બહુ ઓછી ખેંચે છે એટલે અમેરિકામાં હવે લીલા કાચનાં પાટિયાં ને પીળા ચાકનો ઉપયોગ થવા લાગ્યો છે.

*

પ્રકાશનાં કિરણો કરતાં યે વૈશ્વ કિરણો (Cosmic rays) ની ગતિ વધુ હોવાનું સાબીત થયું છે.

*

લાકડાના વહેરમાંથી સોંઘામાં સોંઘું પ્લાસ્ટિક બનાવવાની શોધ સફળ થઇ છે.

સંત કબીર એક વખત ગંગા નદીને કિનારે પોતાનું પાત્ર ધોઈ રહ્યા હતા, ત્યાં કેટલાક બ્રાહ્મણો આવી ખોબે ખોબે પાણી પીવા લાગ્યા. આથી કબીરે પોતાનું પાત્ર તેમને આપવા હાથ લંબાવ્યો ત્યાં તો બ્રાહ્મણો બોલી ઊઠયા, 'અરે તું તો મુસલમાન! અમને બધાને ભ્રષ્ટ કરવા ધાર્યા છે કે શું ?!' કબીરે જવાબ આપ્યો, 'ભાઇઓ, જો ગંગાજીના પવિત્ર પાણીથી આ મારૂં પાત્ર પણ પવિત્ર થઇ શકતું ન હોય તો તમારાં પાપ એ પાણીથી ધોવાય છે એ કેમ મનાય?' ખુલાસો આપવાને અશક્ત બ્રાહ્મણો આ સાંભળી રોષના ઊભરા કાઢતા ચાલતા થયા.

અનેકાર્થી શબ્દ: **સાલ**=એક વૃક્ષ; વર્ષ; પાકની મોસમ; વર્ષાસન; વીંધમાં બેસે તેવો છેડો, બંધ બેસતો સાંધો; નડતર; ગિલ્લીદંડાની એક રમત.

કહેવતોના અર્થ: ખોદે ઊંદર ને ભોગવે ભોરિંગ. એકની મહેનત ને લાભ બીજો લઈ જાય ત્યારે આ કહેવત વપરાય છે. કાઠિયાવાડમાં એને લગતી એક બીજી કહેવત પ્રચલિત છે, 'રળે રામપરૂં ને ખાય ખોડુ' આ રામપરૂં ને ખોડુ બંને વઢવાણ રાજ્યનાં ગામ છે. ખોડુમાં પહેલા મોટું થાણું રખાતું હતું. તેના પાછળ રામપરાની બધી ઊપજ ખર્ચાઇ જતી હોવાથી એ કહેવત બની છે. એને મળતી બીજી કહેવતો 'કીડી સંચે ને તીતર ખાય,' 'રામનું સપનું ભરતને ફાવ્યું,' વગેરે

હાથ પરની ચિકાશ ધોવા સાબુ સાથે થોડી ખાંડ વાપરી જોજો; બધી ચિકાશ એથી નીકળી જશે ને હાથ મુલાયમ બનશે.

હિંદમાં પહેલું પ્રથમ છપાઇને બહાર પડેલું પુસ્તક કાલિદાસનું ઋતુસંહાર હતું.

સૃષ્ટિનાં મજબૂતમાં મજબૂત અને મોટાંમાં મોટાં બધાં પ્રાણીઓ ફલાહારી છે-માંસાહારી નથી: હાથી, ગોરીલા, જિરાફ, હીપોપોટૅમસ, ગેંડો, જળભેંશ વગેરે



ગયા માસમાં પ્રથમ બહાર પડેલી શહેનશાહ આઠમા એડવર્ડની છાપવાળી ઇંગ્લૅંડની ટિકિટ. એની ખાસ વિશેષતા તો એ છે કે દેશનું નામ એના પર અંકાએલું નથી.


હિંદી મજૂરજનોની સરેરાશ રોજીમાં સુતાર રૂ ૧, કડિયો ૧) સંચાનો કારીગર ૦ાા= મજુર ૦ાા– શિક્ષક ૦ા અને કારકૂન ૦ા મેળવે છે. અને છતાં આપણા 'ભણેલા' યુવકો ધંધાદારી કે કારીગર થવા કરતાં શિક્ષક કે કારકૂન બનવા ઇચ્છે છે!

૧૯૩૪-૩૫ની સાલમાં બિસ્કુટ, કેક ને બીજાં પેટંટ ભોજનો મળી રૂપિયા ૨,૮૯,૨૦,૦૦૦નાં ખાદ્ય પદાર્થો આપણે વિદેશોથી મગાવેલા, પણ તે ઓછા પડ્યા હોય તેમ આ સાલ એથી યે સાડા અઢાર લાખના અધિક ખાદ્યો આપણે આયાત કર્યાં છે!

ડુંગરાળ પ્રદેશોના વાસીઓનાં નાક સાંકડાં હોય છે, જ્યારે નીચાણવાળા પ્રદેશમાં રહેનારાઓનાં પહોળાં હોય છે.

એક જ છલંગે કાંગારૂ સીતેર ફૂટની ફાળ ભરી શકે છે!

દાંત સાફ કરવાના બ્રશને દરરોજ થોડો વખત મીઠાના પાણીમાં રાખવું ન ભૂલતા.



FOLDING SUN SHELTER

પવન, તાપ કે વરસાદથી બચવા સારૂ આવું આશ્રયસ્થાન તમે સહેલાઇથી બનાવી શકો. ઘણોખરો ખર્ચ માત્ર કાપડનો જ થાય બાકી લોખંડના સળીઆ અને સ્ક્રૂઓથી કામ પતી શકે.

જર્મનીનો એક હજામ આખી જિંદગી સુધી નવરાજાઓની હજામત મફત કરી આપતો હતો.

ચોમાસાની હવાથી ફૂલી જઇને સજ્જડ ચોંટી જતાં બારીબારણાંને એવી જગ્યાએ મીણબત્તી ઘસજો; ફેર માલૂમ પડશે.

મુદ્દલ ન તરી શકતું હોય એવું જાનવર માત્ર ઊંટ જ છે.

ઘોડા કરતાં ગાયની યાદદાસ્ત વધુ હોય છે.

વિમાનીઓ ભડકે નહિ માટે શાંઘાઈમાં પતંગ ઉડાડવાની મનાઇ કરવામાં આવી છે.

ગમે તેવા જૂના લખાણ પર ઍમોનિયમ સલ્ફાઇડ લગાડતાં તે સહેલાઇથી ઉકેલી શકાય છે.

ફ્રાન્સમાંના માદામ જોસફ મોતીને ૧૩૦૦ ભત્રીજા ને ભત્રીજીઓ છે.

મોંમાંથી છૂટતી બદબો દૂર કરવા કોગળા કરતી વખતે પાણીમાં એક લીંબુ નિચોવવાથી ફાયદો થશે.

જુદાંજુદાં દૂધનું રસાયણ

દૂધ	પાણી	પ્રોટીન	ચરબી	કાર્બોહાઇડ્રેટ્સ	શેષ
સ્ત્રીનું	૮૯·૯૫	૧·૩૦	૨·૫૦	૬·૦૦	૦·૨૫
ગાયનું	૮૭·૩૦	૩ ૨૦	૩·૫૦	૫·૨૦	૦·૮૦
બકરીનું	૮૭ ૮૦	૪·૦૦	૪·૫૦	૪·૦૦	૦·૫૦